શ્રી.

અમૃતનો ઝરો

અથવા

ખુબીનો ખજાનો

કર્તા

ભાવસાર જીવરામ બળદેવદાસ કાપડવાળા

મુ૦-પીલોજ.

કીંમત રૂ. ૦—૬—૦

શ્રી.

અમૃતનો ઝરો

અથવા

ખુબીનો ખજાનો

બનાવનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

ભાવસાર જીવરામ બળદેવદાસ કાપડવાળા.

પારસમણી, અમૃત વચન, કુન્દનગણી, આત્મના મહીનાના કર્તા.

મુકામ—ધીણોજ.

અમદાવાદ.

ટંકશાળમાં ધી અમદાવાદ યૂનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં
મોતીલાલ શામળદાસે છાપી.

સંવત ૧૯૭૧ ઇ. સ. ૧૯૧૫

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

રૂ. કીંમત ૦—૬—૦

૨. ભલા શ્રી ભગવાનની ઉતારે ને ઉર

શ્રી રામ.

(૩) સૌ નામ શ્રી રામનુ [illegible] ભજો [illegible]



અનંતકોટી બ્રહ્માંડનો નાથ

૪. રાખે રામ [illegible]

જાય જન્મની આપદા, રહે નામનું નૂર. ૧

અર્પણ પત્રિકા.

રા. રા. મહારા વહાલા મિત્ર મોંઘા
લાલજીભાઈ વખારશીભાઈ. મુકામ-ધીણુજ

આપ તુરણમાં મારા નહાનપણના સ્નેહી હોવાથી તેમજ જે જે રચના હોય તે તે તમામ બીના મારા જાણવામાં હોવાથી તેમ આત્મજ્ઞાન તો આપને આવીકજ વહાલું છે એથી હું લઘુ બાત તરફથી પ્રગટ થતું નવિન પુસ્તક નામે " **અમૃતનો ઝરો** " આપના પુન્યશાળી હસ્તકમળમાં ઘણા હર્ષ સાથે અર્પણ કરવામાં આવ્યું છે.તે આપ કદરદાન ખાતરીથી સ્વીકાર કરશો. એજ વિનંતી. તા. ૧૬-૧૦-૧૪

દોહરો.

પુસ્તકના પ્રેમી સદા, ખરી વિદ્યાના જાણ.
પરમારથના કારણે, સેના આપણી લહાણ.

મુ૦ ધીણુજ. | લી૦ આપનો ગુનેગાર,

દિવાળી.સં.૧૯૭૦ | ભાવસાર જીવરામ બળદેવદાસ.



રા. રા. શ્રીયુત [illegible] ભાઈ,
[illegible] મુ. આહો.

ગુજરાતનું ઝવેરાત.

છપ્પા.

કુળે તો હળસીંગ છે, વસ્યો તે ખારા ગામ;
વખાણ કરૂં શું એહનાં, કીર્તિ ઠામો ઠામ.
મહીપત સમ મોજે માણતો, દેવાંશી સરખો દેહ;
કામધેનું ને કલ્પવૃક્ષ, જાણે અષાડો મેહ;
જાણે અષાઢો મેહ, રીઝીયે જેવો રાજા.
ગુણ અગણિત અગાધ, તોડે નહીં કોઈએ માજા. ૧
શાન્તિ સાગર જેટલી, ધીરજે ધર્મ-સમાન,
ભોળપણે મહાદેવ છે, જરા નહિ અભિમાન.
ટેક તનથી તજે નહી, બોલ્યું પાળે વેણ,
સુખ દેવાનું છે સર્વને, નિર્મળ જેનાં નેણ.
નિર્મળ જેનાં નેણ, વાસ વાસવ પતિ જેવો,
રૂપે તો બીજો કામ, અવનીમાં અવર નહી એવો, ૨
સુખી મત્તાદાર છે, મહાલ પંચાયત તેહ,
અધ્યક્ષનું માન અતી ઘણું, મધ્યસ્થપંચ પણ એહ.
પ્રાંતપંચાયત પોતે થયા, ઘેર વેપાર ભરપૂર,
ખેતી પણ ખાસી કરે, બળીયા છે બહાદુર.
બળીયા છે બહાદુર, બીજો કોઈ ન મળે જોડો,
ભડ છે ભૂપ સમાન, જીવાએ જશ કહ્યો થોડો. ૩

દુહો.

હળસીંગ દુનિયાં પ્રગટયો, જેવો ઈંદુ આકાશ,
ભલપણ ભાણ સમાન છે, બરાસ બરાબર વાસ.

શ્રી

અમૃતનો ઝરો

અથવા

ખુબીનો ખજાનો.

(રાગ) વૈદર્ભિનો.

કરો પાન અમૃત તણું, હૃદય શીતળ થાય;
ભાવટ ભાગે ભવ તણી, આવાગમન મીટ જાય. કરો. ૧

દરશન થાય દેદારનાં, આતમ ભાળો ઉર;
જ્યાં જોશો ત્યાં દેખશો, ભરી રહ્યો ભરપુર. કરો. ૨

અણું ઠામ ઠાલો નહી, સચરાચરમાં વાસ;
ફાંફાં તો ફીટી જશે, પ્રીતમ પોતાની પાસ. કરો. ૩

શિષ્ય ગુરુ સંવાદમાં, વરસે અમૃત ધાર;
જોતીમાં જોતી મળે, પળમાં ઉતરો પાર. કરો. ૪

શિષ્ય ગુરૂ સંવાદ.

શિષ્ય—હે, ગુરૂદેવ સત્ય ધર્મ કીયો સમજવો ?

ગુરૂ—નિતીએ ચાલવું તે.

શિષ્ય—જુદા જુદા સંપ્રદાય તેને ધર્મ માનવો કે નહી ?

ગુરૂ—સદ્દવર્તન એજ ધર્મ છે. સંપ્રદાય કંઈ ધર્મ નથી. (નકલીઆત ધર્મ માટે સમજવું.)

શિષ્ય—સદ્દવર્તન કોને કહેવું ? ને સાચું તપ કીયું ?

ગુરૂ—શિયળ, સંતોષ, સત્ય વાક્ય, પરધનનો ત્યાગ, ને પારકી નિંદા નહી કરવી તે.

શિષ્ય—બાકીનાં તપ કેવાં સમજવાં ?

ગુરૂ—મુડાઓ પોતાના શરીરમાં સોયા ભોંકે છે તેવાં.

શિષ્ય—તેવાં મિથ્યા તપ લોકો શું કરવા કરતા હશે ? તેથી કંઈ ફાયદો ખરો ?

ગુરૂ—જગતમાં મોટાઈ બતાવવાને લોકો પુજે તે ફાયદો સમજવો.

શિષ્ય—એમ કરવાથી ઉલટું શરીર તો કૃષ્ય થાય છે ?

ગુરૂ—તેના બદલામાં કોઈ દીવસે, ધન લુટવાનો વારો આવી જાય છે.

શિષ્ય—ખળ કોને કહેવો ?

ગુરૂ—વાતનો નિર્ણય કર્યા વિના કોઇના માથે ખોટો આરોપ મુકનારને.

શિષ્ય—કલ્પ વૃક્ષ કોને કહેવાય ?

ગુરૂ—ઇચ્છીત ફળ આપે તેને.

શિષ્ય—મોક્ષ કોને સમજવો ?

ગુરૂ—વાસના રહીત થાય તેને.

શિષ્ય—ભક્તિ કોને કહેવી ?

ગુરૂ—સરવે આત્મા એક સ્વરૂપ છે. એવું સમજી સરવેના ઉપર દયા

ભાવ રાખી તેમના પર પડતી આફતમાં આપનાથી બનતી મહેનતે મદદગાર થાવું તેને એકલા રામનામના રાગડા તાણવા તે કંઈ ખરી ભક્તિ કહેવાય નહી.

શિષ્ય—ત્યારે તે ભક્તિ કેવી સમજવી ?

ગુરૂ—મીઠું ને ઘ્રત વગરનું ભોજન હોય તેવી.

શિષ્ય—રામના નામે તો ગુણકા ઉધરી છે. તો તેવી ભક્તિ મીઠા વગરની કેમ કહેવાય ?

ગુરૂ—તેના અંદર પ્રેમ હોય તો સાચી. તે વિનાની જે દેખાદેખી ભક્તિ કરી ડોળ બતાવે છે ને અંદરખાને સાફ અંધારૂં હોય છે. તેના માટે એમ કહેવામાં આવ્યું છે.

શિષ્ય—ઉત્તમમાં ઉત્તમ જન્મ કીયો સમજવો ?

ગુરૂ—મનુષ્યાવતાર.

શિષ્ય—એનું કારણ શું ?

ગુરૂ—પોતાના આત્માને ઓળખવાનું જ્ઞાન થાય છે તે. બીજા અન્ય જન્મે તેમ થતું નથી.

શિષ્ય—મનુષ્યાજન્મ મળ્યો છતાં પોતાના આત્માને ન ઓળખે તો તેને કેવો સમજવો ?

ગુરૂ—ગર્ધવ જેવો. એટલે ગધેડો જેમ પોતાનો સ્વાર્થ નહી હોવા છતાં ગુણ રૂપી ભારને વહ્યા કરે છે. તેમ મનુષ્ય પણ ઇશ્વરને ન ઓળખે તો દેહ રૂપી ગુણનો ભાર વહ્યા કરે છે એમ સમજવું. તેથી કંઈ કાર્ય સીદ્ધી થાય નહી.

શિષ્ય—પોતાના આત્માને ઓળખવાથી લાભ શો ?

ગુરૂ—નિજાનંદની પ્રાપ્તિ થાય તે.

શિષ્ય—તેવા આનંદની પ્રાપ્તિ થઈ કેમ જાણવી ?

ગુરૂ—આધી, વ્યાધી, ને અધીભૂત, તેવા જે ત્રણ તાપ છે. તેની શાન્તિ થવાથી.

શિષ્ય—તેવા આનંદનું સ્વરૂપ કેવું હશે ?

ગુરૂ—એ તો એને જોએ તેજ જાણી શકે. જેમ કોઇએ દુધપાક જેવા ઉત્તમ પદાર્થનું ભોજન કર્યું હોય તેનો સ્વાદ જેમ તેની જીભ્યાઇંદ્રિય જાણી શકે છે. છતાં તેના વડે બીજાને કહી શકાતું નથી. એમ આમાં પણ સમજવાનું છે.

શિષ્ય—હું કોણ અને મારો આનંદ કેવડો હશે ?

ગુરૂ—તું આનંદ સ્વરૂપ આત્મા છે. ને આજે કંઇ દેખાય છે તે સર્વે તારૂં પોતાનુંજ સ્વસ્વરૂપ છે એમ જાણ્ય, ને એજ તારો આનંદ સમજવો.

શિષ્ય—એ તો સરવે ઇશ્વરનું બનાવેલું છે ને હું તો જીવ કહેવાઉં છું.

ગુરૂ—ના, ભાઈ તું જીવ નહી. તું તો શીવજ છે.

શિષ્ય—ત્યારે હું જીવ ભાવને કેમ પામ્યો છું ?

ગુરૂ—અજ્ઞાને કરીને.

શિષ્ય—અજ્ઞાન કોને કહેવું ?

ગુરૂ—હોય તેનાથી જુદું દેખાડનાર ભ્રાન્તીને.

શિષ્ય—તેવી ભ્રાન્તિનો નાશ કેમ થાય ?

ગુરૂ—વિચાર રૂપી સસ્ત્ર વડે કરીને.

શિષ્ય—તેવાં વસ્ત્ર ક્યાં મળતાં હશે ?

ગુરૂ—સંત સમાગમમાં જવાથી. એના મેળે આપોઆપ હ્રદય કપાટ ઉઘડી જાય છે ને પોતાના પાસેથીજ તેની પ્રાપ્તિ થાય છે.

શિષ્ય—તેવો સમાગમ કોની પાસે કરવો.

ગુરૂ—અભેદ જ્ઞાનનાં પુસ્તકો વાંચવાં અગર નિરલોભી ગુરૂ પાસેથી.

શિષ્ય—ગુરૂ કોને કહેવા ?
ગુરૂ—અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરવાની જેનામાં શક્તી છે તે.
શિષ્ય—આ જગત આડંબર કેવો સમજવો ?
ગુરૂ—ઝાંઝવાના નીર જેવો.
શિષ્ય—એમ તે કેમ મનાય, આ તો સાચાની પેરે ઝળકી રહ્યું છે ?
ગુરૂ—તે ખરૂં પણ પરીણામવાળું છે તેથી કહેવામાં આવ્યું છે.
શિષ્ય—મોટો મંત્ર કીયો સમજવો ?
ગુરૂ—હરિનામ સ્મરણનો.
શિષ્ય—એમ કરવાથી શો લાભ થાય ?
ગુરૂ—આત્મા શુદ્ધિ કરવાનો. જેમ વસ્ત્રના ડાઘ કાઢવા સાબુની જરૂર છે એમ આત્માની શુદ્ધિ માટે નામ સ્મરણની જરૂર છે.
શિષ્ય—આત્મા તો નિરંજન નિરાકાર છે. તેવું શાસ્ત્રો ને જ્ઞાનીઓ કહે છે. તો તેને શું મલીનતા લાગતી હશે.
ગુરૂ—હે, બાપ, તારા કહેવા પ્રમાણે આત્મા તો શુદ્ધ સ્વરૂપ છે પણ અજ્ઞાને કરી તેમાં મલીનતાની કલ્પના ઉઠી છે. નહી તો સત્ય સમજાતાં તેમાં મલીનતા રહેતી નથી.
શિષ્ય—પ્રકાશમાં અંધકારની કલ્પના કરવી તે કેમ સંભવે ?
ગુરૂ—દેહનો પડછાયો પડે છે એમ.
શિષ્ય—એ તો ન હોવા છતાં જણાય છે ?
ગુરૂ—આમાં પણ તેમજ સમજવાનું છે.
શિષ્ય—મુક્ત કોણ કહેવાય ?
ગુરૂ—સંશય રહીત હોય તે.
શિષ્ય—નીચમાં નીચ વસ્તુ કઈ?
ગુરૂ—મનુષ્ય દેહ.

શિષ્ય—પૂર્વે આપે મનુષ્ય જન્મ ઉત્તમમાં ઉત્તમ કહ્યો છે છતાં હવે નીચ કેમ કહો છો. તેમ કહેવાથી પરસ્પર વિપ્રીત વચનનો બાધ લાગે છે ?

ગુરૂ—મનુષ્યાજન્મ વડે કરી. ઇશ્વરને ઓળખી શકાય છે તેથી ઉત્તમ કહ્યો હતો પણ તેમ ન કરી શકે તો એ દેહથી બીજો એકે દેહ અધમ નથી.

શિષ્ય—એનો હેતુ સમજાવવાની મહેરબાની કરશો ?

ગુરૂ—અમૃત જેવા પદાર્થો ભોજન કરવામાં આવે છે તે પદાર્થો બાર કલાક સાબટા દેહ સંગે રહેવાથી દુર્ગંધ મારતી વિષ્ટા બની જાય છે તેથી અધમ કહેવામાં આવ્યો છે.

શિષ્ય—સન્યાસ કોને કહેવો ?

ગુરૂ—સંકલ્પનો નાશ કરે તેને.

શિષ્ય—ચારે આશ્રમમાં શ્રેષ્ટ આશ્રમ કોને સમજવો ?

ગુરૂ—ગૃહસ્થાશ્રમને. તેનાથી બીજા ત્રણેનું પોષણ થાય છે તે માટે એમ કહેવામાં આવ્યું છે.

શિષ્ય—મોટામાં મોટું પાપ કયું સમજવું ?

ગુરૂ—હરીથી વિમુખ રહેવું તે.

શિષ્ય—મોટામાં મોટું પુન્ય કોને કહેવું ?

ગુરૂ—ઇશ્વરને ઓળખવો તે.

શિષ્ય—નર્ક અને સ્વર્ગ કોને કહેવું ?

ગુરૂ—ઇશ્વરથી અજાણ્યા રહેવું તે નર્ક. ને તેને જાણવું તે સ્વર્ગ સમજવું.

શિષ્ય—મોટામાં મોટું તીર્થ કોણ ?

ગુરૂ—મનુષ્યા દેહ તેમાં માત પિતાની સેવા. તથા સંત સમાગમ કરવો તે.

શિષ્ય—શ્રી કૃષ્ણચંદ્ર જે પરમાત્મા કહેવાય છે એમને ધર્મનું સ્થાપન કરવા મનુષ્યા જન્મ ધારણ કરેલો. એવું શાસ્ત્રો તથા પંડીતો કહે છે. છતાં તેનાં તે શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે તે કૃષ્ણ એ ગોપીકાઓ જુમનાજીમાં નગ્ન સ્વરૂપે વસ્ત્ર કાંઠા પર મુકી નહાતી હતી ત્યાં ઓચીંતા આવી એમના વસ્ત્રાભુષણ લેઈ કદમના વૃક્ષ ઉપર ચડી ગયા વળી બીજા પ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે એક વખતે મધ્ય રાત્રીએ તે મહા પ્રભુએ મધુવનમાં જઈ વાંસળી વગાડી તેના મધુર સ્વરથી મોહીત થઈ તમામ પુરવાશી ગોપીકાઓ પોતપોંતાનાં ઘરનાં કામ છોડી તથા પોતાના પતી રોકવા છતાં એમની અવગણના કરી પોતાના વહાલા પ્રિતમને મળી તેના સાથે રાસક્રીડા કરી રંગે રમી એવી એવી ઘણી લીલાનું વર્ણન કરવામાં આવ્યું છે તેથી સંશય થાય છે કે જે ધર્મ ધોરંધર પ્રભુ ધર્મનું સ્થાપન કરવા પ્રગટ થયેલા તે પ્રભુ તેવું અનીતિમાન આચરણ કેમ આચર્યું અશે? એમ કરવાથી તો ઉલટો એમને તિરસ્કાર મળવો જોઇએ. તેનો બદલામાં આખી દુનિયાં એમને પૂજ્ય ભાવથી માને છે. તેમાં મારે શું સમજવું?

ગુરૂ—હે, બાપ, શ્રી કૃષ્ણચંદ્રના ઠેકાણે તું આત્માને જાણ. અને મથુરાના ઠેકાણે દેહને કલ્પ. ને બંશીના ઠેકાણે રણુંકાર શબ્દને સમજ ને મનની વૃતિઓ તે ગોપીકાઓ માન. ને કામ ક્રોધ, લોભ, મદ મોહ મચ્છર ને અભિમાન એ એમના પતિ સમજવા એટલે તારા સરવે સંશય દુર થશે ને તેવીજ રીતે શ્રી કૃષ્ણ પરમાત્માએ તમામ લીલાઓ કરેલી છે. પણ તેવા ગુહ્ય શબ્દોનો અર્થ નહી સમજી શકનારા પામર પ્રાણીઓ તેનો

ઉલટો અર્થ કરી પોતાની દુરવાસનાના દબાણના લીધે બીજા-ઓને પણ ઉલટું સમજાવે છે. તેથી સંશય કરવા કારણ મળી આવે છે. નહી તો સત્ય સ્વરૂપ શ્રી કૃષ્ણ પરમાત્મા છે. તેમાં સંસય કેમ સંભવે તેવું કહેનારાઓને ગધેડા સમજવા.

શિષ્ય—બ્રાહ્મણ કોને જાણવો ?

ગુરૂ—ઇશ્વર ઓળખે તેને.

શિષ્ય—ઇશ્વરને નહી ઓળખનાર બ્રાહ્મણ કેવો જાણવો ?

ગુરૂ—જેમ ઘાંચી, મોચી, ધોબી, માળી વીગેરે જગતમાં અનેક જ્ઞાતિઓ બંધાયેલી છે તેમાંની તે પણ એક જ્ઞાતિ છે તેથી વીશેષ જાણવા નહી.

શિષ્ય—તેવા બ્રાહ્મણોને લોકો શું કરવા જમાડે છે ?

ગુરૂ—અજ્ઞાને કરીને. તેથી કંઈ ફાયદો સમજવો નહી. ખવરાવનારે ખોયું ને ખાનારને પચ્યું. એમ સમજવું.

શિષ્ય—ત્યાગી કોણ કહેવાય ?

ગુરૂ—અનીતિનો ત્યાગ કરે તેને.

શિષ્ય—આત્મા કેવો સમજવો ? તેનો નાશ થાય કે નહી.

ગુરૂ—તેને અજર અમર જાણવો. એનો કો કાળે નાશ થતો નથી.

શિષ્ય—આત્મા અમર છે તો લોકો મોતથી કેમ બીએ છે ?

ગુરૂ—એજ અજ્ઞાનની નીશાની છે. જ્ઞાની તો મોત નજીક આવવાથી ઘણાજ આનંદમાં આવી જાય છે.

શિષ્ય—તે સમજાવવા કૃપા કરશો ?

ગુરૂ—જેમ કોઈ માણસને સરકારી ગુન્હો કરવાથી ઘણા વખતથી દેશપારની સજા ફરમાવવામાં આવી હોય ને તેથી તે સજા ભોગવતો હોય. તેમાં કારણસર તેના દયાળુ રાજાને દયા આવી જવાથી ત્યાંથી છોડી મુકી. પોતાના મુળ વતનમાં પહોચાડી

દેવામાં આવે ને પછી તેને જે આનંદ થાય તેમ જ્ઞાની આ સંસારને દેશપારની સજા સમજે છે. ને મોત આવવું તેને પોતાના વતનમાં જવું સમજે છે તેથી ઘણાજ આનંદમાં આવી જાય છે. ને તેથી તે કૃપાળુ પ્રભુનો ઘણોજ ઉપકાર માને છે. ને કહે છે કે હવે હું સંસારની બેડીમાંથી છુટો થઇશ ને મ્હારા આનંદ ધામમાં જઇશ તેથી તેના હર્ષનો પાર રહેતો નથી.

શિષ્ય—ઇશ્વર કોને કહેવો.

ગુરૂ—જેની સત્તાએ કરી આ નાના રૂપ જગત ભાષી રહ્યું છે ને હલન ચલન કર્યા કરે છે તેને.

શિષ્ય—દાન કોને દેવું?

ગુરૂ—અશક્ત, આંધળાં, પાંગળાં, પતિયાં, નિરાધાર, જેને માગવા વર્જીત નથી. ને ઘરનો દુર્બળ, ઉદ્યમ વગરના લાચાર હોય તેવાઓને.

શિષ્ય—તનદુરસ્ત માણસને દાન દેવું કે નહી?

ગુરૂ—નહીં. એમને મફતનો માલ ખાવા મળવાથી ઉદ્યમ કરતા નથી. ને દાળિદ્ર થઈ જાય છે તેથી એમની આખી જીંદગાની ખરાબ થાય છે માટે એમને દાન દેવું નહીં ને સત્ય માર્ગે ચડાવવા પ્રયત્ન કરવો. તેથી તે સુધરી જશે ને પોતાની જાતે ઉદ્યમે વળગી જશે ને કોઇને બોજા રૂપ થશે નહી. એથી એનો ઉપકાર માને છે.

શિષ્ય—મોટો અધર્મી કોણ કહેવાય?

ગુરૂ—ધર્મને ધારણ નહી કરે તે.

શિષ્ય—દાળીદ્ર કોને કહેવો?

ગુરૂ—એ કે સતસંગનો લાભ નહી લેનારાને અથવા ઉદ્યમ વગરનો હોય તેને.

શિષ્ય—જ્ઞાની કોણ કહેવાય ?

ગુરૂ—તત્વ વસ્તુને જાણવા વાળો હોય તે.

શિષ્ય—તત્વ વસ્તુ કોને સમજવી.

ગુરૂ—તારા પોતાના આત્માને ?

શિષ્ય—પરના આત્માને જુદા સમજવા ?

ગુરૂ—ના, તે ને તું એકજ વસ્તુ છો.

શિષ્ય—હું ને એ એક વસ્તુ છીએ તો ભિન્ન ભિન્ન કેમ ભાસુ છું ?

ગુરૂ—અવિદ્યાએ કરીને.

શિષ્ય—સત્ય વિદ્યા કેવી સમજવી ?

ગુરૂ—ભેદ મુકી અભેદ દેખાડે તેવી.

શિષ્ય—અભેદ ભાવ કેમ થતો નથી ?

ગુરૂ—આરત નહી હોવાથી.

શિષ્ય—ખરો ધનવાન કોણ ?

ગુરૂ—આત્મ રૂપી ધનનો સંચય કરનાર હોય તે.

શિષ્ય—દુનિયાદારીનું ઘણું ધન કેવું સમજવું ?

ગુરૂ—વીવેકથી વાપરે તો લાભદાયક. નહી તો અધોગતિએ પહોંચાડે તેવું એનું કારણ એજ કે એની પ્રાપ્તિ થવાથી મદ થાય છે ને પછે તેના પાછળ અનેક દૂરગુણો એકે એકે આવી એકઠા થાય છે ને અંત્યે નર્કમાં ઘસડી જાય છે.

શિષ્ય—સંત કોને કહીએ ?

ગુરૂ—શાન્તિ પમાડે તેને.

શિષ્ય—દુનિયામાં અનેક સંપ્રદાય છે. તેમાં કીયો સાચો સમજવો.

ગુરૂ—જેમાં નીતિ છે તે. તેથી ઉલટા હોય તેને વેશધારી સમજવો.

શિષ્ય—જીવ, ઇશ્વરમાં ભેદ કેટલો ?

ગુરૂ—સમુદ્ર અને નદી જેટલો. જેમ ભારે તાપ પડવાથી સમુદ્રનું પાણી વરાળ થઈ આકાશમાં વાદળાં બંધાય છે. ને પછી વૃષ્ટિ રૂપે પૃથ્વીમાં નીચે આવે છે. પછી તે પાણી એકઠું થઈ ચાલે છે તેને નદી નામ કહેવામાં આવે છે ને છેવટે તે સમુદ્રમાં મળવાથી સરિતા નામ ભુસાઈ જઈ સમુદ્ર રૂપ થઈ રહે છે. એમ જીવ પણ બ્રહ્મ રૂપી સમુદ્રમાંથી છુટો પડી જવાથી જીવ રૂપ થઈ રહ્યો છે. પણ ખરૂં જોતાં નદી ન્યાયે ઇશ્વર સ્વરૂપજ છે. એમ જાણવું માટે જીવ ઇશ્વરમાં ભેદ ગણવો નહી.

શિષ્ય—આપે જીવ ઇશ્વિર એક સ્વરૂપ રહ્યા તો ઇશ્વર ભજન કરવાનું કારણ શું ?

ગુરૂ—કંઇ પણ નહીં. પણ જુદું જણાય તો જરૂર છે. નદીરૂપ ક્યાં સુધી કહેવાય છે કે જ્યાં સુધી સમુદ્રને મળતી નથી પછી તો આપો આપ સમુદ્રરૂપ થઇ જાય છે તેમ જીવ ઇશ્વરનું પણ સમજી લેવું.

શિષ્ય—ઇશ્વિરમાંથી જીવ કેમ છુટો પડયો ?

ગુરૂ—સ્વભાવ સત્યાએ કરીને.

શિષ્ય—એ કેવી રીતે સમજવું ?

ગુરૂ—જેમ અગનીમાંથી ચીંગારીઓ ઉડી જુદી જણાય છે એમ.

શિષ્ય—તે તો વસ્તુએ છે. એથી એમ જણાય પણ જીવ ઇશ્વર તો એમ નથી તો છુટું ભેગુ કેમ સંભવે.

ગુરૂ—જેમ પુરૂષ નિદ્રાધીન થયો હોય છે ને તેમાં તેને સ્વપ્ન થાય

છે તેમાં તે હજારો કોશ દૂર ગયો છું એમ તે જાણે છે ને ત્યાંની લીલાનું નિરીક્ષણ કરે છે પણ તે પોતાથી દૂર ગયેલો નથી પણ ફક્ત તેમ ભાસ થવાથી ઉલટું જણાય છે એમ જીવ ઇશ્વર પણ જુદા પડતા નથી. માત્ર ભ્રાન્તિએ કરી તેમ ભાસે છે ને જીવ છું એમ બકે છે નહી તો સદાયે શીવ છે.

શિષ્ય—એવું જે સાક્ષાત બ્રહ્મસ્વરૂપ તેમાં ભ્રાન્તિ ક્યાંથી થઇ?

ગુરૂ—જેમ સમુદ્રમાં લહેરો જણાય છે તેવી રીતે સમજવું.

શિષ્ય—ધર્મ કયો સારો સમજવો?

ગુરૂ—હીંસા વગરનો હોય તે. તથા તત્વ વસ્તુને બતાવનારો.

શિષ્ય—સુખરૂપ જીવન કયું સમજવું?

ગુરૂ—ઉપાધી રહીત હોય તે.

શિષ્ય—જગતમાં કેવી રીતે વિચરવું સુખદાયક કહેવાય?

ગુરૂ—કોઇને પણ બોજારૂપ નહી થઈ પડવું તે.

શિષ્ય—ચીરંજીવી કોને કહેવો?

ગુરૂ—પરમાર્થ માટે પ્રાણ આપે તેને.

શિષ્ય—સદ્ પુત્ર કોને કહેવો?

ગુરૂ—પિતૃ વચન પાળે તેને.

શિષ્ય—અંધ કોણ કહેવાય!

ગુરૂ—શાસ્ત્રને નહી જાણનાર અથવા લોભી હોય તે.

શિષ્ય—પતિવ્રતા નારી કોણ કહેવાય?

ગુરૂ—પતિપરાયણ હોય તે.

શિષ્ય—આ જગતમાં અસંખ્ય લોકો ઇશ્વર સ્મરણ કરે છે કેટલાક વિદ્વાનો તેના ગુંણો જ્ઞાનનાં પુસ્તકો લખે છે કેટલાક તેની પ્રાપ્તિ માટે અગણિતાં દાન આપે છે કેટલાકો તીર્થોમાં ફર્યા

કરે છે, કેટલાકો તપ તપે છે. કેટલાકો ચાંદ્રાયણ જેવાં મહા કઠણ વૃત્તો આચરે છે. પણ કોઇને ઇશ્વરની પ્રાપ્તિ કેમ થતી નથી?

ગુરૂ—તે સર્વેને સૌ સૌના કર્તવ્યનો અહંકાર હોય છે તેથી.

શિષ્ય–ઇશ્વર પ્રાપ્તિ થઇ છે તેવું શાથી જાણવું?

ગુરૂ–નિરાભીમાનપણાનો જેમાં વાસ થયો છે તેત્રું જણાય તે ઉપરથી.

શિષ્ય—ખરો યજ્ઞ કયો સમજવો?

ગુરૂ—ભુખ્યાને ભોજન આપવું તે.

શિષ્ય—આ જગતમાં જીત્યો કોણ.

ગુરૂ—પોતાનું મન જીત્યું તેણે સર્વે જીત્યું એમ સમજવું.

શિષ્ય—પરમાર્થી કોણ કહેવાય?

ગુરૂ—અર્થ વગર ઉપકાર કરનાર હોય તે.

શિષ્ય—હરિજન કોણ કહેવાય?

ગુરૂ—ભક્તો દેખી જેનું હૃદય દ્રવિભુત થાય તે.

શિષ્ય—ભક્તો કેમ પીછાણવા?

ગુરૂ—ઇશ્વિર સ્મરણ ઘડી મુકે નહી. ને સ્વાદ સ્વપ્ને ચીંતવે નહી તે વગેરે ભક્તોનાં ત્રીસ લક્ષણ કહેવામાં આવ્યાં છે તે હોય તેને.

શિષ્ય—લાડુ ખાનારા ભક્તો કેવા સમજવા?

ગુરૂ—ઘોર નર્કમાં લેઇ જનારા.

શિષ્ય—તેવાઓને લોકો કેમ પુજે છે?

ગુરૂ—સુજ વગર એમની પ્રપંચ જાળમાં તે સપડાઈ ગયેલ હોય છે. તેનો પ્રપંચીઓએ બીચારા ભોળા લોકોને એવી ભુરકી નાખી હોય છે કે ખરા ધર્મનો ઉપદેશ લેવા બીજે જવા દેતા નથી તેથી તે કુવાના દેડકા પેઠે એમને વળગી રહે છે. ને તેમનેજ મહાત્મા માને છે.

શિષ્ય—એવા ગુરૂથી શિષ્યનું કલ્યાણ થાય ખરૂં કે?
ગુરૂ—બીલકુલ નહીં સમજવું, ઉલટા અધોગતીએ પહોચાડે છે.
શિષ્ય—એમની જાળમાંથી કેમ કરીને છુટવું.
ગુરૂ—બુદ્ધિએ કરીને.
શિષ્ય—ઇશ્વરને નહી જાણનારા ભકતોનો ડોળ ઘાલી દેવ મંદીરોને લેઇ બેઠેલ તે કેવા સમજવા?
ગુરૂ—જગતને લુટી ખાનારા ચોરટા દુકાનદારીઓ.
શિષ્ય—એવો ઢુંગ કયાં સુધી નભે જવાનો?
ગુરૂ—અજ્ઞાનનો નાશ નહી થાય ત્યાં સુધી.
શિષ્ય—અજ્ઞાન કોને કહેવું?
ગુરૂ—સત્ય વસ્તુનું ભાન ન થવા દે તેને.
શિષ્ય—સત્ય વસ્તુ કોને સમજવી?
ગુરૂ—જેમાં અસત્યનો બીલકુલ અભાવ હોય તેને.
શિષ્ય—તેવી વસ્તુ કયી સમજવી?
ગુરૂ—નિરંજન નિરાકાર ઇશ્વરને.
શિષ્ય—નિરાકારથી સાહકાર કેમ થયું?
ગુરૂ—જેવી રીતે સ્વપ્નું દેખાય છે તેમ સમજવું. વસ્તુ એ કંઈ બન્યું નથી.
શિષ્ય—એમ માનીએ તો આ જગત જુઠું કહેવાય?
ગુરૂ—હા, બાપ. એમજ છે.
શિષ્ય—ત્યારે સાચાની પેરે કેમ જણાય છે?
ગુરૂ—એનું નામજ અજ્ઞાન સમજવું.
શિષ્ય—એમ માનું તો પછી હું કયાં રહ્યો?
ગુરૂ—ના, ભાઇ હું એ નથી ને તું પણ નથી.

શિષ્ય—ત્યારે આ બધું દેખાય છે તે શું છે?

ગુરૂ—તે બધો ચઇતન વિલાસ ભરપુર રમી રહ્યો છે.

શિષ્ય—તેવું તે ક્યાં સુધી રહેવાનું?

ગુરૂ—તે તો આધ અનાધ ચાલ્યું આવે છે. તેમ ચાલે જવાનું. તેનો છેડો સમજવો નહી.

શિષ્ય—એવું તે શું છે કે તેનો છેડોજ નહી?

ગુરૂ—ત્યાં આગળ વાણી પહોંચી શકતી નથી. તો શબ્દ ક્યાંથી પહોંચે.

શિષ્ય—ત્યારે તેને કેવો સમજવો?

ગુરૂ—એટલા માટે શાસ્ત્રીએ તેને બાવન બહાંર કહ્યો છે.

શિષ્ય—બાવન બહાર તે શું?

ગુરૂ—ચાળીસ અક્ષર વ્યંજનના અને બાર અક્ષર સ્વરના મળી બાવન અક્ષર દરેક વસ્તુને લખવા માટે મોટા પુરૂષોએ ઠરાવેલા છે. પણ તેમાં એ લખી શકાતો નહી હોવાથી બાવન બહાર કહેવામાં આવેલો છે.

શિષ્ય—ત્યારે તેનું નામ શું સમજવું?

ગુરૂ—જે લખવામાં ન આવી શકે. તે અલખજ કહેવાય.

શિષ્ય—તે પુરૂષ ક્યાં હશે?

ગુરૂ—તું પંડેજ તેજ સ્વરૂપ છે.

શિષ્ય—હું પંડેજ તે સ્વરૂપ છું. તો જીવ ભાવને કેમ પામ્યો છું.

ગુરૂ—જેમ કોઈ રાજાનો બાળક ભુલો પડવાથી બીખારીયોના સંગમાં ભળી જાય છે ને તેમની સાથે ભીક્ષા માગે છે અને પોતાના ખરા સ્વરૂપને વીસારી દે છે તેમ.

શિષ્ય—એમ હોય તો કંઇ બીખારી કહેવાય નહી?

ગુરૂ—હા, બાપ, એમજ છે. તું પંડે પણ શુદ્ધ ઇશ્વર સ્વરૂપજ છે.

શિષ્ય—હું પોતેજ તે સ્વરૂપ છું. તો તમારી સાથે સત્સંગ કરવાની શી જરૂર ?

ગુરૂ—બીલકુલ જરૂર નથી. પુરૂષ ક્યાં સુધી જમ્યા કરે છે કે તેની ક્ષુધા જ્યાં સુધી નિવૃત થઇ ન હોય ત્યાં સુધી. ક્ષુધાની તૃપ્તિ થવાથી પછી તો આપો આપ જમવાનું કામ તેના મેળે અટકી પાઇ જાય છે. આમાં પણ તેમ સમજવું.

શિષ્ય—તેવા મહાત્માઓ પણ સત્સંગ કરતા નજરે જોવામાં આવે છે તો તેમાં કંઇ કચાશ રહી હશે કે કેમ ?

ગુરૂ—ના, એમ નહી સમજવું. જેમ શાળાઓમાં મહેતાજીઓ હોય ને તે તમામ વિદ્યા ભણી ગયેલા હોય છે. છતાં નાના બાળકોને જ્ઞાન થવા સારૂ એનો એ અક્ષર જેમ ફરી ફરીને ઘુંટી બતાવે છે. તેમ જ્ઞાની મહાત્માઓ પણ અજ્ઞાનીને જ્ઞાન થવા સારૂ નિત્ય નિમિત્ત કર્મ હમેશાં કરે જાય છે, નહી તો એમને તેમ કરવાની જરૂર નથી પણ લોક કલ્યાણાર્થે તેવું આચરણ કરે છે. એવા તે દયાળુ પરોપકારી પુરૂપ હોય છે. ને તેવા એમના સદ્દગુણોના લીધે તેઓ મહાત્માઓ કહેવાય છે. ને જગતમાં પુજાય છે. તેમાં કચાશ બીલકુલ સમજવી નહી.

શિષ્ય—ધન્ય છે. ગુરૂદેવ કે આપની કૃપા વડે કરી મેં મારૂં સ્વરૂપ જાણ્યું. પણ આપણા વચનોમાં મને અત્યંત મીઠાશ પડે છે તો મારા જ્ઞાનમાં વૃદ્ધિ થવા સારૂ ફરી હું જે કંઈ પૂછું તેનો ખુલાસો કરવા કૃપા કરશો.

ગુરૂ—હે, બાપ, સુજ્ઞ શિષ્યનું તો એ કર્તવ્ય છે કે પોતાના ગુરૂ પાસેથી અધીક ને અધીક જ્ઞાન સંપાદન કરવું તેમ ગુરૂએ પણ તેના આગળ કંઇ પણ ભેદ રાખી છુપાવવું ન જોઇએ. તે એમની ફરજ છે. તો તારી નજરમાં આવે તે સુખેથી પુછ.

ગુ૦—ના, એમ નહી સમજવું. જેમ શાળાઓમાં મહેતાજીઓ હોય છે ને તે તમામ વિદ્યા ભણી ગયેલા હોય છે. છતાં નાના બાળકોને જ્ઞાન થવા સારૂ એનો એ અક્ષર જેમ ફરી ફરીને ઘુંટી બતાવે છે. તેમ જ્ઞાની મહાત્માઓ પણ અજ્ઞાનીને જ્ઞાન થવા સારૂ નિત્ય નિમિત્ત કર્મ હમેશાં કરે જાય છે, નહી તો એમને તેમ કરવાની જરૂર નથી પણ લોક કલ્યાણાર્થે તેવું આચરણ કરે છે. એવા તે દયાળુ પરોપકારી પુરૂષ હોય છે. ને તેવા એમના સદ્‌ગુણોના લીધે તેઓ મહાત્માઓ કહેવાય છે. ને જગતમાં પુજાય છે. તેમાં કચાશ બીલકુલ સમજવી નહી.

શિ૦—ધન્ય છે. ગુરૂદેવ કે આપની કૃપાવડે કરી મેં મારૂ સ્વરૂપ પણ આપણા વચનોમાં મને અત્યંત મીઠાશ પડે છે. તો મારા જ્ઞાનમાં વૃદ્ધિ થવા સારૂ ફરી હું જે કંઇ પૂછું તેનો ખુલાસો કરવા કૃપા કરશો.

ગુ૦—હે ! બાપ, સુજ્ઞ શિષ્યનું તો એજ કર્તવ્ય છે કે પોતાના ગુરૂ પાસેથી અધીકને અધીક જ્ઞાન સંપાદન કરવું તેમ ગુરૂએ પણ તેના આગળ કંઈ પણ ભેદ રાખી છુપાવવું ન જોઇએ તે એમની ફરજ છે તો તારી નજરમાં આવે તે સુખેથી પુછ.

શિ૦—ઠગ મહાત્માઓ જગતમાં કેવી રીતે ફાવી ગયા હોય છે, તે કહેવા કૃપા કરશો.

ગુ૦—શિષ્યો ઘણા શ્રદ્ધાળુ હોય છે તેથી.

શિ૦—તેવા શિષ્યો સાથે તે કેવી યુક્તિઓ કરે છે?

ગુ૦—પ્રથમ તો તે ઉપરથી વૈરાગીના જેવો વેશ રાખે છે. ને કાનમાં મુદ્રાઓ ને ગળામાં મોટી મોટી માળાઓ લટકાવી દે છે ને ભગવાં વસ્ત્રો પરિધાન કરે છે ને બોલવામાં ઘણાજ વાચાળ

હોય છે. ને ઘડી ઘડી અંતરમાં ભાવ નહી હોવા છતાં "જય સચ્ચીદાનંદ" એવા શબ્દોનો ઉચ્ચાર કર્યા કરે છે. તેથી પેલા પ્રેમ ઘેલા ભગતડાઓ તેમને સાચા મહાત્મા સમજી એમના ઉપર વિશ્વાસ રાખે છે એટલે પેલા મહાત્માજી થઇ બેઠેલા મહારાજ એમને પ્રથમતો મોટા મોટા પ્રસાદના પડીયા આપી લલચાવવા માંડે છે ત્યારે તે પ્રસાદના લાલચુ ભકતો તેમને દેખી છેક અંધ બની જાય છે ને પછી તેમની પગચંપી કરવા મંડી પડે છે ને વસ્ત્રો પણ ધોવે છે ને પાણી પણ ભરે છે એટલેથી પણ એમને સંતોષ નહી વળવાથી એંઠવાડ સુધી પણ કઢયા કરે છે. એમ કરવાથી એ પત્યું, એમ તો નહી સમજવું પોતાની યુવાન બહેન, દીકરીયો અને બૈરીઓને તેમની ખાનગી સેવામાં પણ સોંપી દેવામાં આવે છે ને એકાન્ત મળવાથી તે બગ મહાત્મા એમની લાજ લુટવામાં ચુકતા નથી. આ તે કેવો મોટો હડહડતો જુલ્મ તે લોકો વર્તાવી રહ્યા છે. હે ! શિષ્ય સાંભળ એમની આવી યુક્તિઓ હોયછે.

શિ૦—આથી વિશેષ કેર કંઇ કરતા હશે ?

ગુ૦—હા, મારા સાંભળવામાં આવ્યું છે કે તેવા ઠગ લોકો પોતાના મકાનોની અંદર ગુપ્ત ભોંયરાં રાખે છે પછી તે તેમનાં દર્શન કરવા આવતી ગૃહસ્થ બાનુઓને પ્રભુનાં દર્શન કરાવવાને બહાને કરી રાખેલા સંકેતથી ભોંયરામાં દાખલ કરે છે વળી તેમની સંગાથે નહી ઇચ્છા છતાં બળાત્કાર સંભોગ કરે છે વળી કોઇના શરીર ઉપરથી કીમતી દાગીના સુધી પણ ઉતારી લે છે વળી કોઇ બહેન એમની પાપ વાસનાને તાબે નહી થનારને ઠાર મારતાં પણ ચુકતા નથી ને તેનો પત્તો નહી લાગ-

વાથી કોઇને લેઇને નાશી ગઇ. તેવી જગતમાં વાતો થાયછે. તેમ કોઇને લેઇને તે જાતે પણ નાશી જાય છે તેવા ઘણા દાખલા બનેલા પણ છે કહે ભાઇ તે કેવો જુલમ તોએ આ પણા પ્રેમઘેલા ભોળીઆ ભગતડાઓ હજુએ ચેતતા નથી. ને કલ્યાણ કરાવવાની લાલચે એમની પાછળ ને પાછળ દોડયાં કરે છે અરે બાપ કલ્યાણ તે વળી કોક કરી આપતું હશે ? એ.તો જે ખાય તેની જ ભુખ ભાગે છે એમ છે માટે પારકી આશ સદા નિરાશ એવું સમજી તું તારો ગુરૂ થઇને બેશ. તેમાંજ તારૂં કલ્યાણ સમાએલું છે.

શિ૦—શું ત્યારે કોઇને ગુરૂ ન કરવા ?

ગુ૦—કોઇની પાસે કંઠી બંધાવી તેના દાસ બની જવું તે ગુરૂ કર્યો તેમ કહેવાય નહી. પણ જેની પાસેથી સાર વસ્તુ મળી આવે તેને આપણા મનથી ગુરૂ માની લેવાના છે. ને તેવી રીતે દત્તાત્રીયે ચોવીસ ગુરૂ પોતાના મને કરીને કર્યા છે. તેવું શાસ્ત્રોમાં મોજુદ છે. તો કોઇની પાસે માથું મુંડાવાની કંઇ જરૂર નથી મન મુડવાની જરૂર છે.

શિ૦—સાચા ગુરૂઓ શિષ્ય પાસેથી કંઈ લેતા હશે ?

ગુ૦—અરે ભાઇ, તે તો કોઇના પણ ગુરૂજ થાય નહી તો લેવાની વાત કયાં કરવાની રહી ? એતો સરવે કામ લોભા ગુરૂઓનાંજ છે. તે લોકોના ઘેર હડીયો કાઢયા કરે. ને દોરા ધાગા ને દવાઓ આપે. તેમાં તને સંશય થાશે કે દવા આપવી તે દયાનું કામ છે તો એનો ઉત્તર એ કે બીજા ગરીબ જાતિના હલકા લોકોને ઘેર કેમ જતા નથી ? ને દયા બતાવતા નથી ? તે ઉપરથીજ તારે જાણી લેવાનું કે તેજ ઢોંગીક મહાત્મા છે.

શિ૦—ત્યારે હવે દાંભીક શિષ્યો કેવા હોય છે. તે કહેવા કૃપા કરશો.

ગુ૦—તે બાબત ઉપર ગુરૂના પ્રકરણમાં ઘણુંજ કહેવામાં આવેલું છે. એટલે અહીં વધારે કહેવું તે ઉચીત નથી પણ જેવા ગુરૂ તેવા શિષ્ય સમજવા એટલે શિષ્યને પણ અંદર રાગ ને ઉપર વૈરાગ દેખાડવાનો હોય છે. એટલે તેમાં કોઇનું કામ થતું નથી.

શિ૦—શ્રીકૃષ્ણ એ વાસુદેવ પુત્ર છે તો એમને પોતાનેજ વાસુદેવ કેમ કહેવામાં આવે છે.

ગુ૦—તે સરવેમાં વાસ કરી રહેલો છે તે માટે વાસુદેવ કહેવામાં આવે છે.

શિ૦—મેં કેટલાક ઠેકાણે કથા પ્રસંગમાં કથા કરનારા મહારાજો પાસેથી સાંભળ્યું છે કે સંસ્કૃત વાણીમાં જે પુસ્તક હોય તેજ સાચું કહેવાય તો શું પ્રાકૃત ભાષાનાં પુસ્તકો જુઠાં હશે ?

ગુ૦—સાંભળ, તે મહારાજ સંસ્કૃત શ્લોકમાં વાંચી ગયા પછી તમને તે કેવી રીતે સમજાવતા હતા ?

શિ૦—પ્રાકૃત ભાષામાં.

ગુ૦—ત્યારે તે ભાષા કેમ ખોટી કહેવાય ?

શિ૦—ત્યારે તે મહારાજ કેમ પડદો રાખતા હશે?

ગુ૦—એમને રળી ખાવા માટે નહી તો જે વખતે દેશમાં સંસ્કૃત ભાષા વપરાતી હતી ત્યારે લેખકોએ તે ભાષાનાં પુસ્તકો લખ્યાં હતાં. ને હાલમાં પ્રાકૃત ભાષા વપરાય છે તો તેવાં પુસ્તકો લખાય છે. એથી કંઇ ન્યુનાધિક સમજવું નહી. તે ઉપર એક મહાત્મા કથી ગયા છે તે સાંભળ.

ચોપાઇ.

ભાષાને શું વળગ્યું ભુર, જે રણમાં જીતે તે શુર.

એમ ગમે તે ભાષામાં પુસ્તકો લખવામાં આવ્યાં હોય. પણ સમજ સરવેની એકજ હોય છે. તો ભાષાને શું લાગે વળગે છે. શાસ્ત્રો કંઇ આકાશમાંથી પડયાં નથી. એતો મોટા પુરૂષોની બુદ્ધિના તર્ક એજ શાસ્ત્રો સમજવાં.

શિ૦—પ્રેમી ભકતો કેવા હોય ?

ગુ૦—ઉપર રાગ ને ઉર વૈરાગ તેવા હોય છે.

શિ૦—એમને કેમ ઓળખી લેવા ?

ગુ૦—તે કથા પ્રસંગમાં બેઠા હોય છે. તો બીજાઓની પેઠે ખુણે ખોચરે બેશી ડોલાં ખાશે નહી ને કથા કહેનાર મહાત્માના સન્મુખ બીરાજમાન થશે. ને ચાલતા પ્રસંગમાં જે જે કંઇ વંચાતું હોય તે એક ચિત્તે શ્રવણુ મનન કરશે. ને તેમાં સંશય થવાથી બીજાઓની પેઠે મુંગે મહોડે નહી બેશી રહેતાં વકતાને પુછી પોતાનો સંશય દૂર કરશે.

શિ૦—જ્ઞાની કોને કહેવો ?

ગુ૦—સંશય રહીત હોય તેને.

શિ૦—હું જ્ઞાની કે અજ્ઞાની કહેવાઉં ?

ગુ૦—તારા મનને પુછવાથી ખાત્રી થશે.

શિ૦—મનનો ધર્મ તો સંકલ્પ વિકલ્પ છે.

ગુ૦—એજ મટેતો જ્ઞાની કહેવાય.

શિ૦—સંકલ્પ ઉઠયા શિવાયે શાસ્ત્રો કેમ લખાયાં હશે તેમ તો તે લેખકોને અજ્ઞાની કહેવા જોઇએ. છતાં તેમને જ્ઞાનીની ઉપમા કેમ આપવામાં આવી છે ?

ગુ૦—જેને શુભ વાસનાનો સંકલ્પ ઉઠે તે જ્ઞાની સમજવો ને જેને અશુભ વાતનો સંકલ્પ ઉઠે તે અજ્ઞાની સમજવો.

શિ૦—તેવા શુભ અશુભ બંને સંકલ્પો મને પોતાનેજ ઉઠે છે તો હું કેવો કહેવાઉ ?

ગુ૦—શુભ સંકલ્પ ચાલે તે વખતે જ્ઞાની ને અશુભ ચાલે તે વખતે અજ્ઞાની કહેવાય.

શિ૦—ત્યારે શુદ્ધ જ્ઞાનીમાં તેવા અશુભ સંકલ્પ નહી થતા હોય ?

ગુ૦—થાય ખરા, પણ તે વધારે વખત ટકી શકે નહી.

શિ૦—તેથી તે પુરો જ્ઞાની કહી શકાય !

ગુ૦—હા, સાંભળ, જેમ કોઈ કોટીધ્વજ વેપારી હોય ને તેની પાસે પોતાના ઘરનું અસંખ્ય ધન સંઘરવામાં આવેલું હોય પણ તેના ત્યાં કોઇએ એકહજાર રૂપીયા જમે મુકેલા હોય તેથી તે કંઇ ગરીબ કહેવાય ખરો ? તેમ આમાં એ તારે એમ સમજવાનું છે કે મોટાના અનેક સદગુણોના લીધે તેનો એકાદો નાનો દુર્ગુણ ઢંકાઈ જાય છે.

શિ૦—દાની કોને કહેવો?

ગુ૦—માન્ય ખાટવાની આશા વગરનો હોય તેને.

શિ૦—આ જકત આડંબર કયાંથી ઉત્પન્ન થયો છે ?

ગુ૦—મનમાંથી.

શિ૦—એવી ખાત્રી શી સમજવી.

ગુ૦—જ્યારે તું ઉંઘેછે ત્યારે તારૂં મન તેના સ્વરૂપમાં લીન થઈ જાયછે. તેથી તને જગત જણાશે નહી એથી સિદ્ધ થાય છે કે મનજ જક્ત કર્તા છે.

શિ૦—તે મન ક્યાંથી આવ્યું ?

ગુ૦—આત્માની સત્તા તે મન સમજવું.

શિ૦—તે કેવી રીતે સત્તા તે કંઇ કરી શકતી હશે ?

ગુ૦—હા, સાંભળ જેમ આકાશમાં સુર્ય છે ને તેનાં કિરણો પૃથ્વીમાં પડે છે. તે કિરણોને તું સત્તા સમજ ને સુર્યને આત્મા માન તે કિરણોમાં આડે સુર્ય મુખી કાચ ધરવામાં આવે તો નીચે મુકવામાં આવેલું રૂ એકદમ સળગી ઉઠે છે તે સત્તા ભેદનું કારણ સમજવું. તેમ મનની સત્તા એજ જગત જણાય છે તેથી તેને જક્ત કર્તા કહેવામાં આવ્યું છે.

શિ૦—મનનું રચેલું તે તો સરવે મિથ્યા કહેવાય?

ગુ૦—હા, બાપ એમજ છે.

શિ૦—ત્યારે સાચાની પેરે કેમ જણાય છે?.

ગુ૦–ભ્રાન્તિએ કરીને.

શિ૦—તમે વારે વારે અવિદ્યા, અજ્ઞાન, ને ભ્રાન્તિ એનું એ વર્ણન કેમ કરો છો?

ગુ૦—જેમ તને અનેક ફેરા સમજાવવામાં આવ્યું હોય છે ને તું સમજ્યો પણ હોય છે છતાં જેમ તું ફરીફરીને પુછે છે તેમ હું પણ જુદી જુદી યુક્તિથી એનું એ તને ફરી ફરી કહી બતાવું છું.

શિ૦—એમ તે ક્યાં સુધી થવાનું?

ગુ૦—જ્યાં સુધી તારા સંશય નિર્મુળ નહી થાય ત્યાં સુધી.

શિ૦—સંશય મટે તો હું કેવો સમજવો?

ગુ૦—શાન્ત સ્વરૂપ સચ્ચીદાનંદ આત્મા.

શિ૦—ત્યારે મારૂં સ્વરૂપ કેવું હશે?

ગુ૦—ઉપર વર્ણન કરવામાં આવ્યું તેવું.

શિ૦—તેતો નિર્વિકારી છે. તો તેમાં સંશય કેમ સંભવે?

ગુ૦—એમાં વીકાર કંઈ પણ નથી. પણ જેમ સમુદ્ર ભરેલો હોય

છે તેમાં જેમ વીકાર નહી હોવા છતાં સ્વભાવે કરી માંહી લહેરો જણાવી આવે છે તેમ આત્મ સ્વરૂપ અવિકારી હોવા છતાં વાસનારૂપી લહેરો જણાઇ આવે છે.

શિ૦—ન હોય ને જે જણાય તેતો ઘણું આશ્ચર્ય કહેવાય ?

ગુ૦—હા, બાપ, એવુંજ છે.

શિ૦—તો તેનું માપ હું કેમ કરી શકું ?

ગુ૦—તુ વચમાંથી ખોવાઈ જાય તો આપોઆપ એની મેળે થઈ જશે.

શિ૦—હું ખોવાઈ જાઉં તો બાકી શેષ શું રહે.

ગુ૦—તુ ગયો તો પછી જરૂર કોને રહી તે શોધને જુવે.

શિ૦—એમ તો જે કાંઇછે તે તમામ હુંજ છું એમ સાબીત થાયછે.

ગુ૦—હા, બાપ તેમજ છે.

શિ૦—એમ છે તો પછી મારૂં તારૂં એમ કેમ જણાય છે ?

ગુ૦—અવિદ્યાએ કરીને

શિ૦—અવિદ્યાનો નાશ કેમ થાય ?

ગુ૦—આત્મ વિચાર કરવાથી.

શિ૦—તેમ કરવાથી તો સંસારનું એકે પણ કાર્ય થઇ શકે નહી કેમકે ત્યાંતો મારૂં તારૂં રહેલુ છે.

ગુ૦—એમ ન હોય તો પછી લ્હાવો એ શો લેવાનો ? માટે તે કાઢી નાંખવાની જરૂર નથી. વહેવારમાં તો વહેવાર વાતેજ વર્તવું જોઇએ ને તેથીજ મનને આનંદ થાય છે પણ પરમાર્થ દ્રષ્ટિએ સરવે આત્મા એક સ્વરૂપ સમજી કોઇના ઉપર દ્વેષ રાખવો નહી ને આનંદમાં રહેવું એનું નામજ ખરી ઐક્યતા સમજવી.

શિ૦—તેવી ઐક્યતા સંસારમાં રહી કેમ કરી શકાય ?

ગુ૦—કમળ જેમ જળમાં રહે છે છતાં સ્પર્શ થતો નથી તેમ રહેવાથી.

શિ૦—માણુસ શું કમળના જેવુંજ કહેવાય કે તેની ઉપમા આપો છો માટે બીજું પ્રત્યક્ષ પ્રમાણુ આપો કે મારો સંશય દૂર થાય.

ગુ૦—સાંભળ, પૂર્વંકાળમાં જનકપુરમાં જનક વિદેહી કરી રાજા થઈ ગયો છે. તે પોતાના રાજ્યકારોબારનો તમામ વહીવટ રૂડી રીતે કરતો હતો. પણ અંતર વૃત્તીએ સદાય ઉદાશ હતો.

શિ૦—એમ તે કેમ બની શકે.

ગુ૦—મારૂં નહી જાણુવાથી.

શિ૦—તેનું કંઇ પ્રત્યક્ષ પ્રમાણુ.

ગુ૦—જેમ કોઈ ધનાઢયની પેઢીમાં તેનો મુનીમ હોય છે. ને તેને પેઢીનો તમામ વહીવટ સોંપવામાં આવ્યો હોય છે તેથી તે તમામ કાર્ય પોતાના ઘરના જેવું કર્યા કરે છે પણુ તેમાં નફો ટોટો થવાથી એના પવિત્ર હૃદયમાં સુખ દુખ થતું નથી કારણુ કે તે જાણે છે કે તેનો માલીક તો પેલો શાહુકાર છે ને હુંતો એક નોકર છું તેથી તેને હર્ષ શોક થતો નથી ને તેનો પેલો શેઠ પેઢીનું બીલકુલ કામ કરતો નથી. પણુ નફો દેખી હરખાઇ જાય છે ને તોટો દેખી પોકેપોક મુકી રડવા બેસે છે. એજ મારૂં માનવાની નીશાની સમજવી ને તેથીજ અણુધારી પીડામાં પડવું પડે છે. તેથી મુક્ત રહેવું.

શિ૦—આ જગત કેવું સમજવું.

ગુ૦—સાફ જુઠું સ્વપનાવત્ જાણુવું.

શિ૦—જુઠું તે કેમ મનાય? જેની અંદર અનેક તરેહની ઉથલપાથલો થઈ રહી છે ને લેવડદેવડના સોદાઓ થયા કરે છે ને તે હું પ્રત્યક્ષ જોયા કરૂં છું તો તેને તેવું કેમ સમજાય?

ગુ૦—નાનાં બાળકો એકઠાં મળી જેમ રમત કરે છે ને તે રમતમાં

તેઓ માટીનાં ઘર બનાવે છે પછી તેમાં ભોજનની સામગ્રી કરે છે તેમાં જોઇતાં વાસણો તથા ભોજન કરવાની વાનીઓ માટીની બનાવે છે વેપાર કરે છે તો વેપારની તમામ ચીજો તથા આપ લે કરવાની વસ્તુઓ તથા નાણું વીગેરે પણ માટીનુંજ રાખવામાં આવેલું હોય છે ને તેમાં તો તે એટલો બધો આનંદ માની બેશે છે કે એમાંની એકાદ વસ્તુ કોઈ પુખ્ત ઉપરનો માણુસ આવી ઉઠાવી લે તો તેને મારવા ધસે છે ને રડવા મંડી પડે છે શાથી કે તે તમામ રમત સાચી માની બેઠેલાં હોય છે પણ જ્યારે સાંજ પડવા આવે છે એટલે તે સર્વે છોડી આપોઆપ ચાલ્યાં જાય છે એમ તું પણ પેલા બાળક જેવો છે.

શિ૦—હું બાળક કેમ કહેવાઉં ?

ગુ૦—જેમ તે બાળકોની રમતનો તમામ સામાન માટીનો ને અર્થ વગરનો હતો તેમ તુંજને મારૂં માની બેઠો છે (ધન, પુત્ર, વીગેરે) તે તમામ વસ્તુઓ તેવીજ છે ને તેથી કંઇપણ અર્થ સિદ્ધી થાય તેમ નથી કારણ કે મૃત્યુરૂપી સાંજ પડવાથી તમામ મુકીને ચાલી જવાનું છે ને રમત રમતના ઠેકાણે પડી રહેશે. તેથી જ્ઞાનીઓ તેને જુઠું અને સ્વપનાવત્ કહે છે. ને અંતઃકરણથી તેનો સંગ કરતા નથી.

શિ૦—એતો સરવે મેં જુઠું માન્યું પણ એને જોનારો જે હું છું તે કોણ અને ક્યાંથી આવ્યો ?

ગુ૦—તું પોતે ચૈતન્ય આત્મા છે ને તારી પોતાનીજ ઇચ્છાએ પ્રગટ થયો છે કંઇથી આવ્યો ગયો નથી.

શિ૦—કેવી રીતે ઉત્પન્ન થયો છું તે સમજાવશો ?

ગુ૦—જેમ દીવાસળી હોય છે. ત્યાં સુધી અગ્નિ જણાતો નથી પણ તેનું ઘ્રસણ કરવાથી અગ્નિ પ્રકટ થાય છે ને પછી પ્રચંડ રૂપ ધારણ કરે છે. તેમ તું એ અકસ્માત ઉત્પન્ન થયો છે.

શિ૦—દીવાસળીને જ્યારે ઘ્રસણ કરવામાં અન્ય પુરૂષની મદદ મળી ત્યારે અગ્નિ પ્રગટ થયો તો જીવ પ્રગટ થવામાં કોણ મદદગાર થાય છે?

ગુ૦—વાસનાજ તમામ પ્રપંચ રચી લે છે.

શિ૦—વાસના કોને કહેવી?

ગુ૦—આપણા અંતઃકરણમાં જે સંકલ્પ વિકલ્પ ઉઠે છે તેને.

શિ૦—તેવા સંકલ્પો મનુષ્ય વગરનાં બીજાં અન્ય પ્રાણીયો તથા ઝાડો તથા જડ પદાર્થને થતા હશે?

ગુ૦—હા, સાંભળ; પશુઓ સંકલ્પ ઉઠવાથી સરવે કર્મો કરે છે. ઝાડો ઉગે છે ત્યારે એક તરફથી તેનાં મુળીયાંઓને ભોંયમાં ઉતારે છે ને ટોચનો ભાગ બહાર આકાશ તરફ આવે છે તેમ પહાડોમાં પણ થાય છે તેથી તેમને પણ સંકલ્પ ફુઠે છે તે સિદ્ધ થાય છે ને સંકલ્પમય સંસાર છે.

શિ૦—ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર કોણ?

ગુ૦—એ સરવે પણ એનાંજ નામ છે.

શિ૦—એક વસ્તુનાં અનેક નામ કેમ સંભવે?

ગુ૦—જેમ એક પુરૂષને રસોઈ કરવાથી રસોઇયો ને દાન કરવાથી દાનેશ્વરી, ને વેપાર કરવાથી શેઠીઓ, ને મહેનત કરવાથી મજુર, કહેવામાં આવે છે એમ સમજવું.

શિ૦—ત્યારે તે ઇશ્વર ક્યાં રહે છે તે કહેવા કૃપા કરશો.

ગુ૦—તેનાં હોય તેવી એકે જગ્યાજ નથી તોય છે શું કહેવું.

એટલે એનો સર્વમાં વાસ છે એમ સમજવું.

શિ૦—હે ગુરૂદેવ ઇશ્વરને સૌ ન્યાઈ કહે છે ત્યારે ભકતો દૂ:ખી ને અભકતો કેમ સુખી જોવામાં આવે છે.

ગુ૦—એજ એનું ન્યાઇપણું સમજવું કારણ કે તે કદી અન્યાએ ચાલતોજ નથી. તું ભકતોને કોઈ વેપારમાં ખોટ જાય છે તેને દુ:ખી થવું સમજે છે ને અભકતોને નફો મળે છે તેને સુખી થવું માને છે પણ તેમ ના સમજવું જ્યારે ભકતોને ખોટ આવે છે એટલે પછે ઉપાસમાંથી અળગા થઈ ભજન કરવા મંડી જાય છે ને અભકતો નફો મળવાથી ઉપાધિ વધારી તેનાથી અજાણ્યા રહે છે હવે તને સમજાયું હશે કે ઇશ્વર કેવો ન્યાઈ છે.

શિ૦—કેવા કથા પ્રસંગમાં જવું ?

ગુ૦—આત્મા, પરમાત્માની ઐક્યતા થતી હોય તેવા.

શિ૦—તે સિવાયની કથા કેવી સમજવી ?

ગુ૦—નાટકોમાં ફારસો થાય છે તેવી.

શિ૦—નાટકનાં ફારસ જોવાથી મુક્તી મળે કે ?

ગુ૦—કો, કાળે નહિ તેથી તો ઉલટું નુકશાન સમજવું.

શિ૦—સંસારમાં સુખી કોણ ?

ગુ૦—કરજ વગરનો ને જેને ઘેર સદગુણી સ્ત્રી હોય તે તથા ઇશ્વર ભજન કરનાર.

શિ૦—ત્યારે સરાફો કરજે નાણાં કેમ જમાં કરતા હશે ?

ગુ૦—ઉપાધીમાં પડવા અગર ડુબાવવા.

શિ૦—દુ:ખ કોને સમજવું ?

ગુ૦—જેમાં નિવૃતિનો અભાવ હોય તેને ?

શિ૦ - મિષ્ટાન જમનારા સાધુઓને મુક્તિ મળે ખરી કે.

ગુ૦—એમાં તો મન વશ કરવાનું કામ છે. ને જેની જીભ વશ થતી નથી તો તે વશ ક્યાંથી થાય માટે મુક્તિની આશા ફોકટ સમજવી.

શિ૦—મુક્તિ મેળવનારાઓએ કેવો ખોરાક ખાવો ?

ગુ૦—સાદોને સ્વાદ વગરનો.

શિ૦—આપ વારે વારે મિષ્ટાન જમનારા વિરૂદ્ધ વાક્ય પ્રહાર કરો છો તો તે આપનાપર દ્વેષ કરશે કે નહી ?

ગુ૦—ના, ઉલટા તેતો મ્હારા ઉપર પ્રસન્ન થશે કારણ કે તેથી એમનાં જ્ઞાન ચક્ષૂ ઉઘડી જશે તે પોતાની ભૂલ સમજાશે એટલે કોઇનું પણ હરામનું ખાવા તાકશે નહી. તેથી પોતાનું મન વશ થશે તેથી તે ખરા મહાત્મા બની જવાના તો મ્હારાપર દ્વેષ કેમ કરે ? મ્હારો ઉદ્યમ કોઇને પણ તોડી પાડવાનો નથી પણ સર્વેને કુમાર્ગે જતાં અટકાવી સુમાર્ગે ચઢાવવાનો છે તેથી તે મ્હારાં તો ગીત ગાવાના.

શિ૦—મહાત્મા કોને કહેવો ?

ગુ૦—તેની કોઈ ગમે તેટલી નિંદા કરે પણ પોતાને જરાએ વિક્ષેપ ન થાય તેને.

શિ૦—શૂરો કોને કહેવાય ?

ગુ૦—મનને જીતવાવાળો હોય તેને.

શિ૦—મનને જીતવામાં શું ફાયદો ?

ગુ૦—તમામ દુઃખ દૂર થવાનો

શિ૦—ત્યારે તેને કેમ કોઈ જીતતું નથી.

ગુ૦—દુઃખી થવા સારૂ

શિ૦—ઇશ્વરને ઓળખવા સારૂ તો મન જીતવાની જરૂર છે ત્યારે લોકો તીર્થ યાત્રાઓમાં શું કરવા જતા હશે ?

ગુ૦—તું તિર્થ યાત્રાઓ કોને કહે છે ?

શિ૦—કાશી, રેવા, પ્રયાગ, મથુરાં, હરીદ્વાર વીગેરેને.

ગુ૦—તે તમામ તિર્થો તારા પાસેજ છે.

શિ૦—તે સમજાવવા કૃપા કરશો.

ગુ૦—કુમતીનું છેદન કરવું તે કાશી, ને રહેણી પાળવી તે રેવા, પરાયુ ધન ન હરવું તે પ્રયાગ, માન બડાઇ તજવી તે મથુરાં, હરી સાથે હેત રાખવું તે હરીદ્વાર એમ તમામ તીર્થોનું સમજવાનું છે.

શિ—એમ છે છતાં લોકો હજારો રૂપીયાનો નકામો ખર્ચ શું કરવા કરતા હશે ?

ગુ૦—તીર્થોમાં પણ ગરજુને તો સરવે મળી રહે છે એટલે તે કોઇ મહાત્માને સોધી કહાડી તેમની સાથે વારતાલાપ કરી પોતાનાં પાપો ધુવે છે તેથી તેનો ખર્ચ નકામો જતો નથી.

શિ૦—ત્યારે નકામો ખર્ચ કોનો જાય છે ?

ગુ૦—જે લોકો હૃદયમાં ભાવના નહી હોવા છતાં દેખાદેખી દુનિયાના દબાણના લીધે જે જાત્રાએ જાય છે તેમાં વળી કેટલાક દુષ્ટો તો પોતાની દુર્વાસનાઓ પુરી કરવા પોતાની પાડોશની વિધવા અગર સિધવાથી ફસાયેલા હોય છે પણ તેનો સંગ કરવાની સારી એકાન્ત નહી મળતી હોવાથી જાત્રાના બહાને સાથે તેડી મોજમજાહ મારવા જાય છે એથી પણ વધીને કહીએ તો દુરાચરણી ને ગર્ભ રહેલો હોય છે તો તેવા બહાને ઘર તજી બહાર નીકળવું થાય છે ને તેવા મથ-

કોમાં તેમનો છુટકારો કરનાર પણ મળી આવે છે. કોઇ વખતે તો જે ગોર લોકોના ઘરમાં ઉતારો કરવામાં આવેલો હોય છે તે લોકોજ તેમાં પૈસાના લોભે સારી મદદ આપે છે. વળી કેટલીક પ્રેમઘેલી ગોરાણીએ તો પરદેશથી આવનાર યાત્રાળુઓને પોતાના ભરથારની પેઠે લાડ લડાવવામાં પણ ચુકતી નથી તેવા કામમાં જે દામ ખરચવામાં આવે તો તેને નકામો ખર્ચ કહેતાં શું અડચણ છે. વળી કોઇ જજમાને રસોઇ કરવા સોંપી હોય તો તેમાંથી પણ ચોરી કરી સીધાં સામાન પણ સંતાડવા તે ભુદેવ મહાત્માઓ ચુકતા નથી કહે ભાઈ તે કેવી યાત્રા કે તેને તે યાત્રા સમજવી ?

શિ—જ્યાં જોઇએ ત્યાં આવું પોલમપોલ કેમ ચાલે છે ?

ગુ૦—એમાં તો શું આશ્ચર્ય માને છે? કેમકે તેના માથે તો કોઇની દેખરેખ હોતી નથી પણ ખુદ રાજ્ય દરબાર જેવાં સરકારી ખાતામાં પણ સરકારની ઘણી દેખરેખ હોવા છતાં તેના દુરાચરણી બીન કેળવાયેલા નોકરો ગરીબડી પ્રજાને રંજાડી ઘણા પૈસા ઓકાવી લે છે તે તારૂં ક્યાં અજાણું છે વળી વહેપારી લોકો પણ ક્યાં થોડા દગા પ્રપંચ કરે છે તેવું જોતાં ખાત્રી થાય છે કે આ જક્ત વહેવાર બધો પોલમપોલનો છે.

શિ૦—ખરો વૈદ કોને સમજવો ?

ગુ૦—ભવરૂપી રોગને મટાડે તેને.

શિ૦—તેવા વૈદો પાસે ઘણા લોકો જાય છે ને હમેશાં એમની દવા પીતા જોવામાં આવે છે છતાં તેમનો રોગ તો કાયમજ હોય છે તેનું શું કારણ ?

ગુ૦—એમના કહેવા પ્રમાણે તે ચરી નહી પાળતા હોય એજ.

શિ૰—ગમે તેમ હોય પણ દવાનો ગુણ જાય ખરો કે?

ગુ૰—હા, બાપ દવામાં દુધ હોય પણ તેમાં કરીયાતું સો ફેરા ઉકાળવામાં આવે પણ તેની કંઇ કડવાસ જતી નથી તેમ દુર્ગુણી શિષ્યો કરીયાતા જેવા સમજવા એમનાથી તો અનુભવી વૈદો પણ હારી જાય છે.

શિ૰—તેવા શિષ્યો કથા પ્રસંગે શું કરવા જતા હશે?

ગુ૰—દેખાદેખી ભક્ત કહેડાવવા.

શિ૰—તેવા જુઠા ભક્ત કહેવડાવવાથી શો ફાયદો?

ગુ૰—લોકો પુજે ને કહે મહારાજ એ.

શિ૰—હરી મેળવવા ખરૂં સાધન કયું સમજવું?

ગુ૰—નિરમાનીપણું એજ ખરૂં સાધન જાણવું.

શિ૰—નિરમાનીપણું કેમ આવે?

ગુ૰—અભિમાનનો નાશ થવાથી.

શિ—અભિમાનનો નાશ કેમ થાય?

ગુ૰—ધનનો નાશ થવાથી.

શિ૰—ત્યારે એને મેળવવા લોકો કેમ પ્રયત્ન કરે છે?

ગુ૰—બુડવા માટે.

શિ૰—એવો તે કોણ મૂરખ હોય કે હાથમાં દીવો લેઇ કુવે પડે?

ગુ૰—આખો જગત એવો છે.

શિ૰—તેમાં તરવાનું કોણ?

ગુ૰—એની સંગત છોડશે તે.

શિ૰—એતો જડ છે તો કેવી રીતે બુડાડે છે?

ગુ૰—પણ એમાં મોહરૂપી દુર્ગુણ મોટા છે તેથી તેમ થાય છે.

શિ૰—આ જગ્તની માયા તે કેવી છે કે છોડવા છતાં છુટતી નથી?

ગુ૦—મીઠી મધ જેવી મધ જેમ તેના ઉપર બેસનાર માંખોને લપટાવી માંહીનેમાંહી ચોટાડી દેઇ જેમ તેના પ્રાણ લેછે તેમ માયા લુબ્ધ થનારની દશા પણ તેવીજ થાય છે.

શિ૦—માયા કોને કહેવી ?

ગુ૦—હોય નહી ને દેખાઇ આવે તેને.

શિ૦—ન હોય ને જણાય તે કેમ માનવામાં આવે ?

ગુ૦—જેમ પડછાયો મુળે હોતો નથી પણ જણાય છે તેમ.

શિ૦—તેનું કારણ ભુત દેહ હોય છે તેથી એ જણાય છે તો માયાનું કારણ ભુત કોને સમજવો ?

ગુ૦—બ્રહ્મ સ્વરૂપ ઇશ્વરને.

શિ૦—જો બ્રહ્મમાં માયા કલ્પીએ તો પછી બ્રહ્મ કેમ કહેવાયજ.

ગુ૦—જેમ છાયા દેહમાં નથી પણ દેહ હોવાથી દેખાય છે. તે માયા બ્રહ્મમાં નથી પણ તેની પેઠે પતીત થાય છે.

શિ૦—નહી તેની પતિત કેમ સંભવે ? માટે તેનું ખરૂં સ્વરૂપ સમજાવો.

ગુ૦—જેમ સુર્યમાં કિરણો જણાય છે તેમ બ્રહ્મમાં માયા સમજવી ને એજ એનું ખરૂં સ્વરૂપ કહેવાય

શિ૦—અસંખ્ય સાધુઓ અને ભુદેવો ઇશ્વરને ઓળખવા માટે ગામોગામ ને ઠામોઠામ પ્રભુના નામની કથાઓ વાંચી સંભળાવે છે છતાં તેમાં કોઇનું પણ કલ્યાણ થતું હોય એમ જણાતું નથી તો એનું કારણ શું હશે ?

ગુ૦—પ્રભુની કથા સાભળવાથી તે કલ્યાણ ન થાય એમ તે હોય? પણ તે કથા સાંભળનારા હરી ભકતો ઘણા અંશે ભોળા હોય છે તેથી તે કથા પ્રસંગમાં બેસે છે ખરા પણ તેના હૃદયનો પ્રેમ પુરે પુરો નહી હોવાથી તેના રહસ્યનું મનન બીલકુલ

કરતા નથી ને બાજુમાં બેઠેલા બીજા તેવા હરી ભકતો સાથે ચાલતા પ્રસંગ સુધી બીજા ગપોડાંમાં વખત પુરો કરે છે તેથી તે એમને એમ રહી જાય છે એથી ઉલટું કહીએ તો તે કથા કહેનારા મહારાજો પણ પૈસાના લોભને લીધે કથા વાંચી સંભળાવે છે ખરા પણ તે પોતે પણ ઇશ્વરથી સાફ અજાણ્યા હોય છે છતાં પેટ ભરવાની લાલચે આડાંઅવળાં ગપોડાં ગોઠવી શ્રોતાજનોને સમજાવે છે તેથી કોઈનું કલ્યાણ થતું નથી.

શિ૦—એવો તે ઢોંગ કયાં સુધી નીભે જવાનો?

ગુ૦—જ્યાં સુધી સત્ય વિદ્યાની પ્રાપ્તિ નહી થાય ત્યાં સુધી.

શિ૦—પુર્વ જન્મ ખરો કે નહી સમજવો? ને પાછળનું શું સમજવું.

ગુ૦—તેવી કલ્પના કરવી તે મનનો ધર્મ છે. ને મનનું કલ્પેલું તમામ જુઠું સમજવું તો પુર્વ જન્મ નહી તો પાછલો જન્મ ક્યાં રહ્યો જેને આદ્ય નથી ને અંત પણ નથી ને મધ્યમાં જે કંઇ દેખાયું તે આકાશ પુષ્પવત્ સમજવું.

શિ૦—એમ માનીએ તો પછી હું કયાં રહ્યો?

ગુ૦—હા, ભાઇ એમજ છે. તુ એ નથી તેથી વધીને કહીએ તો હું એ નથી ને એ ટાળવા માટે તો તારે ને મારે સંવાદ કરવો પડયો છે ને એ મટયું તો પછી બીજું કંઇ કરવાનું રહેતું નથી.

શિ૦—ત્યારે એ કેમ મટતું નથી?

ગુ૦—એ તો એનો સ્તભાવજ એવો છે તો મટે કયાંથી.

શિ૦—ત્યારે લોકો ખાલી પ્રયત્ન શું કરવા કરે છે?

ગુ૦—માત્ર વિલાસ ખાતર.

શિ૦—ત્યારે એમજ કહો કે આ સર્વે વિલાસજ છે!

ગુ૦—હા, બાપ એમજ છે ને તે વિષે થોડું વિવેચન આગળ કહેવામાં આવી ગયું છે.

શિ૦—ત્યારે મને પ્રથમ પુરેપુરૂં કેમ ન કહ્યું ?

ગુ૦—એમ ઉતાવળ કરવાથી પાકું જ્ઞાન ન થાય તે માટે.

શિ૦—હે, ગુરૂદેવ આપની આવી યુક્તિ જોઈ હું ઘણોજ આનંદમાં આવી ગયો છું પણ મને એક સંશય થયો છે તે દૂર કરવા કૃપા કરશો.

ગુ૦—હે, શિષ્ય, તું સંશાત્મા શા કારણ થાય છે ગમે તેવો વીકટમાં વીકટ ને ગુચવણ ભરેલો તારો પ્રશ્ન હશે તોપણ તે મારી સન્મુખ ટકી શકશે નહી એમ જાણ.

શિ૦—જે બુદ્ધિશાળીઓ આવાં ધર્મનાં પુસ્તકો પોતાની બુદ્ધિવડે કરી લખે છે તેમાં દુનિયાંનાં બુરાં ભલાં તમામ કામોનો ચિતાર ચીતરવામાં આવે છે ને તે ભલા હોવાથી ભલાં કામો તે કરતા હશે એટલે એનો તો એમને અનુભવ હોય તેથી તે લખી શકે પણ બુરા કામોનો તો એમને અભાવજ હોય છે તેથી તે એમના અનુભવમાં નહી આવેલાં હોવાં જોઇએ છતાં તેનું વર્ણન તે કેવી રીતે કરી શકે છે.

ગુ૦—તેવું તું શા ઉપરથી કહે છે અનુભવ્યા વિના તો કોઇએ પણ કંઈ કહેવાયજ નહી માટે એમને તમામ અનુભવ પ્રથમ થઈ ગયેલો હોય છે તેથી સાર અસાર પુરેપુરૂં સમજાઇ ગયું હોય છે તેથી પોતે સારનું ગ્રહણ કરી અસારને ફેંકી દે છે એથી એમની બુદ્ધિ નિર્મળ થાય છે તેથી તર્ક શક્તિ વધે છે માટે ગહનમાં ગહન કાર્ય પણ વગર મુસ્કેલીએ તે કરે છે નહી તો પ્રથમ તો એમનામાં પણ ઘણીજ ભુલો થઈ ગયેલી હોય છે.

શિ૦—તેવી પોતાની થયેલી ભુલો તે શું કરવા પ્રગટ કરતા હશે ?

ગુ૦—એજ મોટા થવાની નીશાની છે એમ કરવાથી લોકો નિંદા કરે. ને તેમ થવાથી પોતાનાં પ્રથમ થયેલાં પાપો ધોવાય તેવા હેતુથી વળી એ માટે તો કબીરજી જેવા મહા જ્ઞાની ભર બજારમાં ડાબા જમણી બે બાજુએ વેશ્યાઓના ગળામાં હાથ નાંખી મધુપાનના શીશા મોંમાં ધટ ધટાવી. આખા નગ્રમાં ફર્યા હતા. ને નિંદાળુઆઓ પાસે નિંદા કરાવી હતી. (મધુપાનના બદલામાં–ગંગાજળના શીશા સમજવા.)

શિ૦—ધન્ય છે ધન્ય છે તે મહાત્માઓને કે એમના ઉપરથી દેખતા દુરાચરણોમાં પણ ઘણું ગુપ્ત રહસ્ય સમાએલુંજ હોય છે.

ગુ૦—એ એમ ન રાખે તો દુનિયાં તેમનો પીછો છોડે નહી તેથી તેઉપર મેલા ને અંદર ઉજળા હોય છે તેથી એમને કોઈ ઓળખી શકતું નથી. એટલે એ ઉપાધી રહીત એમનું કર્તવ્ય કર્યા કરે છે.

શિ૦—દરેક શાસ્ત્રોમાં જ્યાં જોઇએ ત્યાં બ્રાહ્મણો સૌથી શ્રેષ્ઠ કેમ કહેવાયા છે શું તે તમામ સારા હશે ?

ગુ૦—તારા સમજવામા ભુલ છે, બ્રાહ્મણ તો જે બ્રહ્મને જાણે તેને સમજવો. ને તેવો થયો તો પછી તેમ કહેવાય તેમાં શી નવાઇ. નહી તો આજ કાલના કળીયુગના ભુદેવોની વાતજ કહેવા જેવી નથી.

શિ૦—તે વાત અંધારામાં નહી રાખતાં જગત કલ્યાણાર્થે કહેવા કૃપા કરશો.

ગુ૦—સાંભળ, પૂર્વે એમના કુળમાં કેટલાક મહા જ્ઞાની મહાત્માઓ થઇ ગયેલા છે. તેમના કર્તવ્યનો હાલના કહેવાતા રૂષેશ્વરો

અભિમાન રાખી છકમાં છકી ગયા હોય છે. તેથી તે પોતાનાં નિત્ય નિમીત્ત કર્મ ભુલી જઇ જે મુખાંવિંદમાંથી અમૃત જેવાં વેદ વાક્ય નીકળવાં જોઇએ તે મુખમાંથી બીભત્સ અને અશુદ્ધ ઉચ્ચારનું વહન હર ઘડી થયા કરે છે ને તમાકુ ગાંજો એથી વધીને કહીએ તો મધુપાનના પ્યાલા સુદ્ધાંત પણ ગટગટાવી જાય છે ને માંસ સુધી પણ વાપરતાં અચકાતા નથી તું એટલેથી પણ પત્યું એમ સમજીશ નહી પણ પોતાની દુષ્ટ વાસનાના ભોગ થઇ બહેન દીકરી ભોજાઇ, કાકી, માશી મામી, ફોઇ તથા કુળ વધુઓ સાથે પણ રંગે રમે છે. ને વિધવાઓને ઘરમાં રાખે છે ને ગર્ભપાત જેવાં દુષ્ટ કર્મો કરતાં પણ અચકાતા નથી તો બોલ્ય હવે તો બ્રાહ્મણપણું ક્યાં રહ્યું કે તે નકામો અભિમાન કરતા હશે ?

શિ૦—આપે એટલા બ્રાહ્મણો માટે ઘણીજ ટીકા કરી તો બીજી તમામ કોમો તેવી નહી હોય ?

ગુ—પેહેરણામાં સરવે નાગું છે પણ ડાઘ જેમ ઉજળા વસ્ત્રને લાગે છે ને તેમાં બેઠેલો ડાઘ તુરત જણાય છે ને મેલાનો ડાઘ તેના મેલના લીધે જણાતો નથી ને જગતમાં જે જે વાતો થાય તે તમામ મોટાનિજ કરાય. બિચારાં ખુણે ખોચરે પડી રહેનારાં ગરીબડાંને વાત શી ને વિગત પણ શી. માટે એમને કહેવામાં આવ્યું છે પણ સૌએ પોત પોતાની ભુલો સુધારવા કોશીષ કરશો.

શિ૦—આપે તો સરવેને હલકા ઠરાવ્યા ત્યારે શું કોઇ સંત મહાત્મા હશેજ નહી ?

ગુ૦—બાપ, એમ તે હોતું હશે. તેવાઓ પણ અસંખ્ય છે ને

તેવાઓના પુન્ય પ્રતાપથીજ આ જગત્ ચાલી રહ્યું છે.

શિ૦—તેવા પુરૂષો કોને કહેવા?

ગુ૦—એના એ જ્યાં સુધી તે ડાબા ચાલે છે ત્યાં સુધી દુષ્ટોમાં ગણાય છે ને જમણા વળશે તો મહાત્માજ છે મહાત્માઓ કંઈ જુદા અવતરતા નથી એ તો જે વહેવાર સાચવે તે વહેવારીયો કહેવાય ને ન સાચવે તે દેવાળીયો કહેવાય તો આમાં પણ એમ સમજવાનું છે.

શિ૦—હે, ગુરૂદેવ, હું આપને જે જે પ્રશ્ન પુછું છું તેનો જવાબ આપ જેમ કોઇની પાસે મોટું ભોંયરૂં કરવામાં આવ્યું હોય ને તેમાંથી છુટથી જેમ કાઢીને આપવામાં આવે છે તેમ આપ્યા કરો છો તો તમારી પાસે તો એવું કંઈ જોવામાં આવતું નથી તો પછી આપ કેવી રીતે કરો છો.

ગુ૦—હે, બુદ્ધિશાળી શિષ્ય તને ધન્ય છે એવા વીકટ પ્રશ્ન પુછવા એજ વીચીક્ષણ ભક્તનું કામ છે સાંભળ, ભોંયરામાં ભરવામાં આવેલી વસ્તુઓ પણ વાપરવાથી કાળે કરી ખુટી જાય છે ને મારે તો તેમ નથી. સાથી કે ઇશ્વરની કૃપા દૃષ્ટિ થવાથી હું પણ એમનો થઈ ગયો છું એટલે એમનો જે જે વૈભવ હોય તેનો હું વારસ બન્યો છું તેથી તેમના તમામ ભંડાર મને સોંપવામાં આવેલા છે તો એમના આકાશ રૂપ ભંડારમાંથી તારી માગેલી વસ્તુઓ પુરી પાડું છું તો મારે ક્યાં ટોટો છે? કે તને છુટથી આપતાં કૃપણતા દેખાડું ને કૃપણતા દેખાડે તે કલ્યાણ કેમ કરી શકે?

શિ૦—આપ જે જે દૃષ્ટાંત કહી સંભળાવો છો તેમાં ઇશ્વરની ઐક્યતા બતાવવામાં આવે છે. ને એથી સિદ્ધ થાય છે કે તે એકજ છે

છતાં ભિન્ન ભિન્ન કેમ ભાસે છે. તો શું તેના કકડા કરવામાં આવતા હશે?

ગુ૦—હે, બાપ ઇશ્વરના તે કકડા થતા હશે. સાંભળી આકાશમાં સુર્ય હોવાથી પૃથ્વી ઉપર પાણીના હજારો ઘડા ભરી મુકવામાં આવે છે. ને તે તમામમાં તેનું પ્રતિબિંબ જેમ દેખાય છે પણ સુર્ય તો કોઇમાં નહી લોપાતાં જેમ ઠામનો ઠામ હોય છે ને ઘડાનો નાશ થવાથી પણ એમનો એમ રહે છે એમ ઇશ્વર પણ તેવો જ છે એટલે પ્રતિબિંબ તરીકે સર્વેમાં વાસ કરી રહ્યો છે તેથી તે કસામાં લોપાતો નથી માટે નિર્લેપ કહેવામાં આવે છે તો કકડા કહેવા કેમ સંભવે?

શિ૦—ઉપરના દષ્ટાંતથી ઇશ્વરની એકતા પુરેપુરી સમજાઈ તો તેને જાણવા સારૂ આ દુનિયામાં સેંકડો ધર્મ શું કરવા કર્યા હશે. તેવા ભિન્ન ભિન્ન ધર્મો હોવાથી એક બીજાની નિંદા કેમ કરતા હશે?

ગુ૦—અહીંથી મથુરાંપુરી જેમ પૂર્વ દીશામાં આવેલી છે તેથી આપણે તેને પુર્વમાં છે એમ કહીએ છીએ પણ ત્યાંથી પુર્વ દીશામાં વસનારાઓને પુછીએ તો અહીંથી તો તે પશ્ચિમ દીશામાં છે ને ઉત્તરવાળાઓને પુછવામાં આવે તો તે દક્ષિણમાં બતાવે ને દક્ષીણવાળા ઉત્તરમાંજ કહેવાના એમ ત્યાં જવાના સરવેના રસ્તા ભિન્ન ભિન્ન છે પણ મુદ્દે મથુરાંપુરી તો એકજ છે. તેમ સરવે ધર્મવાળાઓ જેને જુદા જુદા નામથી ઇશ્વરને માને છે તે સર્વેનો પ્રભુ એકજ છે. ફેર માત્ર એટલોજ કે કોઇ રસ્તો સીધો હોય છે તો તેમાં જનાર પંથી વહેલો પહોંચી જાય ને જો રસ્તો વિકટ હોય છે તો પહોંચતાં જ્યારે વ

થાય છે છતાં આખર તો ત્યાંનો ત્યાંજ પહોંચે છે. તેવા છતાં જે કોઇના ધર્મની નિંદા કરે તેને ગધેડો સમજવો.

શિ૦—આ જગતમાં ભક્તિ કરી ઇશ્વર ઓળખવો એની સર્વેને ખાસ જરૂર છે. પણ જે માણસો વહેવારમાં ઘણા ડુબી ગયેલા હોય છે (દેણદાર થઇ ગયા હોય છે) તેથી તે કામ એમનું એમ રહી જાય છે. તો પછી એમનો ઉદ્ધાર કેમ કરવો ?

ગુ૦—હે, શિષ્ય દેણદાર થવું તે એમની પોતાનીજ ભુલ છે. તે ઉપર મારી અનુભવેલી એક વાર્તા કહું તે સાંભળ ?

રામદાસ કરીને એક અભણ ખેડુત મારી નજીક પાડોશમાં રહેતો હતો ને તે ઘરનો સાધારણ સ્થિતિનો હતો ને પોતાના ઘરનું ગુજરાન જેમ તેમ નિભાવે જતો તેવામાં તેના વૃદ્ધ પિતા **ચતુરભાઇ** એકાએક મરણ પામવાથી. જ્ઞાતિ રીવાજ મુજબ પોતાના ઘરમાં નાણાં નહી હોવાથી ગામમાં વસ્તા **લુંટારશા** શેઠના ત્યાંથી એકસો રૂપૈયા કરજે કાઢી તેમના પાછળ દહાડો પાણી કરવામાં આવ્યાં ત્યાર પછી પેલા શેઠને રૂપીયા દશ પાઘડીના કરી એકસોદશ રૂપીયાનો દસ્તાવેજ પાડી આપ્યો. એટલે તે લોભી શેઠીઓ ધરાય તેમ નહોતો ને રામદાસને કંઇ ઉપજ નહી થવાથી બાર માસ થયા પણ કંઇ દેવું અદા કરવામાં આવ્યું નહી. ત્યારે તે શેઠે તેને બોલાવી ઘણી તાકીદની ઉઘરાણી કરી. પણ તે બીચારો આપે કયાંથી. છેવટે તેણે હીસાબ કરી આપવાની હા કહેવાથી સાડીસતાવીશ રૂપીયા ઉચક વ્યાજના નાંખી ફરીથી એકસો સાડીસાડત્રીશ રોકડા રૂપીયા લીધાનો આંકડો પડાવી આપ્યો તે રૂપીયાના બદલામાં આવતી સરામાં નિપજમાં જે માલ આવે તે જળપ લખી આપ્યો ને

મોસમ પુરી થયે તૈયાર થયેલો માલ તે શેઠીયો પોતાના હાથે મણના બદલામાં પીસ્તાલીશ શેર જોખી તમામ માલ પોતાના ઘેર લેઈ ગયો. ને ખુટતો માલ બમણા ભાવે ખંડી વાળ્યો એમ કરતાં કરતાં ફક્ત પાંચ વર્ષના અરસામાં ખાસા બારસો રૂપીયાનો માલ તો તે શેઠીયાના ઘરમાં પેશી ગયો છતાં હીસાબ કરતાં રૂપીયા આઠસેં તો હજુ દેવા રહ્યા છે. તો એ તે સત-વણી કરે તે તો જુદી સમજવી. એથી બિચારો રામદાસ કંટાળી ગયો છે ને પુરૂં પેટ ભરીને ખાતો પણ નથી એ બધીએ દેશા-ચાલની મોકાંણ સમજવી. ને એમાંથી મુક્ત થવું હોય તેણે તે ધારાને તિલાંજલી આપી દેવી. તો આપોઆપ ઉદ્ધાર થઈ જશે ને પેલા જમરૂપ શેઠનાં પગલાં પોતાના બારણેથી સદા માટે દૂર થશે. વળી જ્યાં સુધી માણસને માથે વહેવારનું દુઃખ લટકેલું હોય છે તેથી તેને કોઈ પ્રકારનું ચેન પડતું નથી. ને તે દુઃખની અસર મન ઉપર થાય છે. ને મન વિગ્રહ હોય ત્યાં સુધી પ્રભુ ભજન થતું નથી. માટે હરીના ભકતોએ નકામા કુલણજી કહેવરાવવા કરજે નાણાં કાઢી નકામા વરા કરવા નહી.

શિ૦—પેલા રામદાસ ભક્ત તો ભોળા હોવાથી એમના ઉપર ઇશ્વરની કૃપા આપોઆપ ઉતરી આવશે. પણ પેલા લુંટારશા શેઠે જે જુલમ ગુજાર્યા છે તેમનું કેમ થવાનું ?

ગુ૦—એ બાબતનો **તુલશીદાસ** ભકતે કહેલું છે કે **પરધન પત્થર જેવું સમજવું** માટે જે શેઠીયો લુંટારશાની પેઠે ગરીબોની પાસેથી અઘટીત ધન લેશે તો પાછળ તે ધનનો ભોગદારી કોઈ રહેતો નથી તેથી તે ધન પત્થરમાંજ ઘાલવામાં આવે છે ને જે ધન એમ વાપરવામાં આવ્યું તે ધન લુંટારશા શેઠના જેવું રગેલું સમજવું. ને લુંટારશા શેઠની પણ એવીજ દશા થઈ છે.

શિ૦—નેકીથી રળેલું ધન કેવા ઉપયોગમાં વપરાતું હશે?

ગુ૦—ગરીબ લાચારોને અન્ન, વસ્ત્રાદીકમાં ને સંત સાધુની સેવામાં ને સહ્વિદ્યાનો ઉપદેશ આપવામાં.

શિ૦—સંતો મોટા કેમ કહેવાય છે?

ગુ૦—તે હાથી જેવા છે તેથી. હાથી જેમ મોટા છે ને તેના પાછળ અસંખ્ય કુતરાઓ ભસ્યા કરે છે પણ તેની મોટાઇના ગુણના લીધે એમના સામુએ જોતો નથી. એમ સંતોની પણ તેવા દુરાચરણી કુતરાઓ ગમે તેટલી નિંદા કરે છે પણ એમના સહ્ગુણના લીધે બીલકુલ લેખવતા નથી તે માટેજ એ મોટા કહેવાય છે.

શિ૦—અસંત કેમ પરખાય?

ગુ૦—એથી ઉલટા ચાલી જેને તેને બાઝયા કરે તે ઉપરથી.

શિ૦—પ્રભુ કેમ મળે?

ગુ૦—સત્ય વચન આધીનતા ને પરસ્ત્રી માતા સમાન ગણવાથી. ને પરાયું ધન ને પારકી નિંદા તજવાથી.

શિ૦—આ પૃથ્વી શાના આધારે રહેલી છે ને એને ધારણ કરનાર કોણ છે?

ગુ૦—સત્યના આધારે રહેલી છે ને તેને ધારણ કરનાર ધર્મજ છે.

શિ૦—લોક કહે છે કે શેષનાગના માથા ઉપર પૃથ્વી રહેલી છે. તો તે કોણ સમજવો?

ગુ૦—એનેજ તું ધર્મજ માન્ય. ને તે એની પ્રત્યક્ષ મુર્તિ સમજ.

શિ૦—દેવલોક કોને કહેવો? ને પ્રભુનો વાસ કયાં છે?

ગુ૦—સત્ય ચાલનારો. હોય તેને પ્રભુનો વાશ પણ ત્યાંજ હોય છે.

શિ૦—સત્યની આટલી મોટાઈ શાથી?

ગુ૦—ઉપાધી રહીત છે તેથી.

શિ૦—ઉપાધી શું કરાવે?

ગુ૦—મોટી મુસ્કેલીમાં નંખાવે ને એટલાજ માટે જ્ઞાનીઓ તેને તજી દે છે.

શિ૦—મહારી ઉપાધી ક્યારે મટશે?

ગુ૦—એનો સંગ છોડીશ ત્યારે.

શિ૦—સંગ છોડું તો કેવો થાઉં?

ગુ૦—મહા જ્ઞાનીનો જ્ઞાની. નિર્મળ પાણી જેવો. શુદ્ધ સનાતન બ્રહ્મ. માયા રહીત ઇશ્વર.

શિ૦—ઘણા ગરીબ ભીખારીઓ પાસે બીલકુલ ઉપાધી જોવામાં આવતી નથી પણ તે જ્ઞાની કેમ થતા નથી?

ગુ૦—એમાં પડવાનું અંતઃકરણમાં ચિંતવન કર્યા કરતા હશે તેથી.

શિ૦—હું જે જે પ્રશ્ન કરૂં તેનો તુર્તજ ખુલાસો કરો છો. ને કોઈ વાતમાં બંધાતા નથી તેનું શું કારણ?

ગુ૦—હું છુટો છું એ સાંભળ. જે શિષ્યો બંધાયેલા હોય છે તેથી છુટવા માટે તો ગુરૂઓ પાસે જાય છે છતાં ગુરૂઓ પણ જો તેના જેવા બંધાયેલા હોય તો પછી શિષ્યને છોડે કોણ?

શિ૦બંધાયેલા ગુરૂને કેમ ઓળખવા.

ગુ૦—એ ઉપર એક ભક્તે કહેલું છે તે સાંભળ.

દુહા.

સુખીઆ ઢુંઢત મેં ફીરૂં, સુખીઆ મીલે ન કોય;
જ્યાકો આગળ દુઃખ કહું, સો પહેલા ઉઠે રોય.

ઉપરની સાખીનો અર્થ તું સમજ્યો હઇશ તે ઉપરથી ઓળખી લેવા.

શિ૦—એવા ગુરૂઓની પાસે હમેશાં જવા વાળાઓને શું ફાયદો ?

ગુ૦—નકામી પગ તોડ કરે તે.

શિ૦—ઉજળો કોણ અને કાળો કોને કહેવો ?

ગુ૦—વચન પાળે તે ઉજળો ને તેથી વિરૂદ્ધ ચાલનારને કાળો સમજવો.

શિ૦—પ્રભુને શું ગમે છે ?

ગુ૦—સાંભળ.

રાગ (ગઝલ–કવ્વાલી.)

ઝાલોને હાથમાં માળા, પ્રભુને એહ ગમે છે.
ખોટા હવે મુકી ઘો ચાળા, પ્રભુને એહ ગમે છે.
સદા સતસંગ તો કરજ્યો, પ્રભુને એહ ગમે છે.
પાપથી પાછા તો ફરજ્યો, પ્રભુને એહ ગમે છે.
પહેરો સુદ્ધ બુદ્ધની સાડી, પ્રભુને એહ ગમે છે.
કાપો અજ્ઞાનની વાડી, પ્રભુને એહ ગમે છે.
પરમાર્થ કામ કરવું પહેલું, પ્રભુને એહ ગમે છે.
મનડું કરવું નહી મેલું, પ્રભુને એહ ગમે છે.
ગરીબને ગરદન નહી મારો, પ્રભુને એહ ગમે છે.
ધણીએ બાંધ્યો છે ધારો, પ્રભુને એહ ગમે છે.
ભુખ્યાને ભોજન તો દેવું, પ્રભુને એહ ગમે છે.
મુખે નામ નારાયણનું લેવું, પ્રભુને એહ ગમે છે.
બાંધો તમે પાણીની પરવો, પ્રભુને એહ ગમે છે.
કીરતનમાં કાન કરો સરવો, પ્રભુને એહ ગમે છે.
પરહરો પરનારની પ્રીતિ, પ્રભુને એહ ગમે છે.
જગતમાં જવાના જીતિ, પ્રભુને એહ ગમે છે.
ભક્તોની હારમાં હાલો, પ્રભુને એહ ગમે છે.

કપટમાં જરા નહી ચાલો, પ્રભુને એહ ગમે છે.
દીલમાં કરી લે તું દીવો, પ્રભુને એહ ગમે છે.
ભજન રૂપ ભાંગ તો પીવો, પ્રભુને એહ ગમે છે.
ખરી ભૂમી જાણ્યને ખેડી, પ્રભુને એહ ગમે છે.
તૂટે જન્મ મરણની બેડી, પ્રભુને એહ ગમે છે.
ગાંડી ઘેલી **જીવાની** વાણી, પ્રભુને એહ ગમે છે.
હરીજનો બાંધજયો તાણી, પ્રભુને એહ ગમે છે.

શિ૦—પ્રભુને શું નથી ગમતું ?
ગુ૦—સાંભળ ?

રાગ (ગઝલ-કવાલી.)

તોળી ઓછું દેખાડીએ નમતું, પ્રભુને એ નથી ગમતું.
માયામાં મન રહે ભમતું, પ્રભુને એ નથી ગમતું.
ઉભડીએ જુઠું જે લવતું, પ્રભુને એ નથી ગમતું.
હરિ વીના કથણી જે કથતું, પ્રભુને એ નથી ગમતું.
અભક્ષા ભક્ષ જે જમતું, પ્રભુને એ નથી ગમતું.
દેખી સંત જે નથી નમતું, પ્રભુને એ નથી ગમતું.
રચ્યું મન રાંડોમાં રમતું, પ્રભુને એ નથી ગમતું.
પરાયા દીલને જે દમતું, પ્રભુને એ નથી ગમતું.
હરે જે પારકી નારી, પ્રભુને એ નથી ગમતું.
કરે મધુપાનની યારી, પ્રભુને એ નથી ગમતું.
હોય જે વેણનું જુઠું, પ્રભુને એ નથી ગમતું.
પરમાર્થ સામી દે પુઠું, પ્રભુને એ નથી ગમતું.
કરે જે ચુગલી ને ચાડી, પ્રભુને એ નથી ગમતું,
અધર્મી હોય અન્યાડી, પ્રભુને એ નથી ગમતું.

કરે જે દુષ્ટોની સેવા, પ્રભુને એ નથી ગમતું.
તજી દે સેવવા જેવા, પ્રભુને એ નથી ગમતું.
ધરે જે પારકી આશા, પ્રભુને એ નથી ગમતું.
બસે ને હોય ખુબ ખાશા, પ્રભુને એ નથી ગમતું.
દાનત જેની હોય છે કુડી, પ્રભુને એ નથી ગમતું.
ઓળવે જે પારકી મુંડી, પ્રભુને એ નથી ગમતું.
ભાણામાં ભેદ જે કરતા, પ્રભુને એ નથી ગમતું.
જરા નહી દોષથી ડરતા, પ્રભુને એ નથી ગમતું.
જીવો કહે મનનો હોય મૃજી, પ્રભુને એ નથી ગમતું.
હરી વિના વાત કરે દુજી, પ્રભુને એ નથી ગમતું.

શિ૦—ઇશ્વરને જાણવા માટે આરોગ્યતાની ખાસ જરૂર છે. છતાં આ ભૌક્તિક દેહ ઘડી ઘડીને પળે પળે રોગ ગ્રસ્ત થઈ જાય છે. તો માણસનું આટલું આયુષ્ય કેટલું સમજવું ?

ગુ૦—આપણાં હિંદુ શાસ્ત્રોમાં છત્રીસહજાર દિવસનું કહેવામાં આવ્યું છે છતાં કેટલાક તનદુરસ્ત માણસો એથી પણ અધીક આયુષ્ય ભોગવવાના ઘણા દાખલાઓ મળી આવે છે.

શિ૦—ત્યારે હાલમાં તો ઘણા જણાઓ મુદ્દલ વીસથી તે ત્રીસ વરસ જેવી યુવાન વયમાં કાળના ભોગ થતા જણાવવામાં આવે છે તો એનું શું કારણ ?

ગુ૦—એનાં કારણો કહેવા બેશીએ તો પાર આવે તેમ નથી. ને તે બાબતનાં ઘણાં પુસ્તકો લખવામાં આવેલાં છે. તે વાંચી વાકેફ થવું. પણ એનું મૂખ્ય કારણ એજ કે, માણસની બે દરકારી સિવાએ બીજું કંઈ માલુમ પડતું નથી (આરોગ્યતાના નિયમ પાળવાની સંપૂર્ણ ખામી હોય છે.)

શિ૦—એવી ખામીના કારણથી જે પટકાઈ પડ્યા હોય તેણે કેમ કરવું?

ગુ૦—કોઈ સારા ને અનુભવી વૈદ્ય ડૉક્ટરની સલાહ પ્રમાણે દવા લેવી. તે વિના કુદરતી હવાથી જે ફાયદો થાય છે તેવો ફાયદો તો તે લોકો પણ કરી શકતા નથી. પણ આળસુઓ માટે તો તેઓને પણ સારા સમજવા.

શિ૦—આપણા કહેવા પ્રમાણે તેવા લોકોની દવા ઘણા લોકો વાપરે છે. પણ ફાયદામાં તો માત્ર મિંડા વિના બીજું કંઈ જોવામાં આવતું નથી તેનું શું કારણ ?

ગુ૦—હે બાપ, દવા તો ખોટી હોયજ નહીં પણ તેના અનુભવી વૈદ ડૉક્ટર પાસે ગયા વિના ક્યાંથી ફાયદો થાય.

શિ૦—જનારાઓ તો કહે છે કે અમો અમુક વૈદરાજની દુકાને ગયા હતા ને તેમની દુકાન આગળ મ્હોટું પચરંગી બોર્ડ લટકાવવામાં આવ્યું હતું. ને તેમાં લખેલું હતું કે, અમારી દવાથી તુરત ફાયદો થશે. એવું વાંચી દવા ખરીદી હતી.

ગુ૦—એજ ઠગવાની નિશાની સમજવી. ખરીદવા વેચવા વાળાઓને તો તેવાં પાટીયાં મારવાં પડતાં નથી જેમ કસ્તુરીના વેહેપારીઓ તેને અગોચર મુકી રાખે છે. પણ તેની વાસ જેમ છાની નહી રહેતાં દશે દીશામાં ફેલાઈ જાય છે તેમ સારા વૈદ્યો તથા ડૉક્ટરો પણ છાના રહેતા નથી ને એમની સચ્ચાઈના લીધે એમની દવાથી ફાયદો પણ પડે છે.

શિ૦—ત્યારે પેલા ભપકદાર વૈદ-ડૉક્ટરોને કેવા સમજવા ?

ગુ૦—માણસ મારૂ-ઊંટ વૈદો.

શિ૦—મેં ઘણી જાહેર ખબરોમાં નીચેનાં દવાઓનાં ભારે વખાણ સાંભળ્યાં છે એટલે કે, “અમૃત સજીવની” “વિર્યનો વર્ષાદ”

"મુડદાં સજીવન કરવાની દવા" "સાંઢાનું તેલ" "બુઢ્ઢાને યુવાન બનાવવાની દવા" "આંધળાઓને દેખતા કરવાનો ઉત્તમ સુરમો" તો તેવી દવાઓ ખરીદવી કે નહીં?

ગુ૦—કચરાપટ્ટીના ટોપલામાં નાંખી દેવી. સાંભળ—એ વૈદ્યરાજોના લખવા પ્રમાણે તે દવાઓમાં જો બરોબર ગુણ હોત તો આ દુનિયામાં જે કરોડો માણસો રોગના ભોગ થઇ પટકાઈ પડ્યા છે તે થાત નહીં. ને તેવાઓને તે લોકો સાજા કરવા કેમ જતા નથી માટે તેવા લેભાગુ વૈદ્યરાજ્યોને છેટેથીજ નમસ્કાર કરવા ને કુદરતી ઉપાયો અજમાવવા અગર શાસ્ત્રપદ્ધતિ પ્રમાણે જે દવા કરી જાણતો હોય તેવાઓનો આશ્રય લેવો કે જેથી ફાયદો થાય ને કદાપી ફાયદો ન થાય તો પણ બીજો નવો રોગ વધવાની ધાસ્તી રહેશે નહીં.

શિ૦—વૈદકનો વિષય પણ સમજ્યો, પણ આપણા જોશી મહારાજો લોકોને જોશ જોઈ આપે છે ને તેના પાછળ પણ લોકો લાખો રૂપીયા બરબાદ કરી નાખે છે તો તેની સચ્ચાઈ વિષે શું સમજવું?

ગુ૦—એ પણ પોલંમપોલ જેવુંજ છે. શાથી કે તે ખુદ જોશી મહારાજો એમની બહેન દીકરીઓનાં લગ્ન કરે છે ને તેમાં બહુજ ધ્યાન આપી સારૂં મુહુર્ત શોધી કાઢે છે કે વર કન્યાને જીંદગાની પ્રયત્ન વિઘ્ન આવે નહી. છતાં એમનું જોયેલું ભવિષ્ય તો એમની પોથીમાં રહી જાય છે ને પરણનાર બહેનને રંડાપો પ્રાપ્ત થાય છે. તે ઉપરથી એમનું પોગળ ખુલ્લુંજ જણાય છે તો વધુ વાત કરવાની ક્યાં જરૂર રહી? કે નકામો વખત ગુમાવવો પડે.

શિ૦—આપ એમની વાત તદ્દન નજીવી ને જુઠી કરી કાઢો છો તો

એમના કહેવા પ્રમાણે આકાશમાં સૂર્ય–ચંદ્રનું ગ્રહણ કેમ થાય છે તો એમની વિદ્યા જુઠી કેમ કહેવાય?

ગુ૦--ગ્રહણને જાણી લેવું તે વિદ્યા કંઈ એમના ઘરની નથી તે તો ગણીત ઉપરથી સમજવાનું છે એટલે જેમ અમુક તીથી કેડે અમુક્તિથી આવે છે તેમ આકાશમાં ફરતા ગ્રહોની ચાલ ઉપરથી તેને જાણી લેવા માટે મોટા પુરૂષોએ ગણિતશાસ્ત્ર બનાવ્યાં છે. તે ઉપરથી ભણેલાં નાનાં છોકરાંઓ પણ ગણિત કરી કહી બતાવે છે તો તેમાં જોશી મહારાજ શું માન ખાટી જાય એમ છે.

શિ૦—મંત્ર તથા મુઠ ચોટ સાચું માનવું કે નહી? એથી તો ઘણાના જીવનું જોખમ થાય છે.

ગુ૦—તેને તદ્દન માનવું નહી. તે વાત સાચી હોય તો રાજ્ય દ્વારમાં ઘણા કેસો ચુકાવવામાં આવે છે તેમાં એકને લાભ ને બીજાને હાની થાય છે તો પછી તે અધિકારી ઉપર કેમ કોઈ કંઈ કરી શકતું નથી માટે તે વાતને તદ્દન ગપ ગોળા જેવી સમજવી તેમાં ઠગાવવું નહી.

શિ૦—ત્યારે લોકો દોરા ધાગા કરાવી કેમ બાંધતા હશે?

ગુ૦—ધુતારા લોકોનાં ઘર ભરવા સારૂં ને નકામું વહેમનું બીજ ઘરમાં રોપવા કે પાછળની પ્રજા પણ તે દુષ્ટ ઠગારાના ભોગ થઈ પડે.

શિ૦—જ્યાં જોઇએ ત્યાં આવા ધુતારાઓ કેમ ઉભરાઈ આવ્યા છે?

ગુ૦—જ્યાં સુધી દેશમાં ખરી વિદ્યાની ખામી છે ત્યાં સુધી દેખાશે.

શિ૦—પછીથી કેમ થશે?

ગુ૦—જેમ દીવો પ્રગટવાથી અંધારૂં એની મેળે એકદમ પલાયન કરી જાય છે તેમ તે પણ પલાયન કરી જવાના.

શિ૦—હાલમાં જે વિદ્યા ચાલે છે તે કેવી સમજવી ?

ગુ૦—જ્યાં સુધી ભ્રાતૃ ભાવ રાખ્યા વિના એક બીજાની જુદાઇ સમજી દગા ફટકા કરીને છેતરવામાં આવે છે તે ખરી વિદ્યા કહેવાય નહી.

શિ૦—તેવી વિદ્યા થઈ કેમ જાણી શકાય ?

ગુ૦—સૌ સૌનો ધંધો પ્રમાણિકપણેથી કરે ને કોઇનું અધર્મનું લેવા તાકે નહી. તે ઉપરથી જાણીએ ને તેમ થયું એટલે ખરી વિદ્યા પ્રાપ્ત થઈ છે એ નક્કી સમજવું.

શિ૦—હે ગુરૂ દેવ, મને એક સંત મહાત્મા કહેતા હતા કે મહાત્મા-ઓ તો બહુ લડવૈયા હોય છે ને તે પોતાનાં લડાયક હથીયારો વડે પોતાના શિષ્યોના વહાલા મિત્રોનો એકદમ નાશ કરી નાખે છે. એ વાક્ય સાંભળી હું ઘણોજ અચંબામાં પડી ગયો છું. ને ગુંચવાયા કરૂં છું તો તેનો ખુલાસો કરવા કૃપા કરશો?

ગુ૦—તને જે મહાત્માએ કહેલું તે વાત રજે રજ સાચી છે. સાંભળ, એમના પાસે વિચાર રૂપી તોપ હોય છે: તેમાં પ્રભુ સાથે પ્રીતિ કરવી. તે નામનો દારૂ ભરવામાં આવે છે ને પછી જ્ઞાન રૂપી ગોળાઓ તે તોપની અંદર ગોઠવવામાં આવેલા હોય છે ત્યાર પછી તે જપમાળા નામની જામગ્રી સળગાવી ચાંપે છે કે તુરત જ મોટો ધડાકો થાય છે ને પછી પેલો ગોળો એકદમ જોરમાં જતો કે પોતાના શિષ્યના હૃદયમાં વાગે છે કે પ્રથમ તો એનો અધર્મ નામનો કીલ્લો તુટી જાય છે ને પછી તેના વહાલા મિત્રો જે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર તથા એમના સ્ત્રી પુત્રાદિક તમામ પરિવાર હોય છે તે સરવેનો ચુરેચુરો થઇ જાય છે એવું એ ગોળામાં ઝેર રહેલું હોય છે પછી તે ભક્તને ધીરજ

વિના બીજા કોઇનો આશ્રય નહિ રહેવાથી દીન થઇ જાય છે પછી નિરૂપાયે ગુરૂનો આશરો લેવો પડે છે. તેથી તેનું કલ્યાણ થાય છે. તે માટે એમને લડવૈયા કહેવામાં આવે છે.

શિ૦—ઇશ્વિરને મળવાથી બહુજ આનંદ થાય છે તેવું આપે વારંવાર કહેલું છે ત્યારે આપ પૂર્વે કહી ગયા છો કે જનકપુરના જનક રાજાને ઇશ્વિર પ્રાપ્તિ થઈ હતી. છતાં કહેવામાં આવ્યું છે કે તે જનક અંતર વૃત્તિએ સદા ઉદાસ હતો તો તે કેમ સંભવે? કેમ કે જેની ઉદાસ વૃતિ મટી નથી તો પછી આનંદ થાય ક્યાં-થી? ને તેમ ન થાય તો ઇશ્વિર પ્રાપ્તિ પણ થઈ કહેવાય કેમ?

ગુ૦—ધન્ય છે બાપ, એવી ઘણા વખત ઉપર કહેવામાં આવેલી વાતનું મનન કરી તેમાં રહેલી શંકાનું સમાધાન કરી લેવું એજ મુમુક્ષુ શિષ્યનું કર્તવ્ય છે નહી તો નકામા કથા પ્રસંગમાં જગ્યા રોકનારાઓનો કંઈ તોટો નથી. સાંભળ, એ જનક રાજાને જે ઉદાસી થઈ હતી તે આ જગતના નાશવાન પદાર્થો ઉપરની કહેવામાં આવી હતી. નહિ તો તે પૂરેપૂરો મહા જ્ઞાની આનંદ સ્વરૂપજ હતો.

શિ૦—પ્રભુ કોનો વિશ્વાસ કરતો નથી?

ગુ૦—મુકેલી થાપણ પાછી આપતાં જેનું દીલ દુઃખાય છે ને પોક મુકી રડવા બેસે છે તેનો.

શિ૦—એમ કરવાથી તેને શી અડચણ આવે?

ગુ૦—ફરીથી કોઈ ધીરે નહિ તે, એ ઉપર એક વાર્તા કહું તે તું સાંભળ. વિલાસપુર કરીને એક ઘણું વિસ્તીર્ણ નગર હતું તેમાં ત્રિલોકીનાથ કરી એક મોટો ગૃહસ્થ રહેતો હતો. તેની ગૃહસ્થા-ઈના પ્રમાણે તે દયાળુ પણ બહુજ હતો એટલે એ પોતાની

સુઠી વસ્તા પુરજનોને રળી ખાવા માટે વગર વ્યાજે કોઇની પણ જામીનગીરી વિના ઉધારે તેની ગૃહસ્થાઇ પ્રમાણે ધીરતો હતો. એથી તેની પ્રસંશા આખી દુનિયામાં દશે દિશાઓમાં થતી હતી. તે વાત કોઇ દેશાવર વાશી વહેપારીઓએ સાંભળવાથી ચાર જણા એકઠા મળી ચાર લાખ રૂપીયા તેના ત્યાંથી ઉપાડી લેવા ને પછીથી એને પાછા નહિ આપવા તેવો વિચાર કરી તે દેશમાં ગયા ને તેજ ગામની એક ધર્મશાળામાં ઉતારો કર્યો ને પૂરવાસી માણુસને તમામ બીના પૂછી ખાત્રી કરી લીધી. તો જે સમાચાર પોતાના દેશમાં મળ્યા હતા તે પ્રમાણે તમામ બરોબર હતું તેથી રસોઇ પાણી કરી પરવારી પેલા શાહુકારની પેઢી ખોળતાં ત્યાં પહોંચ્યા ને તે ગૃહસ્થ શેઠીઆને મળી, પોતાને આવવાનું કારણ જાહેર કરી દીધું ત્યારે તે શાહુકારે કહ્યું કે આજે તો અમારા રીવાજ મુજબ સરવે કામ કરી રહ્યા છીએ માટે આવતા કાલે દશ વાગે આવી ચાર લાખ રૂપીયા, ખુશી સાથે લેઇ જવા, તેમાં તમારી પાસેથી વ્યાજ પેટે એક પાઇ પણ લેવામાં આવશે નહિ. ફક્ત સરત એજ છે કે તે નાણાં મારે જે વખતે જોઇએ તે વખતે પાછાં આપતાં તમો આનાકાની કરી શકો નહિ. તે પ્રમાણે પેલાઓએ કબુલ કરી ખુશી થતા પોતાના મુકામે ગયા ને બીજે દિવસ થતાં કહેલા ટાઇમે દુકાને હાજર થયા તો દુકાન બંધ દેખાઇ, આજુબાજુના પાડોશીઓને પૂછી ખાત્રી કરી તો એમ કહેવામાં આવ્યું કે તે શેઠનો એકનો એક યુવાન પુત્ર આજે એકાએક હૃદય બંધ થઇ જવાથી મરણ પામ્યો છે તેથી તેના સબને અગ્નિ સંસ્કાર કરવા ગયેલા હોવાથી પેઢી બંધ રાખવામાં આવી છે. તે સાંભળી

પેલા વહેપારીઓ નિરાસ થઇ નિસાસા નાંખવા મંડયા ત્યારે પેલા પાડોશીઓ કહેવા લાગ્યા કે તમો ફીકર કરશો નહી તે શેઠીયો તો એવો દયાળુ છે કે કોઇને પણ નિરાશ કરતો નથી તો તમોને તે કેમ કરશે. હવે તે પુત્ર મરણનું કામ અટોપાઇ ગયું હશે માટે થોડીવારમાં મુનિમ વિગેરે શેઠ સુદ્ધાંત આવતા હશે તેમ કહે છે એટલામાં તો એકે એકે તમામ માણસો આવી દુકાન ખોલી સૌ સૌના કામે કામ કરવા મંડી પડયા એટલે પેલો શેઠીયો પણ આવી પહોંચ્યો. ને હમેશના ધારા મુજબ તે જે પોષાક ધારણ કરતો હતો તેજ પ્રમાણે આજે પણ તેમનું તેમ હતું. તેમ મુખમુદ્રા પણ બીલકુલ કરમાએલી નહોતી ને જેવો તે આવી પોતાના મુકામે બેઠો કે તુરતજ પેલા પ્રદેશીઓને બોલાવવા હુકમ કર્યો ને તેમને જોડે બેસારી બહુજ મીઠાસ ભર્યા શબ્દોમાં તેમની સાથે વાતચીત કરી ને મુનીમને રૂપીયા ગણી આપવા હુકમ કર્યો તે તમામ દેખાવ દેખી પેલા ધાસુ શાહુકારો તો રાભાજ બની ગયા ને પેલા શ્રીમાન શેઠીયાને કહેવા લાગ્યા કે તમારો એકનો એક યુવાન દીકરો આજે ગુજરી ગયો છે એવું અમોએ સાંભળ્યું છે છતાં તમો કેમ રોતા નથી ને ગાન તાન ઉડાવી રહ્યા છો. તેનો તમને જરાએ શોક થતો નથી. તમારા જેવા તે કોણ નિર્દય હોય કે પોતાના પુત્રની પણ દરકાર ન કરે. અમારા દેશમાં તથા અમારે ત્યાં તો એવા ચાલ છે કે તેવો પ્રસંગ આવે તો મહિનાના મહીનાઓ સુધી રોયા કરીએ ને મોંઢે ને માથે ધુળ ધાલીએ, છાતી કૂટયા કરીએ પણ તમોને અમો કંઇ કહી શકતા નથી કારણ કે તમારે ત્યાંથી વગર વ્યાજે અમારે નાણાં લેવાનાં છે હવે અમને તાકીદે

નાણાં ગણી આપો, નકામા ખોટી થવામાં શું ફાયદો ? ત્યારે તે શાહુકાર બોલ્યો કે તમારા જેવા દેવાળીયા લોકોને નાણાં ધીરવા આ પેઢી .ખોલવામાં આવી નથી માટે તમને નાણાં મળશે નહિ જેમ આવ્યા તેમ હાલા માલા પાછા ચાલ્યા જાઓ તમો કહો છો કે અમારો છોકરો મરે તો રોયા કુટયા વિના રહીએ નહી તો તમો .નાણાં પણ પાછાં કેમ કરી આપો માટે તમને મળશે નહી. તેથી તે લોકો નિરાશ થઈ ખર્ચના ખાડામાં ઉતરી પોતાના દેશમાં પાછા આવ્યા. આ વાતથી હે, બુદ્ધિશાળી શિષ્ય તું સમજ્યો તો ઠીક તો પણ હું કહું તે સાંભળ, તે શેઠીઓ તે ઇશ્વર સમજવો. ને તે જે નાણાં ધીરે છે તે આપણી પ્રજા વિગરે બીજી સામગ્રી સમજવી. તે આપણને મફત આપે છે ને તેનું આપણ ઘણા વખત સુધી ભોગવીએ છીએ ને એ પ્રજા આપણને મહેનત કરી લાખો રૂપીયા રળી આપે છે. તેમ કરતાં ઇશ્વર ઇચ્છા થવાથી તેને પોતાના દરબારમાં તેડાવી લે છે. તો આપણ રડવા ને કુટવા મંડી પડીએ છીએ આપણી કેટલી મુર્ખતા છે કહો પછી આપણને તે કોણ ધીરે ત્યારે આપણો પ્રભુ આપણો કેવી રીતે વિશ્વાસ રાખે. માટે આપણો વહેવાર વધે તેમ કરવા ચુકવું નહી. એટલે પ્રભુ આપણને ગમે તેવી દશામાં મુકે. તેને પ્રભુની મરજી સમજી નહી ખીજવાતાં આનંદમાં રહેવું તે આપણું શાહુકારૂં કહેવાય. અને એની ઇચ્છાઓનો ભંગ પણ કરવો નહી. તે ઉપર એક ભક્ત કહી ગયા છે તે તું સાંભળ.

ભુજંગી છંદ.

પ્રભુને ગમે તે સમે સર્વ સહેવું, સદા રાજી રાજી હૃદયમાંજ રહેવું;
કરોને તમે લક્ષ કોટી ઉપાયે, લખી વાત મિથ્યા ન થાય લગારે.

એ ઉપરથી સમજવાનું કે ઇશ્વરના હુકમમાં રહેવાથી ફાયદો છે.

શિ૦—હે, ગુરૂદેવ. આપની વાણી મને અમૃત જેવી લાગે છે. ને તેમાં ઘણીજ મીઠાશ પડે છે ને તેનું વારે વારે પાન કરવા છતાં ધરાતો નથી તેમ બીજા હરીજનો પણ આપણી ઘણીજ પ્રસંશા કરે છે. પણ કેટલાક ગણ્યા ગડ્યા લોકો તો કહે છે કે એમની વાણી તો અમોને કડવી ઝેર જેવી લાગે છે તેનું શું કારણ?

ગુ૦—હા, બાપ મારી વાણી તેવીજ છે. જેમ કોઇ દરદી હોય ને તેને મહા રોગ થયો હોય પછી તે સારા વૈદરાજ પાસે દવા લેવા જાય છે ત્યારે તે દયાળુ વૈદરાજ તેનું દરદ મટાડવા સારૂ તેના ઉપર દયા લાવી પ્રથમ કડવી ઝેર જેવી દવાઓ આપી જેમ તેને રેચ લેવરાવે છે તેથી તેનાં તમામ રોગો ઉલટી તથા ઝાડા માર્ગે નીકળી જાય છે પછી તે દરદી થોડે થોડે આરોગ્યતાને પ્રાપ્ત થાય છે ને છેવટે નખમાં પણ દુઃખ રહેતું નથી. તેમ મારી દવા રૂપી વાણી પણ ભવ રૂપી રોગને મટાડવા માટે બનાવવામાં આવી છે. તેથી કડવી તો હશે. ને તે લોકોને પીતાં મોં મચકોડાતું પણ હશે ને સુગ પણ આવતી હશે. ને તેથી મારો અવગુણ પણ ગાતા હશે. ને દવા પર પણ તિરસ્કાર દર્શાવતા હશે કારણ કે તેમાં ચરી પાળવી ઘણી વસમી ઠરાવેલી છે એટલે છળ પ્રપંચ છોડવા ગમતા નહી હોય. તો પોતાનો રોગ મટે ક્યાંથી? ના, નહીંજ મટવાનો. એ એમની ઉધાઇનુંજ કારણ સમજવું. નહી તો મારે તો સરવે સામાન્ય છે. જેને કસ્તુરી વહોરવી હોય તે તો તેની કાળાશ સામું નહી જોતાં તેના ગુણ સામું જુવે છે. ને ખરીદે છે એમ જેને ઇશ્વર ઓળખવાનો છે તેને તો મારા રંગ રૂપ ઉપર કંઇ મોહી પડ-

વાનું નથી. કે જેથી તેને વાંધો આવે. તેમ કંઈ ભેળા બેશી જમવાનું પણ નથી કે વટલાઈ જાય. પણ તેને તો ફક્ત મારી વાણીનુંજ કામ છે તો તે કંઈ કાળી ગોરી કે વાંકી ચુંકી નથી કે તેને વાંધો આવે તેમ છતાં તેને ન રૂચે તો તેના અભાગ્યનીજ નીશાની સમજવી. પ્રભુ એમનું સારૂં કરશે. મારી તો એજ આશિષ છે.

શિ૦—હે, મહા પ્રભુ આપે મને ઘણોજ ઉમદો ઉપદેશ આપ્યો છે. છતાં મારી પાસેથી કંઈ પણ ગુરૂ દક્ષણા તરીકે લેવામાં કેમ ના કહો છો માટે મારી જીજ્ઞાસા પુરણ કરવા સારૂ થોડું ધન માગો તો હું ખુશીથી આપું.

ગુ—અરે બાપ. ગુરૂ દક્ષણામાં તે કંઈ ધન લેવાતું હશે. વિદ્યા તથા દીકરીનું ધન લેનારા મહા નીચમાં નીચ સમજવા માટે મારાથી લેવાય નહી. પણ જો તારી ઇચ્છા હોય તો ફક્ત એક તારૂં મન મને આપ એટલે બસ છે તેથી હું ઘણોજ સંતુષ્ટ થઇશ.

શિ૦—કબુલ છે. તે હું અર્પણ કરી ચુક્યો. એમ સમજો.

ગુ૦—અરે, મુઢ. તું મને છેતરે છે ?

શિ૦—ના, બાપ, હું તમને કેમ છેતરી શકું ?

ગુ૦—તેં પ્રથમ કહ્યું કે હું મારૂં મન તમને અર્પણ કરી ચુક્યો છું એ તેં શા વડે કરીને કહ્યું ?

શિ૦—વળી મારા મન વડે કરીને.

ગુ૦—અરે બેવકુફ હવે તે મન તો તેં મને અર્પણ કરી દીધું છે. તો તે તારૂં ક્યાં રહ્યું કે મારા મન વડે કરીને કહે છે ? બોલ્ય, હવે તેના ઉપર તારો શો હક છે ?

શિ૦—હે, ગુરૂદેવ, હક તો કંઈ નથી પણ એમ કહેવાય તો ખરૂં કેની ?

ગુ૦—અરે લુચ્ચા, તું કેવો બદમાસ છે કે જે તારૂં નહી. તો પછી તેમ કહેવાય પણ કેમ. એ કંઇ નાની સુંની વાત કહેવાય. ને તે શાહુકાર શિષ્યનાં લક્ષણ ખરાં કે.

શિ૦—હે, બાપજી આમાં મને તો કંઇ સમજ પડતી નથી માટે મારામાં જે તમારૂં હોય તે તમારી મેળે લેઇ લ્યો ને જેમ મારૂં ભલું થાય તેમ કરો ?

ગુ૦—હા, બાપ, તે સરવે નહી સમજી શકાય તેવુંજ છે ને શે તમામ તેં ગુરૂને અર્પણ કરી દીધું છે તેથી તેના ઉપર તારો હક પણ રહ્યો નથી. ને હવે તે સાથે તારે કંઈ પ્રયોજન પણ નથી. પણ તે મન હું તને તેના તમામ વૈભવો સાથે પાછું આપું છું તેને તું નિયમ પ્રમાણે ઉપયોગમાં લેજે. ને તે ગુરૂનું છે ને હું તો તેનો સાચવનારો છું એવી રીતે ઉપયોગ કરજે. તેથી તેને સંસારની તમામ કામો કરતાં છતાં વિઘ્ન આવશે નહી.

શિ૦—ધન્ય છો ગુરૂદેવ આપની યુક્તિને. પણ તેમ ન જતાં પછી હું કોણ રહ્યો તે કહેવા કૃપા કરશો ?

ગુ૦—શાન્ત, સ્વરૂપ, શુદ્ધ આત્મા કલેશ રહીત, નિરંજન નિરાકાર ઇશ્વર.

શિ૦—એજ મહારૂં પોતાનું સ્વરૂપ કે મેં ઓળખ્યું. વાહ ! વાહ ! હવે તો કંઈ જુદું જણાતુંજ નથી સરવે આકાશની પેરે નિર્લેપ એક સ્વરૂપજ છે.

ગુ૦—હા, બાપ. એમ છે એવું સમજ્યો થકો જ્યાં સુધી આ સંસારમાં રહે ત્યાં સુધી દુનિયાદારીના તમામ વહેવાર સાચાની પેરે નિર્લેપ રહી કરજે તેમાં તને કંઇ બાધ આવશે નહી.

શિ૦—આપે પ્રથમ કહેલું કે દીકરીના દામ લેનાર તો મહા નીચ

કહેવાય છે તો તેને કેવા નીચ સમજવા? તે કારણ સાથે કહેવા કૃપા કરશો?

ગુ૦—કસાઇયો કરતાં પણ હલકા. કારણ કે કસાઇઓ તો પશુનાં માંસ વેચે છે ને વળી તે પણ પારકાં વેચાતાં લાવીને વેચે છે. વળી તેમાં કોઇ દયાળુ હોય છે તો પોતાના ઘરના પશુઓને તેમ વેચતા પણ નથી. ને આ તો ખાસ પોતાના પેટની પુત્રી હોય છે. ને માણસ જેવું રત્ન કહેવાય છે. તે વેચી જે દામ લેવામાં આવે તે દામથી ઉદર નિર્વાહ કરે છે. તો તે દીકરીનું માંસ ક્યાં નહી ખાધું કહેવાય. ધિક્કાર છે તેવા અધમ પાપીષ્ટોને. કે આ પૃથ્વી ઉપર ભાર રૂપ ફર્યા કરે છે તે કરતાં તો આ ભૂમીમાં ન જન્મ્યા સારા સમજવા શાથી કે તેવા નાપાકોનાં મોઢાં જોવાં પડે નહી.

શિ૦—હે, ગુરૂદેવ, આપે સાધુ, સંત, સન્યાસી, પરમહંસ વગેરેની ઘણીજ પ્રસંશા કરી છે. અને તેમને મોટા દયાળુ મહાત્મા ઠરાવી દેવામાં આવ્યા છે. ને ત્યાગી મહાત્માની ઉપમા આપી દેવામાં આવી છે. પણ તેવા કહેવાતા મહાત્માની મારી અનુભવેલી એક વાત જરા ધ્યાન દઇ સાંભળો! ને પછી તેનો જવાબ આપો કે તે ત્યાગી મહાત્માને કેવા સમજવા? સાંભળો, આજથી પાંચ વર્ષની વાત ઉપર મારા આજુબાજુના પાડોશીઓ મળી પચીસ માણસ ડાકોરના ઠાકોરની જાત્રાએ ગયા હતા. ને અમદાવાદ સુધી તો સીધા ગાડીમાં ગયા હતા. પણ ત્યાંથી પગચાલે જવા દુરસ્ત ધાર્યું હતું. મોસમ પણ ચોમાસાની હતી ને ઝરમરીયો વરસાદ વરસ્યા કરતો હતો. ને ચરોત્તર જેવો રસાળ પ્રદેશ હોવાથી જંગલની લીલાનો કુદરતી

બગીચો સરવેના મનનું આકર્ષણ કર્યા કરતો હતો. તેવી લીલાનું અવલોકન કરતા જતા હતા એવામાં સાંજ થવા આવી. ને એક નાનુંશું ગામડું આવી પહોંચ્યું. અમો પણ થાક્યા હોવાથી ત્યાંજ વાસો કરવા દુરસ્ત ધાર્યું. પણ ગામડું નાનું હોવાથી સરવેનો ખંટાવ થાય તેવી જગ્યા મળી નહી ને વરસાદ કહે કે હું ઘણો. ને કપડાં તો છેક પલળીને લથર પથર થઈ ગયાં હતાં ને શરીર પણ ટાઢે ધ્રુજ્યા કરતું હતું એવામાં તે ગામના કોઇ ભલા માણસે કહ્યું કે ગામની ભાગોળમાં જમણી બાજુએ એક પરમહંસ બાવો રહે છે ત્યાં તમારા જેવા વટેમાર્ગુ જાવાળુઓ માટે ગામ તરફથી ફાળો કરી એક નમુનેદાર ધર્મશાળા બાંધવામાં આવી છે ને તેની અંદર એક નાનકડી કુઈ પણ કરાવી છે એથી તમામ સોઈ સારી છે. ત્યાં જઈ ઉતારો કરો તો તમે સુખી થશો. તે પરોપકારી પુરૂષના કહેવાથી અમો ત્યાં ગયા પણ જેવા કે તે મકાનના બારણામાં પગ મૂક્યો કે તે મહા પુરૂપ તો એકદમ ખીજવાઈ ગયા. ને બીભત્સ શબ્દોથી સરવેને આવકાર આપવા મંડયા ને કહે કે રખડતે રખડતે અત્યારે સાંજકી બખત સાલે કહીસે આતા હે, ભાગ જાઓ. શું તુમેરા બાપકી જગ્યા હે કે સાલે ધાડાને ધાડા આકે મહીં ગુસને લગતા હો. અમ તો કોઈકી બી પરભા નહી રખતે. સાલે ગામ લોકબી એસે હે કે જે લોકો આતે હે તે તમામકું ઉધર મોકલતે હે. શું કંઈ તેવા લોકોકું ઉતારને માટે મેં ઉધર રહેતા હું. કે તુમેરેકું પેઠને દેઉં. ચલે જાઓ. એ મહાત્માજી આમ કહેતા હતા. તોએ પણ બીજે કયાંહી મુકામ નહિ હો.

વાથી અમે જાણ્યું કે ઘડી બે ઘડી પછી પણ તે બાવો નરમ થશે તેવું સમજી કાલાવાલા કરી કરગરવા લાગ્યા ને એમ કરતાં વહાણું વાયું પણ તે ટેકીલા મહાત્માએ તેનો ટેક છોડયો નહિ ને પછી અમો પણ સૂર્યનારાયણનો ઉદય થવાથી હમારે રસ્તે પડી ગયા પણ કહેવાનું એ કે તે સાધુબાવાને એવું કેવું એકાન્તિક ભજન કરતા હશે કે તે ભંગ થવાના ડરના લીધે જગ્યામાં કોઇને પેસવા દેતા નહિ હોય ને એમનો ત્યાગ પણ કેવો કહેવાય તે કહેવા કૃપા કરશો ?

ગુરૂ—હે શિષ્ય, તે બગં મહાત્માની મેં પણ મુલાકાત લીધી છે. તે તું સાંભળ ? જેમ તું પોતાના સોબતીઓ સાથે જાત્રાએ ગયો હતો તેમ હું પણ કેટલાક વર્ષ ઉપર તેજીજ સોબત સાથે તેજ ગામે જઇ ચઢયો હતો તે સાંજ પડી જવાથી તે જગ્યામાં રાત રહેવાનો પ્રસંગ આવી ગયો હતો પણ વાત તારા કહેવા કરતાં તદ્દન ઉલટીજ હતી અમને કોઇ ગામના ભોમીઆ માણસે તે જગ્યામાં જવા કહેલું તે સાથે એમ પણ કહેલું કે સાથે બૈરાં હોય તો બાવો ઝટ માગ આપે છે પણ તમો તમામ પુરૂષો છો એટલે પેસવા દેશે નહિ માટે તે ભણી નહિ જતાં બારોબાર બે ગાઉ ઉપર બીજું મોટું ગામ છે ત્યાં જાઓ તો સુખી થશો પણ તે વખતે રાતના આઠ વાગી ગયેલા ને દિવસ પણ ચોમાસાનો, રાત પણ અંધારી, અજાણ્યો પ્રદેશ, બાવળની ઝાડી, ને કોઇના પગમાં પગરખાં પણ મળે નહિ તેથી કોઇની હિંમત ચાલી નહિ તેથી સરવે નિરાશ થઇ ગયા. ને હવે કેમ કરવું. તે વિચારમાં તે બાવાની જગ્યાથી થોડેક નજીક

ઉભા હતા તેવામાં અમારા સંગમાં એ (નાટકી) તરગાળા પણ હતા. તેમાં એક સીતેર વર્ષનો ડોસો ને બીજો સોળ વરસનો યુવાન છોકરો હતો. તે કહે કે એ કામ તો અમારૂં છે તમે કેમ ગભરાઓ છો, એમ કહેતા કે તે બંન્નો પાસે એમનો કીસબ હોવાથી વસ્ત્રાભૂષણ પણ તૈયારજ હતાં. તે ધારણ કરી લીધાં ને કોઈ પણ ન ઓળખે તેવાં સુંદર બૈરાંઓ બન્યાં પછી તે મહાત્માજીની જગ્યા તરફ ગયા તો છેટેથી અમને આવતા દેખી અમારા સામા આવ્યા ને જગ્યામાં ઉતરવા ભલામણ કરી ને કહેવા લાગ્યા કે ઓ સબ જગ્યા પરમાત્માને આપને જેસેકું આને જાને વાલેકું ઉતરને માટે બના રખ્ખી હે. પધારીએજી, ઓર ધર્મશાળામાં સબ લબાચા મુકના. ને ઓ મૈયા લોક હે, ઉનકું તુમ પુરૂપકી જોડમેં નહિ ફાવેગી. માટે મેરે ભજન કરનેકે લીગે ઓ છોટીશી કોટડી બનવા રખીહે. ઈસિમેં મેરી જોડે મેં સુથા રખ્ખુંગી. બચ્ચે કુચ ગભરાના નહિ. ઓર બાસન કુસન સીયા સામાન સબ ગુરૂ મહારાજકા પ્રતાપસેં તૈયાર હે તો કાયકું ભૂખકા દુઃખ સહન કરના ચાહીએ. પછી અમને તો પાકા સીધાનો તમામ સામાન આપ્યો તે લેઈ લાડુ વિગેરે તમામ સામગ્રી તૈયાર કરી સર્વેએ જમી લીધું. ને વાસણ કુસણ ઉટકવા મંડયા તો તે મહાત્માજી કહેવા લાગ્યા કે તુમ લોક મત ઉટકીયો. એ તો મેં સબ મેરે હાથસેં કર લઉંગા. તો એમોએ કહ્યું કે, બાપ એમ તે થાય કે? ત્યારે તે મહા પ્રભુ કહે કે તુમ લોક કયા જાનતે હો. તુમેરા જૈસા યાત્રાળુકી સેવા કરની એહી સાધુકા ધર્મ હે? એમ કહી અમારી પાસેથી તમામ વાસણ પડાવી લેઈ રાતના બાર વાગ્યા સુધી પોતે સાફ

શુરૂ કરી રહ્યા ને હાથે ચાંદાં પડયાં. અમો સરવે મહારાજે આપેલાં રૂવેલ ગોદડાં પાથરી લસલસાટ ઉંઘવા મંડયા. પછી વહાણું વાયું એટલે મહારાજને જોગોપાળ કરીરસ્તે ચાલતા થયા રસ્તે જતાં પેલા (નાટકી) તરગાળાઓ કહેવા લાગ્યા કે જરા અમારી રમુજી વારતા તો સાંભળો. તે મહાત્મા તમારી પાસેથી તમામ કામ અટપી રહ્યા પછી અમારી કોટડીમાં પધાર્યા ને કેટલીકવાર બીજી વાત ચીત કર્યા પછી બોલ્યા કે, કામકા વિકાર બડા ખરાબહે, ઉસકું જબ લગ નહિ ભોગનેમેં આતાહે તબ લગ ભજનબી અચ્છા નહિ હોતાહે, તો આપ મૈયા પુન્ય કરનેકું યાત્રાકું નીકલી હો, ને મેરેકું બીકારને લીયે રહા નહી જાતા હે, તો તુમેરે પુન્યકી ખાતર એ ચંડાલકું જરા તૃમ કરના. જબ આપને પાસે રામજીના આસરે સરવે સામગ્રી તૈયારહે તો કાયકું દેર કરના ચાહીએ, એમ કહેતા કે અમારી તરફ ધસ્યા કે ડોસો કહે, હું બોલ્યો કે હે મહાત્માજી એ છોટી બાઈકું મત અટકના અને મેં તો વૃદ્ધહું. ને એ યુવાનકું આજે રજસ્વળા ધર્મમાં આઈહે. તો એસા કામ કરનેસે બહોત પાપ લગેગા. પછી તે મહાત્માજી બોલ્યા કે મેં રજસ્વળા, બજતસ્વળાકું નહી સમજતા. એ તો તુમારે જેસે અપવિત્ર લોકકા માટેહે. અમારે જેસા મહાત્માકું ક્યા લગતા હે, એ કામકી નિવૃતિ કરકે પીછે ભજનકી એસી ધુન લગાઉં કે સબ દોષ બલીને ખાખ હો જાવે. માટે મેરેકું મત રોકના. તેવા છતાં તુમ નહી માનોગી તો એસા શ્રાપ દઉંગા તો તુમેરા ખરાબ હો જાવેગા. તુમારે લીએ તો મેંને ધર્મશાળામાં સબકું ઉતારા દીયાહે ને લાડુકા સીધા દીયા, ને સબ બળતણ ઘસઘસકે માંજ દીયાહે. તો પીછે કાયકું ના કહેતી

છે. એવી રીતે આ વાતચીત ચાલતી હતી ને પછી વહાણું વાઇ જવાથી તમો લોકોએ કોટડીનાં દવાર ઠેલ્યાં ને મહારાજના વિચાર એમના મનમાં રહી ગયા ને અમો તમારા સાથે રસ્તે પડયા, ઉપરની વાત સાંભળી અમો સરવે પેટ પકડીને હસવા મંડયા. ને તે મહા પ્રભુનાં વખાણુ કરવા લાગ્યા. તેં જે મહાત્મા વિષે વાત કરી તે પોતેજ હતા. ને એમની લાયકાતનો પુરાવો કેવો નમુનેદાર છે એ એમનું ભજન અને એ એમનો ત્યાગ સમજવો, તેવા સાધુઓને ઘરનાં નાણાં ખરચી મકાનો સોંપનારને ઘણો ધડો લેવા જેવો છે તેમ આવતા જતા મુસાફરોએ પણુ ઘણું ચેતતા રહેવાનું છે. ને તેવા લુચ્ચાઓથી કોઈ ન ઠગાય એટલા માટે આ દાખલો અહીં લખવામાં આવેલો છે.

શિ૦—જ્યાં જોઇએ ત્યાં આવા ઠગ લોકો કેમ જોવામાં આવે છે. શું કોઈ ખરો મહાત્મા હશેજ નહિ? ને તમામ ઠેકાણે એમ હોય તો પછી ઈશ્વિર પ્રાપ્તિ થાયજ ક્યાંથી?

ગુ૦—અરે બાપ એમ તો હોયકે, સૌ સારૂં નહીં પણ સારૂં ખોટું ભેગું જોવામાં આવે છે. ને સારાના ઘરાકો તેને ખપ હોવાથી તેની શોધ કરી મેળવી પણ લે છે. એ ઉપર મારી અનુભવેલી એક વાર્તા કહું તે સાંભળ? એક વખત અમો આઠ દસ માણસો એકઠા મળી, મથુરાંની યાત્રાએ નીકળ્યા હતા ને પગે ચાલે જતા હતા. રસ્તામાં આવતાં તમામ તીર્થો કરતા હતા એમ કરતાં કરતાં અમો છેક મથુરાંએ પહોંચ્યા ને એક ધર્મશાળામાં મુકામ કર્યો પછી રાત્રી પડી એવામાં બાર વાગ્યા ને સુમારે અમારા સાથમાંથી એક માણસને એકાએક કોલેરાનો રોગ લાગુ થયો. તેથી હાથ પગ ચુંટાવા લાગ્યા ને ઉલટી તથા ઝાડો જોસબંધ થવા લાગ્યો ને આંખ્યોમાં ખાડા પડી ગયા.

અમો સરવે ઘણી સંભાળથી મહેનત કરતા છતાં, સવાર થતાં તો તદ્દન બેહાલ જેવો થઇ ગયો. પછી અમો એક સારા વૈદ્યરાજને બોલાવી લાવ્યા તો તેને તપાસી કહ્યું કે, એની દવા માટે તો પાંચ મણ માખણ જોઇશે. તે તમો બજારમાં જઇ તુર્તજ લાવો. કે તેની હું દવા બનાવી આપું તે દવા ખાવાની સાથે તુરત ફાયદો થશે. તેમના કહેવા પ્રમાણે હું તથા એક બીજો માણસ તે માખણ માટે ત્યાંની મારકીટમાં પૂછતા પૂછતા ગયા તો ત્યાં હારબંધ દુકાનો જોવામાં આવી. ને અકેકી દુકાને મોટી પાંચ પાંચ માટીની ગોળી, સાંકડા મોં વાળી ને ઉપર એક વેંત ઉંચા સુધી માખણ મુકવામાં આવેલું હતું તેમ તે ગોળીયો ઉપર પણ ચોપડી દેવામાં આવ્યું હતું તેમાં અમો તો ઉતાવળના લીધે પહેલીજ દુકાને જઇને ઉભા ને તોળવા કહ્યું એટલે તે વેપારીએ એક નાનો કાંટો હાથમાં ઝાલ્યો ને અમને કહે કે નવટાંક, પાશેર કેટલું જોઇએ છે. તે તમને તોળી આપું ત્યારે અમોએ કહ્યું કે અમારે તો સામટું પાંચ મણની ખપછે. ત્યારે તે કહે કે એટલું તો મારી પાસે નથી એટલે અમારે ઉતાવળનું કામ હોવાથી લાંબી પરપૂછ નહિ કરતાં તેની જોડેની દુકાને ગયા તો ત્યાં પણ તેનો તેજ જવાબ મળ્યો. એમ આખી મારકીટ જોઇ તો એનું એ કહેવામાં આવ્યું તેથી અમો નિરાશ થઇ છેક છેલ્લી દુકાનવાળાને પૂછ્યું કે અમારે જોઇએ છે તેટલું માખણ નહિ મળે? ત્યારે તે કહે કે તમારે એટલું જથાબંધ લેવું હોય તો એક સંતરામ કરીને એ તો મોટો વેપારી છે પણ તે પોતાના ઘેરજ વેચે છે ત્યાં જશો તો તમારૂં ધારેલું કામ પાર પડશે. પછી તેનું ઘર પૂછતા ગયા ને જોઇતી જણસ મેળવી ને ત્યાં પુર જથામાં જોઇએ તેટલો માલ પણ

જોયો. પણ ગરજુ વિના બીજાને બતાવતા પણ નહી. તેવા-ઓનો રીવાજ હતો. ત્યાંથી લાવી વૈદ્યરાજ પાસે દવા બનાવી આજારીને ખવરાવી તો તુરત ફાયદો પડી ગયો પણ તને અચંબો થશે કે પેલા મારકીટમાં બેઠેલા હારબંધ દુકાનદારીઓ મોટી મોટી ગોળીઓ લેઇ બેઠા છતાં આપતા પૈસે એટલો માલ કેમ આપ્યો નહી હોય તેના પેટામાં સમજવાનું કે તે ગોળીયોનાં મોં સાંકડાં હતાં ને તેના અંદર તેમાં બંધ બેસતા ગલાસ ગોઠવવામાં આવ્યા હતા તેમાં ઉપર થોડું થોડું માખણ મુકવામાં આવ્યું ને થોડું ગોળીયો ઉપરં પણ ચોપડવામાં આવેલું તે પણ પોતાના ઘરનું નીપજાવેલું નહી ને બાકી તમામ પોલુંભમ હતું ને એ પ્રમાણે તમામ દુકાને ઉપર ઉપરનો દેખાવજ હતો. તો તે બિચારા કયાંથી આપે. આ વાતથી તારે ઘણોજ અનુભવ કરવાનો છે કેમકે આવી રીતે આપણા ધર્મોમાં પણ પોલ ચાલે છે કેમકે આજ કાલ જયાં જોઇએ ત્યાં પ્રભુ સંબંધી કંઇ પણ જ્ઞાન નહી હોવા છતાં એક બે વાતો તથા ભજનો બીજાઓના પાસેથી ગોખી રાખેલાં હોય છે. તે આ-વનાર ભોળાભકતોને પેલા માખણની પેઠે ઉપરથી દેખાડવા સારૂ કહ્યા કરે છે તેથી બિચારા રાજી રાજી થઇ જાય છે. ને તેવા પોલા વેપારીઓ ફાવી જાય છે. પણ આ વાત ઉપરથી એટલું તો સિદ્ધ પણ થાય છે કે જેને પ્રભુની પીછાણ કરવી છે તેને પેલા માખણની પેઠે મળી પણ જાય છે તેથી તેવા સાચા સંતો પણ છે તો તેને મેળવી લેવા ને ઢોંગીઓથી દુર રહેવું.

શિ૦—એતો વેપારીઓ રહ્યા એટલે એમજ હોય કેમકે નાણાંનું કામ છે એટલે સરવેને પાસે સરખાં હોતાં નથી તેથી ઉપર ઉપરના ભપકા બતાવી પોતાનું ગુજરાન કરવું પડે પણ બીજી કોઇ મુદ્દાની વાત હોય તો કહો કે મારા જ્ઞાનમાં વધારો થાય ?

ગુ૦—સાંભળ, ત્યાર પછી અમો પાંચ સાત દિવસ મથુરામાં રહ્યા ને તમામ આજુ બાજુનાં તીર્થોમાં ફરી જાત્રાઓ કરી તેવામાં અનકુટ ઓચ્છવનો દિવસ આવી પહોંચવાથી એક ભોમીયો મહારાજ અમને સાથે રહી તમામ મંદીરોમાં અનકોટનાં દર્શન કરાવ્યાં તો તેમાં ખડકવામાં આવેલા જુદી જુદી જાતના પકવાનોના ઢગલા જોઇ તથા તે ગોઠવવાની કારીગરી જોઇ ગીરફતાર થઈ ગયા ને ત્યાં આગળ મંદીરોનો મોટો જથો હોવાથી ફરતાં ફરતાં રાત્રીના આઠ નવનો સુમાર થઇ ગયો તો પણ તેનો પાર આવ્યો નહી ને અમો સરવે રસોઇની ચીંતામાં પડયા ને ભુખ પણ કકડાવીને લાગી હતી. ત્યારે ગોર મહારાજે કહ્યું કે તમારે તે ચિંતા કરવાનું કારણ નથી આપણે હાલમાં જે મંદીરમાં જઇએ છીએ ત્યાં આગળ મારો એક ઓળખીતો મહારાજ છે તે તમો તમામને ત્યાંજ અનકુટનો પ્રસાદ ભાંણે બેશી જમાડવામાં આવશે તે સાથે મેં પ્રથમથી સંકેત કરી મુકેલો છે. એમ વાત કરતા હતા એટલે તો મંદીર પણ આવ્યું અમો પણ વાત બંધ રાખી અંદર દાખલ થયા. ને એક બાજુએ કપડાં ઉતારી હાથ પગ ધોઇ જમવા બેઠા કે તમામ જણની આગળ હારબંધ પાટલા મુકવામાં આવ્યા ને તે ઉપર થાળી વાટકા ગોઠવાઇ ગયા ને જોડે જળના લોટા તે ઉપર ગ્લાસ સુધી ગોઠવી દેવામાં આવ્યું

પછી મોડું થઇ જવાથી પેલી અનકુટમાં મુકવામાં આવેલી સામગ્રી કેટલાક માણુસો ઉઠાવી લેતા હતા. ને તેમાંથી લાવી અમને પણ પીરસવામાં આવતું હતું તે તમામ કામ અમારી નજર આગળ થતું હતું તેમાં અજાયબી જેવું તો એ જોવામાં આવ્યું કે તે તમામ ગોઠવેલા ઢગલાઓની અંદર નીચે માટી-નાં કુંડાં ઉધા વાળવામાં આવ્યાં હતાં તેથી અમોએ પેલા મંદીરના મહારાજને પુછ્યું કે આનું કારણ શું? ત્યારે એમણે કહ્યું એતો ઢગલા મોટા દેખાડવા માટે એમ કરવામાં આવે છે ને એમ તમામ મંદીરોમાં થાય છે ને તમે જાણો છો કે આ વખત બધો પોલંમ પોલનોજ છે તે કયાં તમારૂં અજાણ્યું છે કે મારે કહેવાની જરૂર પડે. એતો સઘળે એમજ ચાલ્યા કરે છે. હે! શિષ્ય, સમજ્યો? ઠેઠ દેવમંદીરો સુધી પણ આવો ઢોંગ પીછોડો કરવામાં આવે છે. મારા કહેવાનો મુદ્દો એવો ન સમજીશ કે સરવે ઠેકાણે તેવું પોલ છે. પણ તેવું કરતા હશે તેને માટેજ તેવું સમજવું. ને તેવાઓની કપટ જાળમાં ફસાવવું નહી એ કહેવાનો મારો હેતુ છે.

શિ૦—તાળી ભજન કેવું? હાલમાં હું એક મંદીરમાં દરશન કરવા જઉં છું ત્યાં ઘણા ભકતો ભેગા મળી. બહુજ જોરમાં આવી જઈ મોટા તાબોટા પાડે છે ને ગમ્મત કરે છે.

ગુ૦—હે બાપ, તે ભજન તો ઘણી ઉચી પ્રકારનું ને સૌથી શ્રેષ્ટ છે. પણ તેનો ભેદ ઘણો જુદોજ છે. એ તાળી ભજન એમ સમજવાનું છે કે આપણું જે મન છે તેને આડું અવળું ભટ-કવાની બહુજ બુરી ટેવ પડી ગઇ છે તેને તાણી પકડી પ્રભુ સાથે બાંધી દેવું એટલે તે સાથે એકયતા કરાવવી. તેનું નામ

તે ભજન કહેવામાં આવ્યું છે ને તેથી મુક્તિ પણ મળે છે. તેથી ઉલટા ચાલી ફાતડાની પેઠે તાબોટા પાડી હસ્યાહસ્ય કરવું ને હાથ દુખાવવા તેથી કંઇ ફાયદો થતો નથી. માટે ઇશ્વરના ગરજુ ભક્તોએ તો તેની પ્રાપ્તિ થાય તેવી તાળી વગાડવી.

શિ૦—દરેક શાસ્ત્રોમાં ઠામ ઠામ સ્ત્રીઓની ઘણી નિંદા કરવામાં આવી છે. તેવું કેટલાક સાધુ તથા બ્રાહ્મણો કહે છે તો શું તે નિંદવા લાયક છે ?

ગુ૦—નારે, બાપ. એમ તે હોય, તેના આધારેથી તો આ જગત ઉત્પન્ન થાય છે ને જેના પેટ મોટા મોટા સાર્મથો જન્મ લે છે. ત્યારે તેની નિંદા કરનારને પુછવું કે તમારી મા કોણ હતી એજ વખતે તે શરમાઇ જવાના. ને ઉત્તર આપી શકવાના નહી. ને નીચું મોં કરીને બેશી રહેવાના. શાસ્ત્રોમાં તેના માટે જે નિષેધ લખવામાં આવ્યો છે તે વ્યાજબી છે. કારણ કે મોટા પુરૂષો જે વાકય લખે છે તે પુર્ણ વિચાર કરી પછી લખવામાં આવે છે. પણ તેના વાંચનારા તેનો ખરો અર્થ નહી સમજી શકવાથી અર્થનો અનર્થ કરી નાંખે છે. તેથી લોકો ભુલાવામાં પડે છે તેનો ખરો અર્થ તો એજ કે આપણામાં જે કુકર્મો કરવાની દુષ્ટ વાસના રૂપ કુમતિ નામની સ્ત્રી ઘર કરી રહેલી છે, તેને તજવા કહેલું છે. ને તે નિંદવા લાયકજ છે.

શિ૦—મુવા પાછળ તથા શ્રાધ પક્ષોમાં જે શ્રાધ કરી પિંડદાન આપવામાં આવે છે. તેનું કારણ શું સમજવું ?

ગુ૦—તે પિંડદાનનો અર્થ તો ઘણોજ જુદો છે. એટલે કે સંસારમાં આ નાશવાન દેહનું નામ પિંડ ઠરાવેલું છે. ને તે દેહવડે કરી આપણા માત પિતાની હયાતીમાં તેમની સેવા કરવી તે પો-

તાનો દેહ પડી જાય. તેની પણ દરકાર નહીં કરતાં એમના આધીન રહેવું તેવું દાન શ્રવણ નામના બ્રાહ્મણે પુર્વે કરેલું છે ને આપણે પણ એમ કરવાનું છે. ને તેવું દાન કરનાર પુત્રજ કહેવાય છે ને બાકીનાં પીંડદાન તો ફક્ત માછલાં તથા ભટજી મહારાજની તૃપ્તિનાં છે એમ સમજવું.

શિ૦—આપે આગળ એક કવાલીમાં કહેલું છે કે "ઝાલો તમે હાથમાં માળા, પ્રભુને એહ ગમે છે" તો સુતાર લોકો તેને બનાવે છે ને હરઘડી હાથમાંને હાથમાં રાખે છે. તો શું તે પ્રભુને ગમતું હશે. ને એમનું કલ્યાણ થતું હશે?

ગુ૦—એનો અર્થ એજ કે આપણા શરીર અંદર મનરૂપી માળાના મણકા કુમાર્ગ તરફ હમેશાં ફરે છે તેને સુમાર્ગ તરફ ફેરવવા. હાથમાં ઝાલવા કહેલું છે ને એ પ્રભુને પણ ગમે છે. કંઇ લાકડાંની માળા ઘડનાર અગર હાથમાં ઝાલી તાણા તાણી કરવાથી કલ્યાણ થતું નથી. તોએ તે પણ સાફ નિંદવા જેવી તો નથી. તે રસ્તે જવાથી પાછળથી ખરી વસ્તુ સમજાય છે.

શિ૦—હો કૃપાનિધી! આપ પ્રથમ કહી ગયા છો કે આ સર્વે જગત્ એક ઇશ્વરમાંથી ઉત્પન્ન થયું છે એટલે તે એકજ સ્વરૂપ છે. છતાં ભિન્ન ભિન્ન કેમ દેખાય છે?

ગુ૦—સાંભળ, જેમ એક સોનાની લગડી હોય છે ને તેના જેમ જુદી જુદી પ્રકારના ઘાટ બનાવવામાં આવે છે ને તે જેમ ભિન્ન ભિન્ન દેખાય છે એમાં પણ એમ સમજવાનું છે.

શિ૦—હું એક ઠેકાણે કથા સાંભળતો હતો. તે કથા સંભળાવનાર મહાત્મા કહેતા કે બીજા કોઇ ધર્મવાળાની કથા સાંભળવી નહી. એમ કરવાથી તો ઉલટા તારા કાન અપવિત્ર થશે. ને

આપ તો બીજે ગમે ત્યાં સાંભળવા જવા છુટ આપો છો. તેનું શું કારણ?

ગુ૦—એ ઉપર મારા અનુભવની એક વાત છે. તે તને સંભળાવું એટલે તારા મેળેજ તેનો ખુલાસો થઈ જશે. અમારા ગામમાં એક જુઠાભાઈ અને બીજાનું નામ સાચાભાઈ કરી બે કાઠીયાવાડી સોની રહેતા હતા ને તે કારીગરીના કામમાં ઘણાજ હોંશીયાર હતા. તેથી તેમને ત્યાં ઘરાકી પણ સારી જામી હતી પણ તે જુઠાભાઈ કોઇને માલ વેચાણ આપતો તો પહેલેથીજ બોલી કરતો કે આ માલ બીજા કોઇને બતાવવો નહી. અને પૈસા રોકડા લેવામાં આવશે. તોએ પણ તેનો ઘાટ દેખાવમાં ઘણોજ સારો હોવાથી લોકો ખરીદતા હતા ને પેલા સાચાભાઈ કહેતો કે મારો માલ તમારે ફાવે ત્યાં અંકાવવો ને ત્યાર પછી ખાત્રી કરી પૈસા આપવા તેવી તે બોલી કરતો હતો. તેવો બન્નેનો વેપાર ઘણા વખત ચાલ્યો. પછી પેલા જુઠાભાઇના ઘરાકોમાંના કોઇને નાણાંની જરૂર પડી ને દાગીનો વેચવો પડયો તો ઝવેરીને ત્યાં ગયા ને તેણે તાવીને તપાસ્યો તો સાફ પીતળજ દેખાયું સાથી કે તેમાં પેલા સોનીનોજ દગો હતો. એટલે તેના ઉપર માત્ર ગીલેટ ચડાવી સોના જેવો દીપતો કર્યો હતો. ને તેટલાજ માટે બીજે નહી દેખાડવાની આપતીજ વખતે બોલી કરવામાં આવતી હતી. ને જ્યારે સાચાભાઇના ઘરાકને તેમ જરૂર પડી તો તેના પુરેપુરા પૈસા ઉપજ્યા. આથી તું સમજ્યો તો હઇશ કે જે ગુરૂઓ કંઇપણ જાણતાહો નથી ને ઉપરનો ડીમાક બતાવે છે. તેજ બીજે જવાની ના કહે છે ને જે પુરેપુરા માહીતગાર હોય છે તે તો

પેલા સાચાભાઇની પેઠે દરેક ઠેકાણે કથા પ્રસંગમાં જવા છુટ આપે છે.

શિ૦—આપે તેવા સાચા મહાત્માનાં દર્શન કર્યા છે? ને તેમનો આડંબર કેવો હોય છે?

ગુ૦—હા, મારી ઉમરમાં એવા મેં ત્રણ મહાત્મા દીઠા છે ને તેમના આડંબરમાં માત્ર દીશાઓ એ એમનાં વસ્ત્ર ને પૃથ્વી તે એમનું આસન ને બાહુ એમનું ઓશીકું અને આકાશ તે એમનું ઓઢવાનું વસ્ત્ર ને ઉદર તે એમની ઝોળી ને બન્ને કરતે એમને જમવાના પાત્ર હતાં ને પરણુવ તે એમનો મહામંત્ર હતો. બીજું કંઈ પણ જોવામાં આવતું નહતું.

શિ૦—એમનો સમાગમ આપને ક્યાં થયો હતો? ત્યાંથી તમને શું પ્રાપ્ત થયું?

ગુ૦—મારા રહેવાના ગામમાંજ પ્રથમ તો એક મહાત્મા મારા મિત્રને ત્યાં અનયાસે આવ્યા હતા ને તેમનો ભેટો ત્યાંજ થયો હતો. ને બીજા મહાત્મા મારા ભાઇને ત્યાં મળ્યા હતા. ને ત્રીજા મહાત્મા મને આપોઆપ સેજ મળી આવ્યા હતા. અને તે દરેકની પાસે માત્ર પાપા કલાક વાતચીત થઇ હતી. ને તે ત્રણે જુદા જુદા પ્રસંગે ફક્ત તેટલીજવાર ટકયા હતા. અને આજે તને કહેવામાં આવે છે તે તમામ તેમની પાસેથી પ્રાપ્ત થયું હતું.

શિ૦—એટલી થોડીવારના ઉપદેશથી આવડી વિસ્તારવાળી કથા કેમ પ્રાપ્ત કરી શકયા ને તેમને દક્ષણા શું આપવામાં આવી. તે મને કહી સંભળાવવા કૃપા કરશો?

ગુ૦—એટલીવારમાં તે શું બધું જાણી લેવામાં આવતું હશે. પણ

એમણે જે કીમતી બોધ આપ્યો તે વખતે તો તે માત્ર બી-જરૂપ હતો એટલે જેમ ખેતરમાં દશશેર અનાજ વાવવાથી સોમણુ અનાજ પાકી આવે છે તેના કરતાં પણ બીજરૂપ ઉપદેશ ઘણોજ મોટો હતો ને દક્ષણામાં તો તેમને બીજું કંઇ નહી લેવાથી ફક્ત મારૂં મનજ આપવામાં આવ્યું હતું ત્યાર પછી તે પવિત્ર મહાત્મા ત્યાંથી ચાલી ગયા તે ફરીથી મળ્યા જ નહીં. પણ મને ચિંતવન કર્યાની સાથે તેમની તાદ્દસ મુર્તિ મારા સનમુખ ખડી થાય છે. ને હું એ મનહર મુર્તિનાં હમેશ દરશન કર્યા કરૂં છું પણ ખુબીતો એ હતી કે મેં જે ત્રણ મહાત્મા બબ્બે વર્ષના અંતરે જુદા પ્રસંગે જોયા પણ તે ત્રણ-નો દેખાવ તો એકનો એકજ હતો. ને ઉપદેશ પણ એજ હતો.

શિ૦—આગે મેં આપને પુછેલું કે તત્વમાં તત્વ વસ્તુ કઇ ? તેના ઉત્તરમાં આપે કહેલું કે "હરીનામ સ્મરણ" ને તમામ શા-સ્ત્રોમાં પણ તેને તત્વ ગણવામાં આવ્યું છે. તો મોટો ખર્ચ કરી નકામી મોટી દ્રષ્ટાંત સિદ્ધાંતવાળી કથાઓ લોકો શું કરવા કહેવડાવતા હશે ? વ્રતવ્રતૂલાં તથા તિર્થોમાં કેમ જતા રહેછે.

ગુ૦—તેને વીણી કાઢવા માટે જેમ કોઇને માખણનો ખપ હોય છે ને તે દૂધમાંથી ઉત્પન્ન થાય છે પણ તેમાંથી ઝટ હાથ લાગતું નથી. પણ તેને મેળવવા પ્રથમ તેમાં ખટાઇ મેળવી દહીં બનાવવું પડે છે. પછી તે દહીને એક ગોળી લાવી તેમાં નાંખવું પડે છે તેમાં વળી પાણીનો પણ ખપ પડે છે. વળી વાંસ નેત્રાં વીગેરે અનેક સાધનો એકઠાં કરવામાં આવે છે. તે જુદાં પછી તેનું ખુબ મથન કરવું પડે છે ત્યારે તેને સારભુત માખણની પ્રાપ્તિ થાય છે. આમાં પણ તારે એમ સમજી લેવું.

શિ૦—હાલમાં મને એક ભક્ત મળ્યા હતા. તે કહેતા હતા કે તમને કંઇ સમજણુ પડતી નથી. નકામા પ્રભુ માટે જ્યાં ત્યાં ફાંફાં મારો છો ને તમે જેની તેની પાસે જાઓ છો તે તો તમામ ઠગ લોકો છે. ને હું જે ઠેકાણે જાઉ છું તે એકલાજ સંત મહાત્મા છે ને તે અમને પણ કહે છે કે તમારે બીજે ક્યાંહી જવાની જરૂર નથી. તો તે ભક્તનું કહેવું કેવું સમજવું ?

ગુ૦—તેમને તો પેલા કુવાના દેડકા જેવા સમજવા. સાથી કે એમને તે કુવા વિના સમુદ્રનું સુખ શું છે ને તેની લહેરની કેવી મી-ઠાશ પડે છે. તે જોયેલું નહી કેમકે તે કુવામાંથી હજુ સુધી નીકળવા શક્તિમાન થયા નથી તેથી તે એમ કહેતા હશે ને તે સંતને પણ ઠગ સમજવા કે તેમને બીજે જવા ના પાડતા હતા. એમ એકને એક ઠેકાણે ગોંધાઈ રહેવાથી પુરૂં જ્ઞાન પ્રાપ્ત થઇ શકતુ નથી. સરવેનો સાર જોઇ લેઇ ત્યારપછી ઐક્યતા મેળવવાની છે.

શિ૦—જ્યાં ને ત્યાં આપણા ભુદેવો કહે છે કે અમને તો તમારી પાસેથી ધન, માલ, વીગેરે લેવાનો અધિકાર છે. તો શું એમને આપવું કે નહી ?

ગુ૦—હા, બાપ, તે વાતતો સાચી છે. પણ આ દુનિયાંદારીમાં જોઇએ છીએ તો આપવું ને લેવું એવો નિયમ જોવામાં આવે છે ને તેમાં પણ એમજ છે એટલે તે લોકોના માથે એવી ફરજ છે કે દાન લેનાર વ્યક્તિએ જેના પાસે દાન લીધું હોય તેને ઉત્તમ જ્ઞાનનો ઉપદેશ કરી તેનો બદલો વાળી આપવો ને તેમ ન કરે તો તે રૂણ તેના માથે દેવું થયું એમ સમજવું. ને તે પતાવવા ઊંટ, ઘોડા, બળદ, ગધેડા, વીગેરેનો જન્મ

ધરવો પરે છે ને દાન આપનાર ધણીનું રૂણુ બીજે જન્મ લેઈ પુરૂં કરવું પડે છે. ને તે રૂણુબંધ કથાનો પુરેપુરો વિસ્તાર ચંદ્રકાન્ત નામના પુસ્તકના ત્રણ ભાગ હાલ બહાર પડેલા છે તેમાંના ભાગ બીજા તથા ભાગ ત્રીજામાં સારૂં બ્યાન આપેલું છે. તેથી અહીં વીરતારથી કહેવામાં આવેલું નથી. માટે તે વાંચી ખાત્રી કરવી તેથી બરાબર ખુલાસો થશે ને તે રણુ પુરૂ કરવું પડે છે. એટલા માટે સમજુ માણુસો કોઇની પાસે કંઇ પણુ યાચના કરતા નથી. ને કોઇના બોજામાં રહેતા નથી ને જે લોકોને તેવાં પશુ જોઇતાં હોય તેને તો અવશ્ય દાન આપવું. ને દાન લેનારે પણુ વિચાર કરવો કે બદલો વાળ્યા વિના કો કાળે છુટકો થતો નથી.

શિ૦—એમ હોય તો પછી ખાવું. ખવરાવવું કોને ? પછી તો કોઇ કોઇનું ખાએ પણુ નહી ને ખવરાવે પણુ નહી ?

ગુ૦—એમાં એમ સમજવાનું નથી. એતો ઉલટું કહેવાય. ખાવા ખવરાવવાની તો સરવેને છુટ છે પણુ નિરાશાએ કામ કરવું જોઇએ તો કોઇને પણુ બંધન કરતા ગણાશે નહી.

શિ૦—આપ આગળ ધણા વખત કહી ગયા છો કે આ સંસાર તમામ પોલેપોલ જેવો છે ને તેમાંના તમામ કામો પણુ તેવાં જ છે તો મારો ને તમારો જે સતસંગ તે કેવો સમજવો ? તે કૃપા કરીને કહેશો.

ગુ૦—એ તમામ પણુ તેના જેવુંજ સમજવું. જેમ કોઇના ઘરમાં સરપ નિકળે છે. એટલે તેને પકડવા માટે સાંણુસા લાકડી વિગેરે સાહીત્ય એકઠાં કરવાં પડે છે ને તેવડે પકડી પછી બહાર મુકી આવવામાં આવે છે ત્યારપછી તે ભેગાં કરેલાં સા-

હિત્ય જેમ નકામાં છે. એમ જાણી સૌ સૌનાં પાછાં સોંપવામાં આવે છે એવી રીતે તારા શરીરરૂપી ઘરમાં અજ્ઞાન રૂપી મોટો સરપ આવી ઘુશી જવાથી સાંણુસા રૂપ ગુરૂની જરૂર હતી. તે વડે પકડી અજ્ઞાનરૂપ સાપ બહાર કહાડવામાં આવ્યો છે. તો હવે તારો ને મારો સમાગમ પણ તેવો નકામો ને પોલરૂપ સમજવો.

શિ૦—મંદીરોના મહાત્માઓ ગૃહસ્થોની બાનુઓને કેવી રીતે ફસાવે છે ? તે કહેવા કૃપા કરશો.

ગુ૦—પ્રથમ તો તે મફતના માલ ખાઇ મોટાં જાડા પાડા જેવા મસ્ત થયેલા હોય છે એટલે કુદરતી રીતે પણ ત્યાં જનાર બાઇઓનાં મન સ્વાભાવિક રીતે હરી લેવામાં આવે છે તે ઉપરાંત તેમની વાક્ય ચાતુરી પણ ઘણી અદ્દ્ભુત ને મોહ પમાડે તેવી હોય છે તેથી ઘણી શ્રધાળુ ને ભોળી ભામાઓ એમના સામુંને સામું એકી ટસે જોયા કરે છે. ને મહારાજ પણ તેમ કરવા ચુકતા નથી. એટલે એક એકને તારા મંત્રિકનું યુદ્ધ ચાલ્યા કરે છે તેવા પ્રસંગોમાં ઘણા ઠેકાણે રાધાકૃષ્નનો રાસ વાંચવામાં આવે છે. તે સાંભળવાથી આપોઆપ વિહવળ થઇ જાય છે. પછી તેમાં મહારાજને મનપસંદ આવતી બાઇઓને પોતાના ઘરનું ખાનગી કામ કરાવવા હુકમ થાય છે ને બાઇઓ હોંસે હોંસે કરવા મંડી જાય છે પછી તે કથા પ્રસંગમાં બીરાજેલા મહાત્મા કંઇ પણ બહાનું કાઢી અંદર જાય છે. ને પેલી ભાવીક બાઇના સાથે પોતાની દુષ્ટ વાસનાની વાત જાહેર કરે છે ત્યારે તે બાઈ શરમીંદી થઈ ના પાડે છે. ને કહે છે કે એમ કરવાથી તો પાપ લાગે ત્યારે તે મહા પુરૂષ કહે છે

કે તે તો સબ બાત છોટે કે બાસતે હે મોટાકુંતો કુચ દોષ નહી હોતા હે. દેખ પરાસરને માછીકી દીકરીસેં કયા કીયા ઓર ઇંદ્રને ગૌત્તમ કે ઘરમેં અલ્યાહસેં ગમન કીયા હે ને ચંદ્રને બ્રહસ્પતીકી સ્રીકું ભોગાહે. ને વિષ્ણુજી ભગવાન પણ વૃંદાસેં વિભળ હુવા હે. એસા બોત દાખલા શાસ્ત્ર પુરાણમેં હે. એથી બી સિદ્ધ હોતા હેકે. મોટાકું કુચ દોષ નહી લગતા હે. પછી તે એમના કહેવાથી પાપનો ડર મુકી એમના તાબે થાય છે. ને ત્યાર પછી તો કોઈ કોઇને કંઈ કહેવું પડતું નથી પછી તો હમેશની એમની દાસ બની જાય છે.

શિ૦—શું ત્યારે તેવી જગ્યાઓમાં એમને કથા સાંભળવા નહી મોકલવી. તો પછી તેમનું કલ્યાણ કેમ થાય ?

ગુ૦—હા, જ્યાં આગળ તેવો ઢોંગ ચાલતો હોય. ત્યાં અવશ્ય નહી જ મોકલવી. એમનુ કલ્યાણ તો એમના પાસેજ છે. તે ઉપર એક કથા કહું તે સાંભળ કોઈ એક તપસ્વી નામનો બ્રાહ્મણ પોતાના ઘેરથી નીકળી પ્રભુ પ્રાપ્તિ અર્થે જંગલમાં ગયો ને એકાંત સ્થળ મળી આવવાથી એક ઝાડ નીચે તપ કરવા બેસી ગયો. ને તે એકજ જગ્યાએ રહી દશ હજાર વર્ષ સુધી મહા કઠીન તપ કર્યું તેથી તેનું પ્રાક્રમ પણ બહુ વધી ગયું એવામાં તે ઝાડ ઉપર એક બગલી બેઠી હતી. તે તેના સ્વભાવે કરી, મળ ત્યાગ કર્યો તે પેલા તપસ્વી ઉપર પડવાથી તેના તપના પ્રભાવના લીધે ઘણોજ ઉગ્ર ક્રોધ ચડયો. ને બોલ્યો કે આ રાળી બગલી. બળી કે ખાખ હો જા. તેવું વાક્ય તેમના મોંમાંથી નીકળતાની સાથે તે બિચારી ફડફડ કરતી કે નીચે આવી ગીરપડી ને ભસ્મીભુત થઇ ગઇ તેવો ચમત્કાર દેખી

પેલા મહાત્માનો ગર્વ એકદમ વધી ગયો. ને પોતાના મન સાથે કહેવા લાગ્યા કે હું તો બડા તપેશ્વરી હો ગયા હું. પછી તે પોતાના દેશ તરફ આવવા નીકળ્યો ને રસ્તામાં આવતાં એક ગામમાં ધર્મશાળામાં રાતવાસો રહેવા ઉતારો કર્યો ને રસોઇની સામગ્રી માટે ગામમાં ભીક્ષા માગવા નીકળી પડ્યો ને કેટલાક મહોલ્લાઓ ફરતો ફરતો એક પતિ પરાયણ સાધવી સ્ત્રીના મકાનપર જઇ ચડયો. ને બોલ્યો કે ચપટી દે દે મૈયા. તેમ કહેતાની સાથે તે મંદીરમાં રહેનાર પેલી સાધવી બાઈ પોતાના ઘરમાં ભીક્ષા આપવાની વસ્તુ લેવા ગઈ તેવામાં પાછળથી તેનો પતિ કોઇ કામ સર બહાર ગયેલો તે એકા એક ઘરમાં આવ્યો ને પોતાની સ્ત્રીને કહ્યું કે મને ઘણી ભુખ લાગી છે. માટે તાકીદથી રસોઇ તૈયાર કરી આપ. એમ કહેવાથી તે સાધવી બાઈ રસોઇના કામમાં રોકાઇને પેલી ચપટી આપવાનું કામ ભુલી ગઈ હવે આ બાઇએ રસોઇ બનાવી. પોતાના પતીને જમવા બેસાડ્યો ને તેની જોડમાં બેશી પંખો નાંખવા લાગી ને જમી ઉઠયા પછી પાન સોપારી વીગેરે મુખવાસ હાજર કર્યાં. ત્યાર પછી તેનો પતી જરા આરામ લેવા પલંગમાં પોઢવા ગયો તો પાછી તેના જોડે જઇ. પવન નાખવાના કામમાં રોકાઇ તેવા કામમાં લગભગ બે કલાક જેટલો વખત થઇ જવાથી પેલા તપસ્વી મહારાજ તો તપીને લાલ ચોળ થઇ ગયા. ને વળી બાઇને તે વાત યાદ આવવાથી હાથમાં ચપટી લેઇ બહાર આવી. ને જેવી તે મહાત્માને આપવા જાય છે કે બોલ્યા કે સાળી ચલી જા. મેરેકું દો કલાકસેં ખડા રખ્યાહૈ પોતાને કા માંટીકી ગોદમેં ગમ્મત કરતીહૈ મેરે કું ચપટી

નહી ચઢતીહે. બાળી કે ખાખ કર દઉંગી. એટલે પેલી સાધવીબાઈ ઘણીજ ધીરજથી બોલી કે હે, સાધુ મહારાજ હું કંઇ પેલા જંગલની બગલી જેવી નથી કે તમારા શ્રાપથી બળી જાઊં એમ કહેવાથી તે તપસ્વી બાવો તો એકદમ ઠરી ગયા ને પોતાના મન સાથે કહેવા લાગ્યા. કે એ ગુપ્ત બાત તો મેં એકલા જાનતા હું તો ઉસકું કયા ખબર પડી. તો ઉનકા તપ કેસા. એમ કહેતા કે પેલી સુવૃત્તાના પગમાં પોતાનું શીર ઝુકાવી દેઇ કરગરવા લાગ્યો ને બોલ્યા કે હે, માત. મેરી બાત, તેં કીસતરેસેં જાની. સો કૃપા કરકે કહી દે. ત્યારે તે બાઇ બોલી કે શું તમે સતી સ્ત્રીઓના ધર્મ નથી જાણતા. તેવી સ્ત્રીઓ તો તેમના સત્યના પ્રતાપે આખાં નગ્રને નગ્ર વૈકુંઠમાં લેઈ ગઇ છે એમ કહેવાથી તે શાન્ત થયો ને પોતાનો અભિમાન મુકી દેઇ રસ્તે પડી ગયો.

શિ૦—આપે કહ્યું કે સતી સ્ત્રીતો આખું નગ્રને નગ્ર વૈકુંઠમાં લેઈ ગઈ છે તો તે કેવી રીતે તે સમજાવવા કૃપા કરશો ?

ગુ૦—કોઇ એક શહેરમાં એક પુરૂષ રહેતો હતો. તે શરીરે અપંગ ને વેસ્યા ગામી હતો. પણ તેની સ્ત્રી પુર્ણ પતિવ્રતા હતી. કોઇ એક દિવસે ચોમાસાની અંધારી રાત્રીમાં તે પુરૂષને વેસ્યાના ઘેર જવાનું મન થયું તેથી તેની સ્ત્રીને હુકમ કરવામાં આવ્યો કે મને તારા ખભા ઉપર બેસારી મારી દુષ્ટ વાસના પુરી કરવા સારૂ વેશ્યાના મુકામે મુકવા ચાલ. તુરતજ તે પતિ પરાયણ બાઇ પોતાના પતિને પોતાના સ્કંધ ઉપર ઉચકી લેઇ ચાલતી થઇ અને પેલી વેસ્યાના ઘરના ઓટલા ઉપર પોતાના સ્વામીને ઉતારી નીચે ઉભી રહી. પેલો પુરૂષ અંદર દાખલ

થયો એટલે પેલી વેશ્યા કહેવા લાગી કે એકદમ પલંગપર મત આના. કાયકું કે બહાર વરસાદકી ઝુડી બોત પડતી હે. તો તેરા પાઉં કીચડસેં ખરાબ હો ગયા હોયગા. ત્યારે તે કહે કે મેરા પગ એસા નહી. કાયકું કે મેં તો મેરી ઘરવાલીકી પીઠ પર બેઠકે અધરને અધર આયા હું ને એ બિચારી બહાર ખડી હે. પીછે ગુંણુકાકુ કીયાકે બહોત અચ્છા પછી રંગભોગ કરલીયા. ને પીછા બૈરીકી પાસમેં આયા તો. બહાર ખાલમેં એક બડા ભારી સરપ ભરાઇ રહ્યા હતા તે પેલી સાધવી સ્ત્રીકું કાટયા. તે સાથે ઉનકા પ્રાણુ નીકળી ગયા. ઓર ઉનકા દેહ ગીર પડા. ઓર બીજા નુતન દેવ સ્વરૂપ ધારણુ હુવાહે. ઉનકે લેવા માટે વૈકુંઠ લોકસેં શ્રી ભગવાનજીને દેવ દુતોકું વૈમાન લે કે મોકલ્યા. તે દુતો બોલ્યા તે તમારા સતીપણુાના પ્રતાપથી તમને વૈકુંઠમે તેડી જવા માટે અમો આવ્યા છીએ તો આપ ત્વરાસેં ઓ વૈમાનમેં બીરાજના. તો તે બાઈ બોલી કે મેંતો મેરા પતિકું છોડકે એકલી નહીં આઉંગી. તો તે દેવદુતોને એને બી લેવાની હા પાડી. ત્યારે તે પુરૂષ બોલ્યો કે મહારી વહાલી વેશ્યાકું સાથે લે ચલો તો મેં આઉંગા. નહીતો હમારે તુમેરી પરભા નહી હે. પછી ગુણુકાની પણુ હા કહેવામાં આવી ત્યારે ગુણુકા બોલી કે હું કંઇ એકીલી નહીં હઉં કે તુમેરે સંગમે ચલી આઊં મેરી પાછળ તો નોકર ચાકર બહોત હે. જો તુમેરે ગરજ હોય તો ઉનકું બી સાથે લે ચલો તો મેં આ શકતી હું તો એની પણુ હા કહેવામાં આવી. તો નોકર ચાકર લોક બોલ્યા કે હમારે ઘરકે માણુસ મુક કે અમ એકેલે કીસ તરેસે આવી શકે. માટે હમેરે આનેકી બીલકુલ જરૂર

નહી હે. તો ઉનકી બાત પણ કબુલ કરવામાં આવી તો તે સગા વહાલા કહેને લગા કે અમતો હમેરા ગામકી તમામ વસ્તી છોડકે એકેલે નહી આવેગા. તેથી આખા ગામને તે વૈમાનમાં બેઠાઇ વૈકુંઠમાં લેઈ જવામાં આવ્યું. તે ઉપરથી તું સમજ્યો તો હોઇશ કે સતી નારીયોનાં કેવાં પ્રાક્રમ હોય છે. ને પોતાના ઘરમાં બેશી શું નથી કરી શકતી. તો પછી તેને જ્યાં ત્યાં ભટકવાની શી જરૂર છે તેવા છતાં જે ભટકવા જતી હોય તેને કુટીલતા કુતરી સમજવી. ને તેમને એકાન્તમાં સતકાર આપનાર મહાત્મા પણ તેવા સમજવા.

શિ૦—એ તો સીધવાંઓને માટે કહ્યું પણ જે સ્ત્રીઓના પતિ પરલોક વાસી થયા હોય ને પોતે વીધવા હોય તેને કેમ કરવું ? ને તેનું કલ્યાણ કેમ થાય ?

ગુ૦—સાંભળ, તેવી બાઇઓએ પ્રથમ તો ખાવા પીવાના મનને બહેકાપે તેવા તમામ પ્રકારના સ્વાદ તજી દેવા. ને પોતાનો વેશ બદલી જોગણના જેવો કરવો. ને માથાના વાળ સુદ્ધાંત પણ ઉતદાવી નાખવા ને એક વખતે સાધારણ ભોજન કરવું ને ભોંય સુવું ને પોતાના વડીલોની આજ્ઞામાં રહી પોતાનાથી બનતું ઘરનું કામકાજ કરવું ને હર ઘડી ઈશ્વર ભજન કર્યા કરવું પણ આડું અવળું ભટકયા કરવું નહી એમાંથીજ એનું કલ્યાણ થાય છે.

શિ૦—આજ કાલની વીધવાઓ તો તરેહ તરેહનાં એટલે કે ઝીણા કસબી જરમરીયા સાળુ, રેશમી ઘાઘરા, અડધું શરીર ઉઘાડું દેખાય તેવી સતંગ ભરકચીની કસબી ચોળીઓ, ને હાથ ઉપર સોનાની બંગડીયો, ને કોણીએ કડાં, ને ગળામાં દોરા કંઠીયો

હાથમાં ચીનાઈ રેશમી રૂમાલ, હંસાગમની ચાલ, ને લટકમટક કરતી દેવમંદીરોમાં દોટયો દેતી જોવામાં આવે છે. તે ધર્મ કેવો સમજવો ?

ગુ૦—નખ્ખોદ વાળે તેવો. સાંભળ, જે નારીનો પતિ મરી ગયો હોય ને તેનું જો તે દુઃખ કરતી હોય તો તેવી રાતીરાણ જેવી રહેજ ક્યાંથી કે તેને તેવા ચાળાચસ્કા કરવા સુજે. માટે તેની ઉપલી ભક્તિને ધર્મ નહી માનતાં તેને પણ કુલટા સમજવી.

શિ૦—આપે તો તેવી પાપાચરણ કરનારી સ્ત્રીઓને નિષેધમાં ગણી તેથી તેમનું કલ્યાણ થવાનું નહી એમ ઠર્યું તો કથા પ્રસંગમાં મેં સાંભળ્યું છે કે વેશ્યા નારીઓ પણ તરી ગઇ છે તો શું તે વેશ્યાનાં કામ નહી કરતી હોય ને એમ ન કરતી હોય તો વેશ્યા પણ કહેવાય કેમ ? તો તેમાં મારે શું સમજવું ?

ગુ૦—બાપ, ઇશ્વરે સૌ સૌનો જે ધંધો આપ્યો હોય તેમાં તેને પાપ લાગતું નથી. કારણ કે તેને તેમ કરવાથી કોઇનાથી છુપાવવું પડતું નથી ને બીજાથી છુપાવવું પડે તેજ પાપ સમજવું. એટલે તે ગુણકાને તેમ કરવાની બીલકુલ બીતિ હોતી નથી. તેથી તે ઇશ્વિર ભજનમાં તલ્લીન થઇ ગયેલી હોવાથી તેનું કલ્યાણ થયું છે. તો તેમાં તારે સંશય કરવો નહી. એજ અકલ્યાણકર્તા છે.

શિ૦—આપે કહ્યું કે પેલા ધુતાઓના સંગમાં જવાથી લોકોની બૈરીઓની લાજ લુંટવામાં આવે છે ત્યારે તેમના પતિઓ એમને ત્યાં કેમ મોકલતા હશે ?

ગુ૦—કેટલાક ભોળા લોકોને તો એમના ઉપર ઘણીજ શ્રદ્ધા હોવાથી

એટલે તેમને બીલકુલ વહેમ હોતો નથી ને કેટલાક જાણે છે ને ઠપકો દેઈ ન જવા કહે છે, પણ. તે બિચારા બાયલાઓને હરાજ થઇ ગયેલી રાંડો ગાંઠતી નથી ને કેટલાક ડાહ્યા પુરૂષો ઘરમાં છાનો ઠપકો આપવાથી વશ થતી નથી ને જાહેરમાં કહેવા જાય તો આબરૂ ઉઘાડી થઈ જાય, તેવા ડરને લીધે આંખ મીંચામણી કર્યા કરે છે.

દોહરો.

રખડતી મુકે રાંડને,[1] બહારે વાટે જાય;
ઘરમાં રહી **ગોવિંદ** જપે, સેજે મુક્તિ થાય.

શિ૦—આપણે તો પ્રથમ નિર્ગુણ ઇશ્વરને ઓળખવા સારૂ કથા પ્રસંગ ચલાવ્યો હતો છતાં આમાં તો ઘણીક વાતો શીળગુણ વહેવારની આવી તો પછી તે કેમ ઓળખી લેવો ?

ગુ૦—આપણે શીળગુણ સ્વરૂપ છીએ એટલે તેનું ખંડન કરવા તેવાં દ્રષ્ટાંત આપવામાં આવે છે. નિરગુણનું વર્ણન શા આધારે કરવું માટે શીળગુણનાં દ્રષ્ટાંત આપી તેનો અભાવ કરાવવો એ અમારો હેતુ છે, પછી તો આપોઆપ નિરગુણ ઓળખાઇ જવાનો.

શિ૦—પાપ કરવાથી પ્રભુ નથી દેખાતો તેનું કારણ?

ગુ૦—જયાં સુધી પાણી નિર્મળ ભરેલું હોય છે. ત્યાં સુધી તેમાં જોવાથી આપણું મોં અંદર જણાઇ આવે છે. પણ તેમાં પાપ રૂપ ધુળ નાંખવામાં આવે છે. ને પછીથી જેમ દેખાતું નથી. માટે તેનું કારણ એજ સમજવું.

શિ૦—જયાં જોઇએ છીએ ત્યાં સંસારમાં મોટા મોટાઓ ભુલાવામાં પડેલા જોવામાં આવે છે તો તેનું કારણ શું ?

---

૧ મનની વૃતિ સમજવી.

ગુ૦—એમાં તારે સંશય કરવા જેવું કંઇ નથી. ભુલાવો એનું નામજ સંસાર સમજવો. અને એજ એનું કારણ.

શિ૦—એ તો અધુંએ ઠીક પણ આપે ઘણાકોના કામા ઉપર ટીકાઓ કરી છે તેથી તે લોકો તમારા ઉપર ખીજવાઇ જઇ તીરસ્કાર નહી કરે.

ગુ૦—મેં કોઇ બીજા બહારના લોકોને ઉદ્દેશી તેમ કર્યું નથી કે મારા ઉપર તે ઉસ્કેરાય. તેવા ચોરટાઓ તથા શાહુકારોની તમામ વસ્તીનું પ્રદર્શન મારા હૃદયમાં આવી જમે થયેલું છે ને તે જે જે ધર્મો બજાવે છે તેમનું મેં પુરેપુરૂં અવલોકન કર્યું છે. એથી મેં એમનાં જુદાં જુદાં નામ ઠામ, આપી પાત્ર કલ્પ્યાં છે. ને તેમના ગુણ દોષનું વર્ણન તારા આગળ કહી બતાવેલું છે. ને તુંએ પણ મારો છે. તો બીજાઓને શું લાગે વળગે છે કે મારો તિરસ્કાર કરે. છતાં કોઇનું દીલ દુભાય તો માફ કરશો કારણ કે હું કોઇનો દુશ્મન નથી છતાં જે દુશ્મન માને તેને, તેવાં દુષ્ટ આચરણ કરનાર સમજવો. નહીં તો **સાચને આંચ લાગતી નથી.** ને તેમની સચ્ચાઇના લીધે તેવી વાતો પણ સાંભળતા નથી એજ એમની મોટાઇની નીશાની સમજવી.

શિ૦—હે, ગુરૂદેવ મારા જોવામાં આવ્યું છે કે કેટલાક શાહુકારો સાધારણ પુંજીવાળા હોય છે છતાં તે પરમાર્થના કામમાં સારા પૈસા વાપરે છે ને કેટલાકોની પાસે બહુજ પૈસા હોય છે. છતાં એક પાઇ સરખી પણ કોઇને આપતા નથી તેનું શું કારણ?

ગુ૦—એ વાતનો તો હમણાંજ એક મારો અનુભવેલો તાજો દાખલો મારી નજરે જોવામાં આવેલો છે તે તને કહી બતાનું છું. તેથીજ તારી શંકા દુર થઈ જશે. સાંભળ, ગયા રવિવારના

દિવસે મારે કંઇ કામ હોવાથી હું રેલ્વે સ્ટેશનપર જતો હતો ને તે વખતે ગાડીનો ટાઇમ હોવાથી જથાબંધ પેસેનજરો તેમાંથી ઉતરી ગામ તરફ આવતા હતા. તેમાં એક સાધારણ શેઠીયો જોવામાં આવ્યો. તેની પાછળ કેટલાંક ગરીબો વીંટાઇ વળેલાં હતાં ને દયામણાં મોં કરી તેની પાસે પાઇ પૈસો ઘણી આજીજી કરી માગતાં હતાં ને તે દયાળુ શેઠીઓ ખુશી થઇ પોતાના ગજવામાંથી કાઢી સરવેને પૈસો પૈસો આપતો હતો. તેના નજીકમાં એક ઘણોજ સારો પોષાક પહેરેલો, ને ખભા ઉપર પચીસો રૂપીયાનો મોટો થેલો ઉપાડી બીજો વેપારી જેન-સબંધ ચાલ્યો આવતો હતો તે પાસે પેલાં ભીખારી માગવા જતાં તો તે એક પાઇ પણ નહી આપતાં ઉલટું તેમના ઉપર કટાંણું મોં કરી, તેમના સામો થઇ જતો હતો. તેનો દેખાવ મેં કેટલોક વખત જોયા કર્યો પછી તો પેલા ભીખારી સૌ સૌને ઠેકાણે થઇ ગયા ત્યાર પછી મેં પેલા રૂપિયાના થેલા-વાળાને પુછ્યું કે ભાઇ પેલો તમારા આગળ જાય છે તેની પાછળ તો તેના ગજવામાં મુદલ થોડા પૈસા છે છતાં પણ તે સારો પરમાર્થ કરે છે. ને તમારી પાસે તો આટલા બધા રૂ-પિયા છે ને તેના કરતાં તમારો દેખાવ પણ સારો છે છતાં આવા કંજુસ કેમ જણાઓ છો ? કેમકે ગરીબોને આપતાજ નથી. ત્યારે તે બોલ્યો કે એમાં તમારી ભુલ છે કે મને ઉજળાં લુગડાં પહેરેલાં જોઇ શાહુકાર સમજ્યા હશો. પણ હું તો તેવો નથી. પણ એક ગરીબ માણસ છું. ભલેને લોક મને શેઠીઓ કહેતા હોય. પણ કોઈ મને આપે તો પેલા ભીખારીઓની પેઠે લેઉં પણ ખરો. પણ લેવાથી શરમ આવે છે, તેથી મજુ-

રીનો ધંધો કરી ખાઉં છું અને રૂપિયાના થેલા ઉપાડી જાણું છું આ રૂપિયાનો થેલો તો કોઇ ભાગ્યશાળીનો છે. ને હું તો ભાડાનો મજુર છું. તો તેમાંથી કેમ આપી શકું. હે શિષ્ય, ઉપરની વાર્તાથી તું અવસ્ય સમજ્યો તો હઇશ. પણ હું કહું તે પર ધ્યાન આપ. આ સંસારમાં જે પરમાર્થ કરે છે તેને પેલા દાન દેનારા શાહુકાર જેવા પોતાની મુડીના માલીક સમજવા. ને ઉપરથી દેખાવડા ને જેને તું મુડીવાળા જાણતો હોય પણ પરમાર્થથી જે પાછા ભાગતા હોય ને ધર્મનું નામ સાંભળી તતડીને તાવ આવતો હોયં તેને પેલા થેલા ઉપાડનાર મજુર જેવા સમજવા.

શિ૦—હે વિભો, આપ પ્રથમ કહી ગયાછો કે ઉપાધી વધારવાથી માણસ મોટી મુસ્કેલીમાં આવી જાય છે. ને મહા દુઃખ ભોગવવાં પડે છે તો તેનો કોઈ પ્રગટ દાખલો કહી સંભળાવો. ને એમાંથી મુક્ત થનારે કેમ કરવું ?

શિ૦—હે, શિષ્ય, દશ બાર વર્ષની વાત પર અમારા પાડોશમાં **તૃષ્ણાદાસ** કરીને એક શાહુકાર રહેતો હતો. તેની પાસે તેના પૂર્વજોની રળેલી દશ હજાર રૂપિઆની પુંજી હતી. તેના પ્રતાપે તેને ચાલુ વહેપારમાં પણ રૂડી રીતે ખર્ચ કાઢતાં ખાસા બસેં રૂપિયા વર્ષ દહાડે વધતા જતા હતા. ને તેના ઉપર તાગડધીના ઉડાવ્યા કરતો હતો. પણ એટલેથી એને સંતોષ નહી વળવાથી પોતાના બાપદાદાનો જે વેપાર હતો તે ઉપરાંત બીજા નવા ધંધા ખોળવા લાગ્યો. તેમાં એક બે વર્ષ તો જરા સારા પૈસા મલી ગયા. તેથી વધારે ઉપાધી કરવાનું મન થયું ને પછી તો સટ્ટા જેવો પાયમાલ કરનારો ને લોહી ચુસનારો

ધંધો હાથ ઝાલ્યો. તેમાંએ પ્રથમ તો દુધની માફક ઉજળું ઉજળું જોવામાં આવ્યું. તેથી ભાઈ સાહેબના લોભનો પાર રહ્યો નહી તે મોટી મોટી ફાળો ભરવા મંડયો. પણ પાછળથી એમ થયું કે એમનો વેપાર તમામ તેજીનો હતો ને તમામ જણસોનો ભાવ એકદમ બેસી જવામાં આવ્યો. તેથી મોટી ભારે ખોટમાં ઉતરવું પડયું. ને પોતાના બાપદાદાની તથા પોતાની રળેલી તમામ મુડી બરબાદ થઈ જતાં રૂપિયા પાંચ હજારનું મોટું કરજ માથે ઉભું થયું હવે તું જાણતો તો હશે કે જ્યાં સુધી પોતાની પાસે પૈસા હોય છે એટલે બહારના લોકો પણ તેમના પૈસા પરાણે પરાણે સંગરાવવા આવે છે ને જ્યારે તે જતા રહે છે. એટલે પેલા જમે મુકનારા લાવો લાવોનો પોકાર કરી મુકે છે. ને થયું પણ એમ, કારણ કે એવી મોટી ગંજાવર ખોટ આવવાથી કોઇનાં નાણાં ભરી શકાયાં નહી તેથી લેણદારોએ એમના ઉપર સરકારી ન્યાયાધીશોમાં દાવા ભર્યા ને છેવટે જપ્તી સુદ્ધાંત પણ લાવ્યા. એથી એ મોટી મુસ્કેલાઇમાં ગુંચવાઇ ગયો પણ પોતે ખાનદાન ઘરનો હોવાથી કોઈના પૈસા પચાવવાની બુરી દાનત નહી હોવાથી પોતાના ઘરના દાગીના વેચી તથા મહેનત મજુરી કરી તમામનાં નાણાં ધીરે ધીરે વ્યાજ સાથે અદા કર્યા પણ તે **યમયાતનાના** દુઃખનું વર્ણન તો જેને વીત્યું હોય તેજ જાણે. અને તે તમામ દુઃખ ઉપાધી વધારવાથી થયેલું હતું માટે જેને સુખે જીવન ગાળવું હોય તેણે એનો સંગ કરવો નહી. ને પોતાના ગુજરાન જેટલો ધંધો કરવો. તો તે સદાય મુકતજ છે એમ જાણવું. સારાંશ એજ કે ઉપાધી વધારવાથી ઇશ્વર માર્ગમાં અંતરાય આવી પડે છે. માટે તેના પંઝામાં સપડાવવું નહી.

શિ૦—હે કૃપાળુ. આપે પ્રેમ વિના પ્રભુ મળતો નથી તેવું આગે કહેલું તો તે પ્રેમની મહત્તા કેટલી છે તે કહેવા કૃપા કરશો?

ગુ૦—હે, શિષ્ય, તે ઉપર એક પુરાતન ઇતિહાસ છે તે સાંભળ, કોઈ એક જંગલ વિષે આમલીના વૃક્ષ નીચે એક સાધુ બાવો તપ કરવા બેઠેલો હતો. ને હરીસ્મરણ કર્યા કરતો હતો. પણ તેનો પ્રેમ જરા મોળો હતો. એક દિવસે **નારદજી** ત્યાં આગળ થઇને **વૈકુંઠ**માં જતા હતા. તે મહાત્માને જોઈ જરા ભજન કરવા બેઠા ત્યારે પેલા સાધુ ભકતે કહ્યું કે આપ કહાં જાતા હો, ત્યારે તેના ઉત્તરમાં **નારદજી**એ કહ્યું કે **વૈકુંઠ**માં **પ્રભુ**નાં દર્શન માટે જઉં છું ત્યારે તે તપસ્વી બોલ્યા કે તમે ત્યાં જાઓ તો **પ્રભુ**ને હમારા સંદેશા કહેના કે ઓ આમલીકા વૃક્ષ નીચે અપના ભક્ત હે, ઇસકું કયારે દર્શન કરાવોગે. એટલા જરૂર પુછના ને વળતી બખત અમકું કહેના. **નારદજી**એ કહ્યા કે ભલી બાત. તુમેરા સંદેશાકા ઉત્તર લાવુંગા. પછી તે હરિભજન કરતા તાલ બજાવતા **ભગવાન**કા દરબારમેં આયા. ને બહુજ ગાનતાન કરી, **ભગવાન**કું રીઝાયા. ભગવાને **નારદજી**કું કુશળ સમાચાર પુછ્યા તો કહ્યા કે આનંદ હે. તે સાથે પેલા સાધુકા બી સમાચાર સુનાયા. પીછે કેટલીક બાતચીત કરી. પ્રણામ કરકે ચાલ્યા. ફરતા ફરતા ઓ સાધુકા આશ્રમમેં આયા, તો સાધુ મહારાજે **નારદજી**કું કુશળ સમાચાર પુછ્યા. ઓર પુછ્યા કે મેરે પર **પ્રભુ**કી કયા મરજી હે. તો **નારદજી**એ ઉત્તર દીયા કે **પ્રભુ**ને કીયા હે કે જે વૃક્ષ નીચે ઓ તપ કરતા હે. તીનકે જીતના પત્તા હે ઇતના **યુગ** બીત જાવે તવ મેં જરૂર ઇનકું મીલુંગા. એસા કેના ઓ જવાબ સાંભ-

ળતાની સાથે તેના શરીરમાં એટલો બધો પ્રભુપ્રેમ ઉભરાઈ આવ્યો કે એકદમ ઉભો થઈને નાચવાને કુદવા મંડી પડયો. ને કહેવા લાગ્યો કે એટલા દિવસમાં પણ **પ્રભુ** મને મળશે તો ખરો ને એ આનંદની ધુનમાં તમામ વાતનું વીસ્મર્ણ થઇ ગયું ને **ઈશ્વર** સાથે એક લગની લાગી ગઇ તેથી ભગવાને પણ પોતાનો નિયમ તોડી તેને તેજ વખતે પ્રગટ થઇ પોતાના સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. હે, શિષ્ય આ ઉપરથી તેં પ્રેમની મહત્તા જાણી લીધી હશે. ને પ્રેમ આગળ નેમ રહેતો નથી. તેવી તે પ્રેમની મહતા છે.

શિ૦—મેં આપના કહેવાથી જાણ્યું કે **ઈશ્વર** તો દયાળુ છે. તો તેને મેળવવાને માટે લોકો **જપ, તપ, વ્રત, દાન, પુન્ય, યજ્ઞ** વીગેરે તમામ ક્રિયાઓ શું કરવા કરતાં હશે. ને તે ક્યાં સુધી કરવી પડે.

ગુ૦—હે, બાપ તેની તો ઘણી જરૂર છે. સાંભળ, એક સાધારણ **વહીવટદાર** જ્યારે આપણા ગામમાં આવવાના હોય છે. તો પણ ગામમાંથી તમામ જગ્યોવાળી ઝાડી સાફ કરવામાં આવે છે ને જ્યારે તેનાથી ઉપરી **સુબા** સાહેબનો મુકામ થવાનો હોય છે. તો તેમના માટે તો તેનાથી પણ વધારે સગવડ કરવામાં આવે છે. ને જ્યારે **દીવાન** સાહેબની સ્વારી આપણા ગામમાં હોય છે તો તો ધજા પતાકાઓ તથા આસોપાલવનાં તોરણો સુદ્ધાંત બાંધવામાં આવે છે. ને તે સિવાય પાનસોપારી ને ફુલના હાર ને મીઠાઈ મેવાની છાબડીયો કરવામાં આવે છે. ને જ્યારે ખુદ **સરકાર**ની પધરામણી થવાની હોય છે. ત્યારે તો તેથી એ વધીને મોટો **જલસો** ઉડાડવામાં આવે

છે અને રસ્તાઓની અંદર તરેહતરેહના ખુશબોદાર અત્તરોના છંટકાવ કરવામાં આવે છે. ને ભારે કીમતી મેવાઓની છાબ-ડીયો ભેટ કરવી પડે છે ને સુવાસિત પુષ્પોના પમરાટ મારતા હારનો તો પારજ રહેતો નથી. ને રાત્રે પણ સારી રોશની કરી. તે સાથે આતશબાજી પણ છોડવામાં આવે છે. એ સરવે ઉત્સાહ પોતાપર **રાજ્યકર્તા** મહારાજાને પ્રસન્ન કરવા માટે હોય છે તો આ તો તે રાજાનો પણ રાજા ને દેવનો પણ દેવ તેની પધરામણી થવાની તો તેના માટે જે જે કરવામાં આવે તે થોડું કહેવાય. ને સાધારણ માણસને પણ કચરાકચુરામાં પણ આવવું ગમતું નથી. માટે કેટલી ધામધુમને ચોકસાઇ કરવી પડે છે. તો આ તો ખુદ ઇશ્વરને વળી આપણા રદય મં-દીરમાં પધારવાનું છે. ને તેમાં **કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર** જેવા કચરાઓ ભરાયેલા હોય છે તો તેવા ઠેકાણે તે આવે નહી. માટે ઉપર બતાવી ગયેલાં સાધનો કરી તેવડે તમામ કચરો કાઢી નાખવો પછી તો તે આવી બીરાજતાં વાર પણ કરશે નહી. ને તેના આવ્યાથી તેની સાથે ધાડી મિત્રી થઇ જવાની. ને તું ને તે એકજ રૂપ થઇ જવાના. પછી તો તમારે તેના માટે કંઇ પણ કરવાની જરૂર રહેશે નહી. એ તો તેની મિત્રાઇ જ્યાં સુધી ન થઈ હોય, ત્યાં સુધી સરવે કરવું પડે છે. એ એમના માન્યની ખાતર સમજવું.

શિ૦—મારા પાડોશમાં **ખાલીદાસ** કરીને એક સોની કાકા રહે છે. તે ધણા હોંશીયાર કારીગર છે. એમના હાથના બનાવેલા દાગીના ઘણા દેખાવડા ને કીમતી હોવાથી લોકો ઉપરાઉપરી પડીને લેઈ જાય છે. તેવી મજબુત ઘરાકી જામી ગઇ છે પણ

હું જ્યારે એમની ડોક સામું જોઉં છું કે જેવું એમનું નામ છે. તેજ પ્રમાણે ખાલીખમ જેવા જોવામાં આવે છે તેનું શું કારણ ?

ગુ૦—હે, બાપ, તારી વાત તો ઘણી અવનવી છે. એ ઉપરથી તો ખુદ મારે પણ સમજવા જેવું છે કેમકે તારા જેવા બીજા-ઓને ઉપદેશ કરવો ને પોતાને કંઇ પાળવું નહી, તો પછી તેમાં ને મારામાં પણ શો ફેર સમજવો. માટે મારા જેવા ગુરૂઓ ને તારા જેવા શિષ્યો તથા તમામ લોકોએ થોડીથોડી કરકસર કરી છેવટ વધારે નહી તો એકાદો પણ દાગીનો કરાવી પોતાની ડોકમાં ઝુકાવી દેવો જોઇએ ને જ્યારે તેવો દાગીનો પહેરવામાં આવે ત્યારેજ આપણે શોભવાના. ને પછી વધુ દાગીના કરાવવાનો લોભ લાગી જવાનો. ને તેવો હરામચસ્કો પડવાથી પોતાની પાસે પુષ્કળ દાગીના થઇ જવાના ને પછી ખરા ગૃહસ્થમાં ખપવાના. માટે તેવો લોભ ગમે તેવા સંકટમાં પણ મૂકવો નહી.

શિ૦—આપ આગળ કહી ગયા કે થોડી થોડી કરકસર કરી એકાદો દાગીનો કરાવી લેવો તે કરકસર કેવી રીતની કરવી ? શું ખાવું નહી ? અગર થોડું ખાવું ?

ગુ૦—અરે, બાપ, ખાધા વિના તે ચાલે, તેમ કંઇ ઓછું પણ ખવાય તેમ કરવાથી તો ઉલટા શરીરે માંદા થવાય. ને થોડે થોડે ઘસાઇને મરી પણ જવાય તો પછી દાગીનો પહેરે પણ કોણ ? એ તો આપણે જે વખતે નવરા હોઇએ છીએ ને તે વખતે લોકોની નિંદા કરવામાં જે ગુંચવાઇ જવામાં આવે છે. તે તમામ ઉપર કરકસર કરી બંધ કરી દેવી. ને તેના બદલામાં

હરીસ્મરણ કરવું. એટલે એમાંથી જે વટાવ નીકળશે તેનો તમારે પહેરવાનો દાગીનો ઝટ બની જવાનો.

શિ૦—આપ પ્રથમ કહી ગયા છો કે આ જગત મને કરી પ્રગટ થયું છે તો મેં કોઇ વખતે કથા પ્રસંગમાં બીજા ઠેકાણે સાંભળ્યું છે કે જગતનો બનાવનાર **બ્રહ્મા** છે. ને તેનું પાલણપોષણ કરનાર **વિશ્નુ** છે, ને સંહારકર્તા તો **શંકર** છે. આમ અટપટી વાતમાં મારે શું સમજવું?

ગુ૦—એ ત્રણે દેવને તું **મન**જ સમજ, એટલે સંશય કરવાનું રહેશે નહી.

શિ૦—આજ કાલ કેટલાક છુમંતરીયા ભકતો લોકોના ઘેર દોરાધાગા કરી આપે છે. ને બાધાઓ લેવરાવે છે ને નાના બાળકોને ઉંજણી નાખે છે, ને કહે છે કે દુનિયાંનાં દુઃખો ભાગવા અમો માતાજીના પ્રતાપથી ફાયદો કરી આપીએ છીએ. તેવા ભકતોને મારે કેવા સમજવા?

ગુ૦—તેવાઓને તો તદ્દન જુઠ્ઠા ને લોકોને ધુતી ખાનારા ઠગ સમજવા. એનો તાજો દાખલો ગયાજ વરસમાં ખુદ મહારા પોતાના ઘેરજ જોવામાં આવ્યો હતો. તે તું સાંભળ.

એક વખત અમારે ચીરંજીવીની સ્ત્રીના શરીરમાં કોઇ જાતનો વાયુ ભરાઇ જવાથી એકદમ માંદી થઇ ગઇ હતી ને બોલવું ચાલવું બંધ થયું હતું ને રડ્યા કરતી હતી. તે કેમ કરી છાની રહે નહી. એથી આજુબાજુના લોકો તથા તમામ સંબંધીઓનો મારે ઘેર જમાવ થઇ ગયો ને તમામ મને કહેવા લાગ્યા કે. હવે શું જોઇ રહ્યા છો આ તો કોઇ હડહડતો વળગાડ વળગી ગયો છે. આ કામમાં તમો આળસ કરશો તો ઘડીકમાં વહુ વગરના થઇ જશો. ત્યારે મેં કહ્યું કે તેનો શો

ઉપાય કરવો. ત્યારે તે લોકો કહે કે આપણા ગામમાં પેલા પથરાપુરી બાવો જેના માથામાં માતાજીની ચુંદડી હમેશ વીંટેલી રાખે છે. તેને માતાજીનો હાથો છે. ને તેના ઘરમાં માતાજીને પધરાવી દેવામાં પણ આવ્યાં છે. ને મોટું દશશેર લોખંડનું તો ત્રિશૂળ જેના પારે મુકવામાં આવેલું છે. તે ઘણોજ સામર્થ છે. ને ભલભલાં કાયનાતાં કાઢે છે. જન જેવા ઘાતકી પીશાચને તો શીશામાં ઉતારી દે છે. તેવું પ્રાક્રમ હોવાથી લોકો તેને ગામેગામથી બોલાવવા આવે છે. માટે તુરતજ બોલાવો નહી તો કંઇનું કંઇ થઇ જવાનું. પણ તે ઢોંગીને હું નહીં માનવાથી ના પાડવામાં આવી ને ઘરનો આરોગાલો કરવા કહ્યું પણ પેલા લોકો તે બાવાની ભુરકીમાં ભોળવાઇ ગયેલાં તે મારી વાત માનેજ શેનાં, તે તો મને લડવા મંડ્યા કે તમારે બીલકુલ વહુની ગરજ નથી એટલે ના પાડો છો. હવે મારે તો સુડી વચ્ચે સોપારી જેવું થયું તેથી કહ્યું કે તમને ફાવે તેમ કરો એથી એમના પગમાં સુર આવવાથી એકદમ મારા અતલગના સગા જઇ બોલાવી લાવ્યા ને મહારાજે જાણ્યું કે હવે બચ્ચાં પડવાનાં. પછી તો કહેવા લાગ્યા કે આતો બડા જંગી વળગાડ વળગ્યા હે, પણ પ્રથમથી મને બોલાવ્યો તે સારૂં કર્યું નહી તો કામ બગડી જાત એમ કહેતાકે એક બે જાતના ધુપ મંગાવી એમનું કામ શરૂ કરવામાં આવ્યું. ને મોઢેથી હોક ફરડાવી ફોગટ ફુંકોના ફાંફાં મારવા મંડ્યા. ને કહે કે હવે બીલકુલ ફીકર કરશો નહીં. માતાજી સબ સારૂં કરશે, એમ કહી તેમના ઘેર ગયા પણ દરદ તો કંઇ ઓછું થયું નહી ને તે દહાડો વીતી ગયો.

પછી બીજે દીવસે પાછા મારા સંબંધીઓ કહેવા લાગ્યા કે તેનાથી ફાયદો ન પડ્યો તો કંઇ બેશી રહેવાનું કામ નથી એમ કહેતા એક ગામમાં રહેતા ફકીરને બોલાવી લાવ્યા. તેણે પણ પેલાની માફક થોડો ઢોંગ કરી દેખાડ્યો પણ ફોકટ જવાથી કહે કે મંદીરમાં એક સાધુ રહે છે તે બડો હોંશિયાર છે. હવે તેને બોલાવ્યા વગર છુટકો નથી, મેં કહ્યું સારૂં એટલે તેને પણ તે બોલાવી લાવ્યા તેમણે પણ એમની વિદ્યાનું પ્રાક્રમ પુરેપુરૂ બતાવ્યું પણ તે નિષ્ફળ જવાથી સરવે સંબંધીઓ નિરૂપાય થવાથી ચેકેચું કર્યા બિના થાકીને બેઠા. તેવી રીતે અવાચક દશામાં ત્રણ દિવસ ચાલી ગયા પછી એની મેળે કુદરતની મહેરબાનીથી આપોઆપ આરામ થઈ ગયો. ત્યાર પછી કેટલાક દીવસ પછી પ્રથમ આવેલા પેલા મહારાજ તેમને બોલાવા જનાર મારા સબંધીઓને રૂપીયા પચાસ અપાવવાનું કહેવા લાગ્યા એમને મને વાત કરી. મેં કહ્યું કે તેનાથી કંઈ ફાયદો થયો નથી તે તમે જાણો છો છતાં તેને ત્યાં સુધી ટાંપું ખાધું છે તો તેને કહેજ્યો કે મને મળે. તો તેને રાજી કરીશ. પછી કેટલાક દીવસે તેમને મારી મુલાકાત થઇ. ત્યારે મેં ખુશીથી રૂપીયા બે આપવા માંડ્યા તે નહી લેતાં ક્રોધાવેશમાં આવી બોલ્યા કે તમ લોક હમારી ઉપેક્ષા કરતે હો, પણ માતાજી તુમકું જોઈ લેશે તેમ કહી અગીયારા ગણી ગયા ને એમની માતાજી એમના ગોખમાં કાંકાં મારતી રહી. હે, શિષ્ય તેવા લોકોને તો તારે સાફ જુઠા સમજવા. ને છુમંતરની ફોકટ ફુંકોથી ફસાવુ નહી.

શિ૰—તે તો ખરૂં, પણ આજ કાલ અંબાજી અને બહુચરણાઇનાં

તો પડછો હજરાહજુર છે. એક વાંઝીયાંને છોકરાં આપે છે ને બીજી નામરદને મરદ બનાવે છે તો પછી તેને કેમ ખોટું કહેવાય ?

ગુ૦—એ વાતમાં ઝાઝું કહેવાની જરૂર નથી. કેમકે તે સર્વેની ઇષ્ટ દેવી છે એટલે એને પગે લાગવું એજ આપણો ધર્મ છે. પણ આવો તાત્કાળીક પડછો હોવા છતાં લોકો છોકરા વિના શું કરવા ફાંફાં મારતા હશે, ને પ્રગટ પુરૂષાતન આપવાવાળી હાજરાહજુર બેઠી છે છતાં લોકો ફાતડા થઈ કેમ ફરતા હશે. શું તેમને તે વાતની હોંશ આવતી હશે. કે ત્યાં જવા ફુરસદ નહી મળતી હોય. એ ઉપરથીજ તારે સમજી લેવું કે તે વાતો ખુદ માતાજીના મોંઢાની નહીં. ને બકરાં પાડાની વાત પણ તેવી સમજવી. પણ તે ધીંગાની ઢાલના ઓઠે રહી પેલા ધુતી ખાનારા ઠગ લોકોની સમજવી. માતાજી સૌનાં દુઃખ મટાડવા સામર્થ છે. પણ તેવા દુષ્ટોના કરેલા ગુન્હાની સજા ભોગવવા સારૂ તો તેમને તેવાં દુઃખો પ્રથમથી આપેલાં હોય છે તો પછી ફાયદો ક્યાંથી કરે. માટે લોકોના ઉડતા ગપગોળાને સાચા માનવા નહી.

શિ૦—તમો મારી એક વાતને માંડવા દેતા નથી. પણ આજકાલ કેટલાક સાધુ બાવાઓ ઘણી બૈરીઓને છોકરા આપે છે ને તે લેવા સારૂ સેંકડો કોસથી લોકો આવે છે. તો તે ખરા સાધુ કહેવાય કે નહી ? ને પેલી છોકરા લેનારી બાઇઓને કેવી સમજવી ?

ગુ૦—એ કામ બનવું તે ઇશ્વરની મરજીનું છે ને ખરા સાધુઓ સમજે છે કે આપણે તો તે માટે નહી પણ ભજન કરવા

સારૂ, ભેખ લીધેલો છે. તો ઇશ્વરના કામમાં આડે આવવા શી જરૂર છે. તેથી કોઇને પણ કંઈ આપતા નથી. પણ જે લોકો દુનિયાંને ધુતવા સારૂ તેવો ઉપરનો આડંબર લેઈ બેઠા છે, તેવા લોકો એવો ઢોંગ કરે છે. માટે એમને તથા એમની પાસે છોકરા લેવા આવનારી રાંડોને કુતરાં બીલાડાં જેવાં સમજવાં. ને એમના સાથે હરાઈ ચરવા પોતાની બૈરીઓને મોકલનારાઓને હીજડા સમજવા.

શિ૦—મેં ઘણાક ઠેકાણે જોયું છે કે કેટલાક ગૃહસ્થો પાસે ઘણું ધન હોય છે ને તેમના પાછળ કોઇ ખાનાર હોતું નથી. છતાં તેમની હયાતીમાં તેમાંથી પોતાના હાથે એક પાઈ સરખી પણ વાપરતા નથી ને પછી મરતી વખતે મોટાં વીલ કરવામાં આવે છે. ને તમામ ધન પારકાઓને સોંપી દે છે. તેનું શું કારણ? ને જેને સોંપવામાં આવે છે તે પુરેપુરૂં વાપરતા હશે?

ગુ૦—તું એટલો તો વિચાર કરકે જે ધણી પોતે જીવતો હોવા છતાં પોતાના હાથે વાપરી શકતો નથી તો પછી પારકા તેં એનાં શાં દાળદર મારતા હશે? તે ઉપર એક કથા કહું તે સાંભળ?

અડસઠ્ઠા જેવા ભયંકર દુષ્કાળમાં મારી પડોશમાં એક પૈસાદાર માણસ રહેતો હતો. તે **ભાંણજી ભક્ત**ના નામથી ઓળખાતો હતો પણ તેને એક બૈરી શિવાય બીજું કોઈ નહોતું, તે અરસામાં તે માંદો થયો ને દીવસે દીવસે માંદગી વધવા લાગી. એથી એને જીવવાની આશા છોડી દેઇ પોતાની મીલ્કતનો સદુપયોગ કરવા ધાર્યો પછી તેને કેટલાક સારા કહેવાતા માણસોને પોતાના પાસે બોલાવી તેની મુડીની વ્યવસ્થા કરી તે લોકોને ટ્રસ્ટી ઠરાવી સોંપવામાં આવી. મીલ્કતનો

ચોથો હીસ્સો તેની સ્ત્રીના હવાલે કર્યો તે વખતે હું હાજર હોવાથી કહ્યું કે આ ભયંકર દુષ્કાળથી ગરીબો ભુખે મરે છે તો તેમાંથી એક હજાર મણ ચણા લેઈ તમારી હયાતીમાંજ આપી ઘો. ત્યારે પેલો અંજારી કહે કે એમ કરતાં હરકત નથી પણ કદાપી હું સાજો થાઉં તો કેમ પાલવે, એ વાત સાંભળી મને પણ છુપું હસવું આવ્યું. કે હયાતીમાં પરમાર્થ કરવાથી **પ્રભુ** કંઈ રીસાતા હશે. અગર આપનાર ધણીને કંઈ પાપ લાગતું હશે. પત્યું ત્યાર પછી બે ચાર દિવસે પેલો અંજારી માણસ આ ફાની દુનિયાંને છેલ્લા રામરામ કરી ચાલી ગયો ત્યાર પછી જે પેલું ધન વાપરવામાં આવેલું તેનું વ્યાજ માત્ર વપરાયું હોય તો મરનારનું ભાગ્ય સમજવું નહી તો તમામ ધન હોઇયાં કરી જવામાં આવ્યું છે. મતલબ કે જેની પાસે તેવું જાસ્તી ધન હોય તેને પારકાના ભરોંસાપર નહી મુકતાં હાથે તે સાથે કરી દેવું કે તેવા ઠગ લોકોને તાગડધીના કરવામાં આવે નહી. અને પોતાના આત્માને શાન્તિ મળે.

શિ૦—તે તો ઠીક, પણ પેલા ટ્રસ્ટી થનારા લોકોએ તેનું હરામનું ધન પચાવી ગયા એમને કંઈ બદલો મળ્યો કે ?

ગુ૦—તે ધન જેના હાથમાં ગયું તે તમામનું પોતાના ધન સુદ્ધાંત પાણી થઈ ગયું ને ઉલટા ભારે રકમના કરજદાર બની બેઠા. ને તેની ચિંતાએ કરી તે પણ પેલા ભક્તરાજની ખોળ કરવા માટે એજ માર્ગે ચાલી નીકળ્યા. એમાંની એક પણ આશામી હાલમાં દેખવામાં આવતી નથી એવો ઇશ્વરનો અદલ ઇન્સાફ છે. માટે એ દયાળુ પ્રભુને એક ઘડી પણ વિસારવો નહી.

શિ૦—મેં કોઈ ધર્મવાળા સાધુને પુછ્યું કે તમારા ધર્મમાં શું તત્વ

છે તે જરા કહી સંભળાવશો. ત્યારે તેણે કહ્યું કે અમારા ધર્મમાં તો બીજા ધર્મવાળાને કહેવાની સાફ મનાઈ કરવામાં આવી છે. તો એ વાતમાં મારે શું સમજવું ?

ગુ૦—જ્યારે આપણે મુસાફરીમાં ગાડી અગર આગબોટ મારફતે બહારગામ જઇએ છીએ ત્યારે કેટલાકો પાસે થોડા પૈસા હોવાથી ચીંથરીઓ ખોલતા ને ગજવામાં હાથ ઘાલતા નજરે જોવામાં આવે છે તે છતાં છુપાવતા માલુમ પડે છે. તે બધું થોડાને માટે છે. પણ જ્યારે કોઈ મોટા વહેપારી કે ખુદ સરકારની ત્રીજોરીના પૈસા કોઇ દેશાવર ખાતે મોકલવાના હોય છે. તો મોટા થેલા ને થેલા રૂપીયાના ભરી આખી ટ્રેનો ને ટ્રેનો જાતી નજરે પડે છે. ને તે જોવા સર્વેને છુટ પણ હોય છે એ બધું ઘણાના લીધે છે. એથી તું સમજ્યો તો હઇશ. વળી એ પ્રશ્નનો બીજો ઉત્તર એ પણ થાય છે કે કેટલાંક ગુપ્ત ભોંયરાંમાં પણ ઘણું ધન સંઘરવામાં આવેલું હોય છે પણ તેનો કોઇ સધ્ધર ઘરાક નહી મળવાથી જેવા તેવાઓને બતાવવામાં આવતું નથી. તેથી એમને ના કહેવામાં આવે છે. માટે આપણે જે વર્ગના ઘરાક હોઇએ તેવી આપણી લાયકાતની તે શાહુકાર લોકો કીંમત કરી માલ બતાવવા હા, ના કહે છે. તેથી આપણે પણ સમજી લેવું કે અમુક વર્ગનો ઘરાકછું તેમાં નકામી રીસ કરવી નહી.

શિ૦—આપ પુર્વે કહી ગયા છો કે જે મહાત્મા પાસેથી આપે ઉપદેશ લીધો હતો તે તો મુદ્દલ થોડી વારનો. ને બીજરૂપ હતો. તો તેનું આવડું મોટું જંગી ઝાડ કેમ થયું ને તેને આવાં સ્વાદીષ્ટ પાકાં ફળો કેવી રીતે બેઠાં તે કહેવા કૃપા કરશો.

ગુ૦—તે મહાત્મા વિદાય થયા પછી હું ક્રમે ક્રમે સત્સંગ રૂપી ક્યારા ખોદતો ગયો અને તેમાં પેલા મહાત્મા તરફથી આપેલી યુક્તિ પ્રમાણે આપવામાં આવેલું બી રોપી દેવામાં આવ્યું, તેવામાં હરી નામ સ્મરણ રૂપી વરસાદની ઝડી પડવાથી તેથી તે બી એકદમ ઉગી નીકળવામાં આવ્યું ને ક્રમે ક્રમે મોટું વૃક્ષ તૈયાર થયું ને કેટલાક સારા માળીયો (ગુરૂઓ)ની સોબત થવાથી તે એની આજુબાજુની તમામ ભોમી દયા ખાતર ખોદ ખોદ કરવા લાગ્યા. તેથી કોઇ જાતની ઉધેઇ લાગવા પામી નહી. તેના લીધે તે વૃક્ષ ને ફુલ આવીને ફળ પણ બેઠાં પણ તેના ઉપર ઉપરા છાપરી અધર્મ નામના સુડાઓ ચાંચો મારવા આવ્યા વગર રહેતા નહી. પણ પેલા સારા માળી મિત્રે જ્ઞાનરૂપી ગોળાઓ પોતાના હાથમાં લેઇ તેનું અહોરાત્રી રક્ષણ કર્યા કરતા હતા. તેથી તે પર પકવ ફળ તૈયાર થવા પામ્યાં છે.

શિ૦—તે ઝાડ કઇ સાલથી ફળવા માંડયું છે ? ને તે વખતે તમારી ઉમ્મર કેટલી હતી ? ને તેનાં ફળ કઇ કઇ જાતનાં બેઠાં હતાં ? ને તેનો તમોએ શો ઉપયોગ કર્યો ? ને હાલ તે વૃક્ષની શું દશા છે ? તે કહેવા કૃપા કરશો.

ગુ૦—પ્રથમ તે સંવત ઓગણી અડશઠની સાલના દુષ્કાળમાં ફળ્યું હતું ત્યારે મારી ઉમ્મર પીસ્તાળીશ વર્ષની હતી. તે વર્ષમાં પારસમણી નામનાં ફળ ઉતારવામાં આવ્યાં હતાં. ત્યાર પછી બીજે વર્ષે તે વૃક્ષથી અમૃત વચન નામના ફળની પ્રાપ્તિ થઇ હતી. ને પછીના આ ચાલુ વર્ષના ઉન્હાળામાં કુન્દનમણી નામનાં ફળો આવ્યાં છે ને હવે પછી આવતા સંવત ઓગણીસ ઇકોતેરની સાલ માટે અમૃતનો ઝરો એ નામનાં ફળો ઇશ્વરની

કૃપા હશે તો ઉતારવામાં આવશે પણ તેનું મહુરત તો ગયા ભાદરવા સુદ છઠના રોજથી થઇ ચુક્યું છે. હવે તે ફળો પ્રથમ સાલે પાક્યાં ત્યારે પહેલવહેલાં તો મારા પેલા બીજ આપનારા ગુરૂ મહારાજને મનોમન અર્પણ કર્યાં. ત્યાર પછે પેલા વૃક્ષનું રક્ષણ કરનારા તમામ માળી મિત્રોને ભેટ કરી. ત્યાંર પછી તમામ પ્રજામાં આપવામાં આવ્યાં ને તે પ્રમાણે વર્ષોવર્ષ કરે ગયોછું ને હવે.પછી બને તે પ્રભુના હાથમાં સોંપવામાં આવે છે ને હાલ તે વૃક્ષ ઘણી સારી હાલતમાં છે. તે પ્રતાપ ગુરૂ મહારાજનો—

શિ૦—તે ફળો તમોએ તમામ બીજા લોકોને આપ્યાં તે શા હેતુથી ? ને તેની કીંમત શું લેતા ?

ગુ૦—હેતુ માત્ર એટલોજ કે તેનાં બી બીજા લોકો સાચવી રાખીને તેમના હૃદય રૂપી ખેતરમાં રોપી દે. ને તેવાં અસંખ્ય વૃક્ષો ઉગાડી, વધારે ફળો ઉતપન્ન કરી, દેશને તેના મીઠા સ્વાદના ભોક્તા કરે. વળી તે ફળો હું તમામને મફત આપતો હતો. ને તેના બદલામાં કોઇ ખુશીથી કંઈ રકમ આપતું તે એનાખર્ચ પાછળ વાપરવામાં આવતી ને કીંમતનો કંઇ નિયમજ નહોતો.

શિ૦—તેવાં સ્વાદિષ્ટ ફળો ખાવા:ઘણા લોકો ગુરૂ રૂપ માળીયોના બાગમાં જાય છે ને ખાય પણ છે. ને તેના સ્વાદનાં વખાણ પણ કરે છે. પણ કેટલાકો તો કહે છે ; કે અમનેતો તે ફળ કડવાં ઝેર જેવાં લાગે છે. તો તેનું શું કારણ ? ને તેવાઓને કેવા સમજવા ?

ગુ૦—એનું કારણ એજ કે સાકર જેમ ગળી છે પણ ગધેડાને ગળી

લાગતી નથી. ને તે ખાવાથી ઉલટું માર્યું જાય છે. વળી જેમ ચાટવો દરેક સ્વાદીષ્ટ રસોઇઓમાં ફર્યા કરે છે. પણ તેને કશો સ્વાદ મળતો નથી. ને ઉલટો બળ્યા કરે છે. તેમ એમને પણ તેવા સમજવા.

શિ૦—હે, ગુરૂદેવ શાસ્ત્રોમાં ને પુરાણોમાં જ્યાં જોઇએ ત્યાં બ્રાહ્મણોની શ્રેષ્ટતા મારા જોવામાં આવવાથી મારો સંશય દુર કરાવવા સારૂ હાલમાં હું તેવા મહારાજોની મુલાકાત લેવા એમના રહેઠાણે ગયો હતો તો કેટલાક ભુદેવો એક સ્થાને ગોઠવાઈ ઊઘાડે માથે પગ બાંધી બેઠેલા હતા ને આવતા જતા માણસોની મશ્કરીઓ કરતા હતા. ને એમના પવિત્ર મોંમાંથી ઘણાજ બિભત્સ શબ્દો કહાડવામાં આવતા હતા ને કેટલાક મહા પુરૂષો તો ઉંચા થઇ થઇને અશુચ્ચ સ્થાને ઉપરા છાપરી અપાન વાયુને બહાર કાઢીને ધડાકાઓ બોલાવતા હતા. તેમાં વધારે ધડાકા બોલાવનારને સદર મહામંડળ તરફથી સારા માર્ક આપવામાં આવતા હતા. ને બહુજ હસાહસ કરતા હતા. તો કહેવાનું કે એમના પુર્વજોએ જે મોટી કોર્તી મેળવેલી છે. તે શું આવા ઉમદા હુન્નરથી મળી હશે કે કેમ? ને એમના પાસે જવાથી કંઈ ફાયદો? ને તેવાઓને બ્રાહ્મણ કહેવા કે નહી!

ગુ૦—નારે, ભાઇ એમને તો બ્રાહ્મણ કહેવાય નહી તેમ તેમના' પાસે જવાથી ફાયદો પણ નહી. ને તેવાં કૃત્ય કરવાથી મોટાઇ પણ મેળવવાય નહી.

શિ૦—તે કહેવાય તો બ્રાહ્મણ છે છતાં તેવાં કુલક્ષણ કેમ કરતા હશે.?

ગુ૦—હે, બાપ, સાંભળ, એમાં ક્ષેત્ર તથા બીજનો દોષ હોવો જોઇએ. જેમ રસાળ ભોમીમાં સારૂં બી રોપવામાં આવે છે તો તેને સારાં ફળ બેસે છે. ને ખરાબ ભોમીમાં તેવાં ખરાબ બી રોપવામાં આવે તો ફળ પણ ખરાબ બેસે છે એથીજ તને સમજાયું હશે. ને તેં જે લોકોની મુલાકાત લીધી. તે ક્ષેત્ર તથા બી હલકા પ્રકારનાં સમજવાં એથી તેઓ તેવી નઠારી ચેષ્ટા કરતા હતા. એમ સમજવું. નહી તો બ્રાહ્મણની મોટાઇની કંઇ મણા નથી. તે ઉપર એક વાત કહું તે સાંભળ. શંકર જે મહા પ્રભુ કહેવાય છે છતાં દુનિયાંમાં તે લીંગ. સ્વરૂપે પુંજાય છે. ને વિશ્નુ ભગવાનની મોટાઇનો પાર નથી છતાં મુર્તિ રૂપે પુંજાય છે. ને બ્રહ્માની મુર્તિ કંઇ જોવામાં આવતી નથી એનું કારણ કે એમની સાક્ષાત:મુર્તિઓ એ બ્રાહ્મણો છે. ને એટલા માટેજ એમને આ દુનિયાંમાં મોટા કહેવામાં આવે છે ને લોકો પુજે છે. તેવી પોતાની મહત્તાની કીંમત નહી સમજનારને બ્રાહ્મણ કહેવો નહી. ને પુંજવા લાયક પણ નહી સમજવો.

શિ૦—આપ પ્રથમ કહી ગયા છો કે સરવે આત્મા એક સ્વરૂપ છે તો એમનો તિરસ્કાર કેમ થાય?

ગુ૦—આત્મા રૂપે તો સરવ એકજ છે. પણ જે તિરસ્કાર કરવામાં આવે છે તેતો એમના હલકા કામોનો સમજવો. તેથી આત્માને કંઇ બાધ આવતો નથી. ને તેવાં કામો છોડે તો તેજ પુંજવા યોગ્ય છે ને તેવી રીતે સરવે પ્રાણીને સમજવું.

શિ૦—રતીનો જે પતિ કામદેવ મહા ક્રુર હોવાથી શંકર ભગવાને તેને બાળી નાખ્યો છે. ને ફક્ત વાસના રૂપે રહેલો છે. છતાં મોટા મોટા અનર્થો કરી સરવેને પાયમાલ કરી નાંખે છે. તો

તેને સમુળો બાળી નાખવા માટે કેવા અગ્નિનો ઉપાય કરવો?

ગુ૦—ફક્ત એકલું મનજ બાળી નાખવું એ તેનો રામબાણ ઉપાયછે.

શિ૦—આપે પ્રથમ તો આતમાને ઓળખાવવા માટે કેટલીક ચરચા દરશાવી હતી તેથી હું પુરેપુરૂં સમજયો હતો. છતાં પાછળથી વહેવાર વાતનાં ઘણાં સિદ્ધાંતો કહેવામાં આવ્યાં તેનું શું કારણ.

ગુ૦—આત્મા સ્વરૂપની વાર્તા સાંભળવાથી વહેવારનું કામ પણ આત્મ સ્વરૂપ થઇ જાય છે. તે તને થયું છે કે નહી. તેની પરિક્ષા કરવા માટે વહેવારૂ વાત પાછળથી કહેવામાં આવીછે. પણ તજુ તને વહેવારનું ભાન છે. માટે તું તે સ્વરૂપ નહી હોવાથીજ તેવો પ્રશ્ન કરેલો એટલી તારી કચાશ સમજવી.

શિ૦—પ્રથમ મેં આપને પુછ્યું હતું કે ધર્મ એટલે શું? તેના જવાબમાં આપે કહેલું કે નીતિએ ચાલવું તે ખરો ધર્મ કહેવાય. તો તે નીતિ કોને કહેવી? તે સમજાવવા કૃપા કરશો.;

ગુ૦—હે, સુભાગી, શિષ્ય. એ બાબતમાં આપણે છેક અજાણ્યા રહી ગયા છીએ. ને નહાવું ધોવું ને દેવ દરશન કરી આવવું. ને તીર્થ યાત્રા કરી આવ્યા કે બસ એટલે આપણે સર્વ ધર્મને જાણતા થયા એવું માની બેઠા છીએ. ને એટલું કર્યું કે હવે કંઈ કરવાનું બાકી નથી એવું સમજી પછી કંઇ કરતા નથી તો આપણે તેમાં નકી ઠગાઈએ છીએ એમ સમજવું. મતલબ કે માછલાંઓ હમેશાં ગંગાના પાણીમાં નાહ્યા કરે છે ને ધોબી કપડાં ધોવે છે. ને ઠગ પુજારીઓ દેવની પાસે ને પાસે રહે છે ને ગંઠીયાઓ દરેક યાત્રાઓમાં ગયા વગર રહેતા નથી. પણ એથી એમનું કશું વળતું નથી તેમ આપણે પણ ખરો ધર્મ નહી જાણતાં ઉપર ઉપરથી ધર્મ પાળીએ ને અંતર ચોખ્ખું

ન રાખીએ ત્યાં સુધી કંઇ પણ વળવાનું નથી, હવે અંતર ચોખું રાખવું તે કયું. પ્રથમ તો સત્ય બોલવું ને અસત્યનો ત્યાગ કરવો ને આ જગતમાં જે જે પ્રાણી માત્ર દેખાય છે તે તમામ તથા આપણે સર્વ દયાલુ પરમાત્માના ચૈતન્ય સ્વરૂપમાંથી ઉતપન્ન થયેલા છીએ એથી ઓતપોત એક બીજાના ભાઇઓ છીએ અથવા એકજરૂપ છીએ એથી એકમેકને દુઃખ સુખમાં ભાગીદાર થવું એ આપણો ધર્મ છે. તેથી આપણાથી બનતી મહેનત ને સહાય આપવી. તેવો આપણા મહાન પ્રભુનો કાયદો છે. તેમાએ જેને વધારે દુઃખ હોય તેને વધારે સહાય આપવી જોઇએ. ને તે પણ સ્વાર્થ રહીત હેવી જોઇએ તોજ કૃપાળુ પ્રભુ આપણાપર રાજી રહેશે. નહી તો કેટલાક ભાઇઓ સાધુ બ્રાહ્મણો પાસે પોતાનાં ઘરનાં ખાનગી કામો કરાવી ને ગરીબો પાસે દળણાં દળાવી તથા પાણી ભરાવીને પછી કંઇ ને કંઇ આપે છે. તેવો બદલો વાળી આપ્યો તેને પુન્ય કર્યું એમ સમજે છે. તે પુન્ય સમજવું નહી. તેવા અજાણ્યા આપણ અત્યાર સુધી શા કારણથી રહ્યા છીએ. કે આપણે જેને ધર્મ ગુરૂઓ માનીએ છીએ. ને તેઓને ધર્મ સંબંધી બીલકુલ જ્ઞાન હોતું નથી ને પોતાનો સ્વાર્થ સાધવા હમેશાં તત્પર રહી મચ્યા રહેલ હોય છે ને સેવકનું કલ્યાણ થજો કે ખાડામાં પડજો તેની દરકાર હોતી નથી ને જ્યાં ત્યાં લુંટી ખાધામાં મજા માંણી બેઠેલા હોય છે. તેથી ખરા રસ્તા બતાવતા નથી અગર જાણતાએ નથી તેથી ગરીબ લાચારોને નહી અપાતાં તે ઠગ લોકો પોતાનાં ઘર ભરવા સમજાવી દે છે તો કલ્યાણ કયાંથી થવાનું. કલ્યાણ તો કયારે થાય કે જ્યારે એક ચપટી

ચણા આપો એથી જેને ઘણોજ આનંદ થાય ને બહુજ આશીષો આપે તેવાને આપવાથી થવાનું. પણ તમે ગમે તેટલું આપો પણ જેને સંતોષ નથી. ને જેની પાસે ધન્યનો પણ તોટો નથી તેને બીલકુલ પરમાર્થની દરકાર નથી તેવાઓને આપવાથી તમારૂં શું વળવાનું છે. છતાં એવાને આપે તે ભોંયમાં દાટો કે ગમે તો ફેંકી દયો એ બે બરાબર સમજવું. ને એવા સ્વાર્થ દાસોએજ પોતાનો સ્વાર્થ સાધવા કાજે "સપાત્ર દાનં, ને ગંગા સ્નાનં" કહી ભોળા લોકોને ભરમાવી મુકયા છે પણ તે પંડેજ લોભી છે તો તે સપાત્ર કેવી રીતે ગણી શકાય ? સપાત્ર તો કોણ કે ભલે ને ગમે તે જાતીનો હોય પણ ઇશ્વર જે આપે તેમાં સંતોષ વાળી આનંદ માને ને જીવ હીંસા ન કરે ને ઇશ્વર ભજનમાં તલ્લીન હોય, તે માટે ખુદ ભગવાને પણ કહ્યું છે કે.

દોહા.

ઉચ વરણ થઇ ન ભજે, ચંડાળ કહીએ તેહ;
ચંડાળ થઈ મુજને ભજે, તે જાણું મારો દેહ.

કારણ કે ઇશ્વરને ત્યાં નાત જાત કોઇ નથી તેવા ભેદતો સ્વાર્થી લોકો બતાવે છે તેમ છતાં જુદાઇ રાખી ગરીબોને સહાય ન કરીએ અગર કરતો હોય તેને અટકાવી રાખીએ તે કૃપાલુ પ્રભુનો ગુન્હો કર્યો સમજવો. માટે તેવા ખોટા વહેમ મુકી સર્વે આત્મા એક સમજી ગરીબ લાચારોને મદદ કરવા ચુકવું નહિ ને એમ કરવું એજ આપણો ખરો ધર્મ છે. તે વીના મોટાઇ લેવા માટે ગમે તેટલું કરશો તે રાખમાં ઘી હોમવા બરાબર સમજવું. માટે જે કંઇ કરો તે આશા તથા અભિમાન

રહીત પોતે પોતાના માટે કરવું ને તેમ ન કરે તેને કેવો સમજવો. તે સૌ સૌની મેળેજ સમજી લેવું તેવી રીતે નિરાશાથી કરવું તેનું નામજ ખરૂ પરમારથ કહેવાય અને એથીજ ઇશ્વરી ધામની પ્રાપ્તિ થશે.

શિ૦—સંસારમાં ખરૂં સુખ કયું સમજવું?

ગુ૦—તે બાબતમાં આગળ ઘણી વખત કહેવામાં આવ્યું છે કે સંસાર જુઠો છે તો એમાં સુખ માટે ફાંફાં મારવાં તે ફોકટ સમજવાં.

શિ૦—એમ છે તો લોકો એને કેમ ખોળે છે?

ગુ૦—ઉલટા હેરાન થવા.

શિ૦—ત્યારે ખરૂં સર્વોત્તમ સુખ કોને કહેવું?

ગુ૦—સંતોષ રાખવો તે સર્વોતમ સુખ સમજવું.

શિ૦—એમ કરવું એતો બહુ મુશ્કેલીનું કામ છે, તે મારાથી કેમ બને?

ગુ૦—એમાં તારી ભુલ છે દુનિયામાં એવું કોઇ કામ નથી કે જેની પાછળ થવાથી તે નહી બની શકે. એક વખત હું બદ્રીનારાયણની મહા યાત્રાએ ગયો હતો. ત્યાં રસ્તામાં જતાં મોટાં ઘણાં ઉચાં તાડનાં ઝાડ મારી નજરે જોવામાં આવ્યાં. ને તે એટલાં બધાં ઉંચાં હતાં કે મોં ઊંચું કરી જોવા જઉ તો માથેથી પાઘડી પણ પડયા વિના રહે નહી. પણ જ્યારે હું એ પાવત્ર તીર્થની ટોકે પહોચ્યો ને પછી નીચેનો પ્રદેશ નીહાળવા લાગ્યો તો તે તાડો તો ચોમાસાની મોસમમાં જેવા બીલાડીના ટોપો જોવામાં આવે છે તેવાં તે નાનાં દેખાવા

લાગ્યાં. તે બધો ફેરફાર શાથી થયો કે થોડે થોડે ઉંચે ચઢ-
વાથી. તેમ એમાં પણ સમજી લેવું.

શિ૦—તમામ ધર્મના આચાર્યો પોતાના શેવકોમાં ફરવા નીકળે છે. ને ત્યાં તેમને એમના તરફથી સારો સત્કાર કરવામાં આવેછે. ને પોતાના ઘેરે પધરામણી કરાવી સારી રકમ ભેટ મુકે છે ને તેવા ઘણા પૈસા આવવાથી એમની પાસે કરોડો રૂપીયાની મીલ્કત એકઠી થાય છે તો એનો તે શું ઉપયોગ કરતા હશે?

ગુ૦—તેવા એકઠા થયેલા પૈસા સંત સાધુઓને પોતાના રહેઠાણે ખાવાના કામમાં વપરાય છે ને કોઇ વખત દેશમાં દુષ્કાળ પડે તો ગરીબ ગુરબાંને અન્નવસ્ત્ર અને ગાયોને ઘાસ નાખવામાં આવે છે.

શિ૦—પણ કેટલાક આચાર્યો તો પોતાના સાધુઓને મધુગીરી માગવા મોકલે છે ને દુષ્કાળમાં પાઇ સરખી પણ વાપરતા નથી એનું શું કારણ? તે એવાઓને પધરામણી કરાવવા લાયક સમજવા.

ગુ૦—અધોગતીએ જનારને કંઇપણ માનનેલાયક સમજવા નહી

શિ૦—ખરા મહાત્માની કસોટી કેમ કરવી? ને તે કેમ ઓળખી લેવો? તે કહેવા કૃપા કરશો.

ગુ૦—એ ઉપર એક વાત કહું તે સાંભળ. કોઇએક ગામડામાં એક શ્રદ્ધાળુ બાઈ રહેતી હતી. તેને ગુરૂ કરાવવાની ઇચ્છા થઇ આવવાથી કોઇ સારા માણસને પુછવા લાગી તેથી એને બતાવ્યું કે આપણા ગામ બહાર થોડેક નજીક એક બુઢ્ઢા બાવા કરીને રહે છે તેને તું તારા ગુરૂ કરી લે તો તારૂં કલ્યાણ થશે. એથી તે બાઇ રાજી થઈ ને બીજેજ દીવસે તમામ સામગ્રી સાથે લઇને તે મહાત્માના મુકામે

જવા પીતાના ઘેરથી નીકળી. ને જેવી બહાર આવી કે પેલા મહાત્મા ઉઘાડે માથે એક હાથમાં કાળી હાંડલી ઝાલી ને બગલમાં દંડ મારી ચપટી માગવા નીકળ્યા હતા. તે એને સામા મળ્યા. તેને તે બાઇ ઓળખતી નહી હોવાથી પોતાને અપ-શુકન કરાવ્યા તેવું સમજી ઘણી ક્રોધાવેશમાં આવી જવાથી પોતાના પગમાંથી પહેરવાનું ઉપાન કાઢી એકદમ મારવા તુટી પડી. તેમ તેમ પેલા મહાત્મા રાજી થવા લાગ્યા ને વધારે મારવા ભલામણ કરવા લાગ્યા. પણ પછી તો તે બાઇ થાકી જવાથી જતા કર્યા ને તે મહાત્માના મુકામ તરફ ચાલી આવી. પણ તેને મળ્યા નહી તેથી બાજુમાં વસ્તા માણસને પુછવામાં આવ્યું તો કહે કે બેસો ગામમાં મધુગીરી લેવા ગયા છે તે હમણાં આવતા હશે. થોડીકવાર થઇ એટલે તે છેટેથી આવતા દેખાયા એટલે પેલા માણસોએ કહ્યું કે એ પેલા આવે તે મહાત્મા છે એમને નજીક આવતા જોઇ પેલી બાઇતો ઘણી શરમાઇ ગઇ મતલબ કે તેને ઘેરથી આવતાં સામા મળ્યા હતા તે એજ મહાત્મા હતા તેથી એમના ચરણમાં મુસ્તક મુકી માફી માગવા મંડી. ત્યારે તે ત્રિકાળ જ્ઞાની મહાત્મા કહેવા લાગ્યા કે બચ્ચા કાયકું દીલગીર હોતીહે. જો એક પૈસાકી હાંડી લેનેકું જાતીહે. તો ભી તીન બખત ખખડાવી લેતી હે. તો તુને તો મેરેકુ ગુરૂ કરનાહે. તો કચા પકા કયું નહી. તપાસના ચાહીએ. તો તેને મેરે પર અજમાશ કર લીઇ હે. અબ ફીર તારી ખુશી હોય તબ લગ તપાસ કરના. ઇસમેં મેરેકું કુચ હરકત નહી હોતી હે. આવા અમૃત જેવા શાંત શબ્દો સાંભળી તે બાઇ ખુશ થઇ ગઇ ને પોતાની મનકામના

પુર્ણું કરી. હે શિષ્ય, એમ ખરા મહાત્માની કસોટી થાય છે. છતાં જે બીલકુલ ક્રોધ કરતા નથી. તેજ ગુરૂ કરવા લાયક છે. એમ સમજવું.

શિ૦—ગયા ભાદરવા સુદ પુર્ણીમાશીને રોજે ગ્રહણ ઉપર હું શ્રી. સિધક્ષેત્રની યાત્રાએ ગયો હતો ત્યાં પ્રથમ તો પતીત પાવની, અધમ ઉધારણી, શ્રી. સરસ્વતિ માતાના પવિત્ર ઘાટ પર સ્નાન કરી પછી ગ્નાન વાવ્ય, જ્યાં આગળ શ્રી. કપીલદેવ ભગવાને પોતાના પીતા કરદમરૂષિ તથા એમની માતુશ્રી. દેહુતીને આત્મ ગ્નાન કહી સંભળાવ્યું છે તે તીર્થમાં નાહ્યો. ત્યાંથી આગળ ચાલી. અલપા નામના તળાવમાં સ્નાન કરી જોડેના બિંદુ સરોવરમાં આવ્યો તો તેના ઘાટ ઉપર એક પવિત્ર મહાત્મા ઘણાક ભકતો વેસ્ટિત બેઠા બેઠા ભજન કરતા હતા. તે મહારા જોવામાં આવ્યા એથી તેમનાં દરશન કરવા ઉભો રહ્યો એટલામાં કોઇ એક દેશનો રાજા આવી એમના ચરણારવિંદમાં નમી પડયો ને ઘણી આજીજી કરી એકસો સુવર્ણ મુદ્રાઓ ભેટ મુકી ને હાથમાં ચમ્મર લેઇ વાયુ નાંખવા મંડ્યો ત્યારે પેલા મહાત્મા કહે કે. " તેમાંજ તો. " એટલામાં એક શાહુકાર આવ્યો તેણે એમને પ્રણામ કરી મગદળનો ભરેલો એક ટોપલો ભેટ મુકયો તો તે કહે કે "તેમાંજતો" તે પછી ઘણા લોકો આવી સૌ સૌની યોગ્યતા પ્રમાણે દાન આપતા હતા. તેના જવાબમાં તે મહાત્મા એનું એજ વાકય કહેતા હતા. ત્યાર પછી કોઇ એક મલેચ્છ માણસ આવ્યો ને તે મહાત્માને બહુજ ધીટકારથી બીભત્સ શબ્દો બોલવા લાગ્યો તોપણ એના પર ગુસ્સે નહી થતાં હસતા મોંએ કહેતા હતા કે "તેમાંજતો" એવી રીતે

સરવેને એકજ ઉતર આપ્યા કરતા હતા તેનું શું કારણ તે કહેવા કૃપા કરશો.

ગુ૦—હે શિષ્ય, તે મહાત્માના ગુઢાર્થનો સાર તું ન સમજ્યો હોય તો સાંભળ. પ્રથમ જ્યારે રાજાએ આવી સુવર્ણ મુદ્રાઓ મુકી ચમ્મરવતી વાયુ ઢોળવા મંડયો ત્યારે એમણે કહ્યું કે "તેમાં જતો" એ કહેવાનો રહસ્ય એમ કે હે રાજા, તેં જ્યારે પ્રથમ પરમાર્થ કરેલું છે તેથી આજે તને મળ્યું છે ને આજે કરીશ તે હવે પછી મળશે તેથી તે કહેતા હતા :"તેમાંજ તો" ને એ પ્રમાણે બીજાઓને પણ કહેતા કે કરેલું છે તે ભોગવો છો ને કરશો તેવું મળશે ને પેલા દુષ્ટને પણ કહ્યું કે હાલમાં જે ભોગવે છે તે નીચી કરણીનાં ફળ છે ને સાધુઓને પાછું તેવું બોલો છો તો તેનાં ફળ પણ તેવાજ મળશે એ પ્રમાણે એમનું કહેવું હતું એમ સમજવું.

શિ૦—તેતો સમજ્યો. પણ તેવામાં કોઇ એક પવિત્ર બાઇ આવી એમના ચરણમાં પડી ને ઉપદેશ આપવા કહ્યું ત્યારે તે બોલ્યા કે "છેનાળ વેશ્યા" એમ કહેવાથી પેલી બાઇ ખુશી થાતી થાતી ચાલી ગઇ. એ ભેદ મને સમજાતો નથી કારણ કે તે બન્ને શબ્દો ઘણા બીભત્સ છે. તો એનો અર્થ શું તો તે કહેવા કૃપા કરશો ?

ગુ૦—હે બાપ તેવા મહાત્માઓ તો પોતાના મુખમાંથી કોઇ વખતે ખરાબ શબ્દો કાઢેજ નહી પણ તેના રહસ્યનો મર્મ તું નહી શમજી શકવાથી તને એમ લાગ્યું હશે નહી તો તે મહાત્માએ તો પેલી બાઇને કહ્યું કે નકામી જ્યાં ત્યાં શું કરવા ફાંફાં મારે છે. જે છે તે તારી પાસે છે તો એને તું ઓળખ (એ-

ટલે છે તેને નાલ વેશ્યા એટલે એજછે) એમ કહ્યું એથી એનાં જ્ઞાન ચક્ષુ ઉઘડી ગયાં એટલે ખુસી થતી થતી પોતાને ઘેર ચાલીગઇ.

શિ૦—વળી તેવામાં કોઇ એક અસુર એક ગૌમાતાની પાછળ પડયો હતો તેથી તે મહાત્મા ભણી સુસવાટા ભેર ચાલી આવતી હતી અને બરાડા પાડતી હતી અસુર પણ પાછળ જોસબંધ દોડયો આવતો હતો. એટલે તે મહાત્મા બોલ્યા કે "મારમાર" એટલે તે ઉલટો મારવું બંધ રાખી એમના ચરણમાં પડી માફ માગવા મંડયો એનું શું કારણ?

ગુ૦—હે, શિષ્ય, તે મહાત્માએ ગૌમાતાને મારવા કહ્યું નહોતું પણ પેલા ચંડાળને ઉદ્દેશીને કહ્યું કે તારામાં જે કાળ રૂપ ચંડાળ ચડી આવ્યો છે તેને તું માર નહી તો મહા પાપમાં પડીશ તેવું સાંભળી તે અટકી ગયો. ને પગે લાગવા મંડયો માટે મોટાઓના વાકયમાં ઘણોજ ગુઢાર્થ હોય છે એવું સમજી એમની વંદના કરવી તેમાંજ સેવકનું કલ્યાણ સમાયેલું હોય છે.

શિ૦—વળી એના એ મહાત્મા બે ત્રણ દિવસ પછી ગામમાં હું મારા એક સગાને ત્યાં બેઠો હતો ત્યાં આગળ થઇને જતા હતા ને આવતા જતા લોકો એમને પગે લાગતા હતા. તે તમામને એ મહાત્મા કહેતા હતા કે "બળી જાઓ" એટલે પેલા લોકો ઘણા ખુશી થતા હતા એનું શું કારણ?

ગુ૦—ભાઈ; એનો પણ અર્થ પ્રથમના જેવોજ ગુઢ સમજવો એ એમ કહેતા હતા કે તમારાં તમામ પાપો બળી જાઓ એ મારી આશીષ છે તેવું તે મહાત્માનું વચન થવાથી પોતાનાં તમામ પાપો બળી ગયાં છે એવું સમજી પેલા ભક્ત લોકો રાજી થતા હતા એમ સમજવું.

શિ૦—ધન્ય છે ધન્ય છે તેવા મહાત્માઓને કે એમનાં દરેક કામોમાં બહુજ સમજવા જેવું ઉંડું રહસ્ય સમાયેલું હોય છે પણ ઉપરથી જોનારાને તો બીલકુલ સમજાતુ નથી એનું શું કારણ?

ગુ૦—એનું કારણ એજ કે તેના ઉપર અજ્ઞાનરૂપી આવરણ ઢંકાઇ ગયેલું હોય છે ને તે જ્યાં સુધી ખસેડવામાં ન આવે ત્યાં સુધી તેને ખરા સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

શિ૦—તેવું તે અજ્ઞાનરૂપી આવરણ કેવું છે કે ખસેડવા છતાં પણ ખસતુ નથી?

ગુ૦—જેમ કોઇ તળાવની અંદર લીલ ઉતપન્ન થાય છે તે તો તેં જોઈ પણ હશે તેના જેવું એ છે એમ જાણ્ય.

શિ૦—તેવી લીલ તો અમારા ગામના તળાવમાં વરસો વરસ ઘણી થતી હતી પણ હાલમાં એક ઉસ્તાદ આવી મળ્યો તેણે એક ચુપટી ભરી કોઇ એક દવાની ભુકી નાંખી કે તમામ લીલ તેના ઠેકાણે થઇ ગઇ ને તેમાંનું પાણી કંચન માફક થઇ ગયું છે. તો શું પેલા અજ્ઞાતરૂપી આવરણને હાકવા તેનો ખરો કીમીયો નહી હોય? ને હોય તો કહી બતાવો કે મારૂં અજ્ઞાન દુર થાય?

ગુ૦—એને મટાડવા માટે એક શ્રદ્ધા રૂપી દવા તેનો રામબાણ ઉપાય છે તો તું તેનું સેવન કર એથી તારાં તમામ આવરણો આપો આપ દુર થઇ જશે.

શિ૦—શ્રધા એટલે શું સમજવું?

ગુ૦—ગુરૂ વચનપર વિશ્વાસ રાખવો તે.

શિ૦—એમ કરવાથી શું ફાયદો થાય?

ગુ૦—આત્મ લાભનું સુખ મળે તે.

શિ૦—તેવું સુખ મળવાથી શું થાય ?

ગુ૦—આધી, વ્યાધી ને અધીભુત તેત્રણે તાપની વેદના વિરામે તે.

શિ૦—હે ગુરૂદેવ, પ્રથમ આપે વીધવાઓના ધર્મ કેવીરીતે પાળવા તે બાબત ઘણીજ સહેલી રીત બતાવી છે ને તેમાંજ તેમને મોક્ષ મળે તેમાં સંશય નહી છતાં કેટલીક બહેનો તેવા સુમાર્ગથી ઉલટી ચાલી સીધવાઓને પણ ભુલાવામાં નાખે તેવો વેષ રાખે છે. તેનું પણ થોડું બયાન કરવામાં આગળ આવી ગયું છે તો તે બાઇઓને તેવા માર્ગે દોરવામાં પ્રથમ કોની ભુલ હોય છે ને એથી શા શા અનર્થ થાય છે તો કેમ કરવાથી સુખ થાય તે કહેવા કૃપા કરશો ?

ગુ૦—હે બાપ તે કામમાં પ્રથમ ભુલ એના માબાપોની સમજવી કેમકે પ્રથમ જ્યારે સદરહુ બાઇને વૈધવ્ય પ્રાપ્ત થાય છે ત્યારેતો તે પણ પોતાના પુરૂષના સ્નેહપાસમાં બંધાયેલી હોય છે તેથી તેને ઘણુંજ દુઃખ થાય છે પણ તે દુઃખ હમેશાં કાયમ નહી રહેતાં થોડે થોડે વીસ્મર્ણ થાય છે ને પછી કામવાસનાનું સ્મરણ આપો આપ થઇ આવવાથી શરીર બળ્યા કરે છે પણ તે દુઃખ કોઇને કહી શકાતું નથી ને જ્ઞાતિ બંધારણની દુષ્ટ બેડીના લીધે પુનર્લગ્ન પણ થતું નથી તેથી છેવટે દેવદર્શનના બહાને બહાર ભટકતી થાય છે ને આખરે વ્યભિચાર જેવા ખાના ખરાબી કરનારા દુષ્ટવ્યસનના ભોગ થઇ પડેછે તેથી દુનિયામાં એની ખરાબ વાતો થાયછે અને તે નહિ ગણકારતાં વધારે ને વધારે તોફાનો કરતી જાય છે વળી કોઇ વખતે ગર્ભ રહ્યો તો તે

પડાવવા પણ પાપ ગણવામાં આવતું નથી. ને વખતે નહી પડતાં પુરે પાધરે બાળકનો જન્મ થાય છે તો ફજેતીના ફાલકા થાય છે તે છતાં તેનાં આંધળાં મા બાપો તથા તેની જ્ઞાતિના દુષ્ટ આગેવાનો કંઇ પણ રસ્તો કરતા નથી તેવા હરામીઓને હજારવાર ધીક્કાર છે ને એથી પણ વધી જે જ્ઞાતિઓમાં ફરી લગ્ન કરવા છુટ છે તોપણ જે ચંડાળો આંખો આડા કાન કરી માથાં ખજવાળી મોં નીચાં કરી બેશી રહેનારા પોતાની દીકરીઓની પ્રતિષ્ટા જળવાઈ રહે તેવા ઉપાયો યોજતાં નથી એવાઓને પેલા કરતાં પણ લક્ષ ઘણા વધુ ધીક્કાર સમજવા તે સાધુ મહાત્માઓને પણ ભ્રષ્ટ કરનારી તે વંઠેલી વીધવાઓ સમજવી જો તે સૌ સૌના માર્ગે લાગેલી હોય તો તેઓ પણ કોઇની સાથે સંગ નહી થવાથી બગડે નહી ને ઇશ્વર ભજન કરી પોતાનો મોભો જાળવી રાખે તેમ તે બાઇઓની પણ પ્રતિષ્ટા જળવાય એકાંત સંગ એજ અનર્થનું મુળ સમજવું એથી હમેશાં અળગા રહેવુ એજ નિતિ સમજવી.

દોહરો.

એકાંત્ય અનર્થ મૂળ છે, કદી ના કરશો વિર.
જશ ઇજત આબરૂ જશે, ખોશો નામનું નિર.

શિ૦—જે જ્ઞાતિઓમાં પુર્નલગ્ન કરવા છુટ છે છતાં જે લોકો કરતા નથી તેવાં માબાપોને જે ફીટકાર આપવામાં આવે તે તમામ ઓછો સમજવો. પણ જેને તેવી છુટ નથી તેણે કેમ કરવું ?

ગુ૦—તે બાબત તો શાસ્ત્રોમાં મોટા પુરૂષોએ પ્રથમથીજ લખી મુકવામાં આવ્યું છે કે " સમો વરતે તે સાવધાન " માટે

હાલનો જમાનો વ્યભિચાર વધારનારો થઇ પડ્યો છે તો તેનો અટકાવ કરવા સારૂ તે જ્ઞાતિવાળાઓએ તેની છુટ કરવી કે લાંછનને પાત્ર બનવું પડે નહી. તેનો દાખલો શાસ્ત્રમાં પણ છે. સાંભળો. શ્રી રામચંદ્ર ભગવાને રાવણની રાણી મંદોદરીને વીભીક્ષણની સાથે ને વાળીની રાણી તારાને સુગ્રીવ સાથે પુર્નલગ્ન કરી આપેલું છે. ને તે તો મોટા સામર્થ હતા તો આપણને એમ કરતાં બાધ લાગશે નહી. માટે સમાને સદા કાળ માન આપવું તે નીતિ શાસ્ત્રનો ધર્મ છે.

શિ૦—તે તો ખરૂં પણ જે બાઇ પુર્ણ પતીવ્રતા હોય ને પછી તેને વૈધવ્ય પ્રાપ્ત થાય તો તેને લગ્ન કરવું કે નહી. ?

ગુ૦—જે બહેન પોતાનો ધર્મ શાસ્ત્ર નીતિએ પાળી શકે એના માટે એમ કરવા બીલકુલ જરૂર નથી તેવી બહેનોને તો ધન્યવાદ આપવા લાયક સમજવી. પણ આજકાલની ભટકેલી ભુંડણીઓ માટે એમ કરવા જરૂર છે. કારણ હડકવાઇ કુતરીઓની પેઠે અથડાતી જોવામાં આવે છે.

શિ૦—તેવી કુલટાઓને કેમ ઓળખવી ?

ગુ૦—તેમના નાટકી શ્રંગાર બાબત પ્રથમ કહેવામાં આવી ગયું છે. પણ તેમનાં બીજાં ચિન્હ કહું તે સાંભળ. પ્રથમ તો આળસ ખાઇ શરીર મરોડવું, બગાસાં ખાવાં, મંદહાસ્ય, આંખોના ચટકા ને મટકા કેશ ઓળાવવા લજ્જા, ભય પામવું, પગના અંગુઠેથી પૃથ્વી ખણવી, નીચી દ્રષ્ટિ, ઉતાવળી ચાલ, ખુંખારા કરવા, યુવાન પુરૂષ દેખી મોંમાંથી થુંકવું, ને ઝીણું બોલવું. તેવાં સામટાં ચિન્હો જેનામાં જોવામાં આવે. એ ઉપરથી એને ઓળખવી.

શિ૰—એવાં સરવે ચિન્હો જેમની વિધવા પુત્રીઓમાં હોય છે ને પિતાની જ્ઞાતિમાં પુર્નલગ્ન કરવા છુટ પણ હોય છે છતાં તે લોકો એમ કરતા નથી ને પાછળથી પોક મુકી રડવા બેસે છે તો તેનો શું ઉપાય કરવો ?

ગુ૰—એનું કારણ એજ કે પ્રથમ તો તે લોકો કોઇ બીજા માણુસ મારફતે પોતાની પુત્રીને પુર્નલગ્ન કરવાનું પુછાવે છે. એટલે એની મરજી હોવા છતાં શરમના લીધે નાકારનો જવાબ આપે છે પછી તે માબાપો સમજે છે કે એની ધર્મ ઉપર બહુ લાગણી ચોંટી છે માટે તેમ કરવાની. એમની મરજી નથી ને વળી એમના કુટુંબમાં પુત્રીના પૈસા નહી લેવાનો સારો ચાલ હોવાથી ઝાઝી ગરજ પણ હોતી નથી એટલે ઘણી પડપુછ કરતા નથી. ને પેલું કામ બાજુએ રહી જાય છે. પાછળ પેલી બાઇ કામવિકારનું દુઃખ સહન નહી કરી શકવાથી તેની પ્રાપ્તિ અર્થે જ્યાં ત્યાં રસ્તા ખોળવા લાગે છે. ને આખરે દેવદર્શનના બહાને ઘરનો ઉમરો તજી બહાર ભટકતી થાય છે. ને પછી તો પુંછવુંજ શું. એમ છુટી સ્વતંત્ર થવાથી આખરે બારેવાટ જાય છે ને તેનાં કુલીન માબાપોને પોકેપોક મુકી રડવા વખત લાવે છે માટે તેવી બહેનોના માબાપોએ એમને પુર્નલગ્ન કરી આપવું. ને એમ ન કરવામાં આવે તો એમને બહાર નહી ભટકવા દેતાં તેમનું રક્ષણ કરવું ને ઘરમાં રાખી નીતિનો ઉપદેશ આપવો. એજ એનો રામબાણ ઉપાય સમજવો.

શિ૰—જ્ઞાનીઓ તો વિચાર કરી સમા પ્રમાણે વર્તવા પ્રથમથીજ છુટ આપી ગયા છે. ને વીધવાઓ તો હદ ઉપરાંત અખાડા કરવા મંડી છે. છતાં એમને પુર્નલગ્ન કરવા કોણ અંતરાય કરે

છે ? ને બાળહતા થાય તે પાપ કોના માથે સમજવું.

ગુ૦—પ્રથમ તો એમની જ્ઞાતિના આગેવાનો કે તે લોકો ઘરના સુખી હોય છે. તેથી એમનો લાગવગ સારો ચાલે છે. ને દેવઇચ્છાએ એમને બૈરી મરી જાય કે બીજી કુંવારી કન્યા પરણવાની મળી આવે છે. એટલે વૈધવ્યના દુઃખની એમને ખબર હોતી નથી. ને તે વિના બીજા એમના કહેવાતા ધર્મગુરૂઓ કે જેમને તેવી નઠારી ચાલની રાંડોનો સહવાસ બહુ ગમે છે. એથી એમાં લુબ્ધ થયેલા હોય છે. તેથી તે લોકો અંતરાયરૂપ થઇ પડયા છે. ને તેવા મોજીલા લોકો એજ શાસ્ત્રોનો કાયદો હોવા છતાં સરવે લોકોને જાળ પાછળ ફેરવી માર્યા છે. નહી તો એ લોકો જો છુટ આપે તો તુર્તજ દેશમાંથી વ્યભિચાર જેવો દુષ્ટચેપી રોગ આપોઆપ એની મેળે ચાલી જાય. ને તે બાળહતાનું પાપ પણ એમના માથે સમજવું.

શિ૦—તે લોકો છુટ ન આપે તો એમને પડતા મુકી બીજાઓ તેનો અમલ કેમ કરતા નથી ?

ગુ૦—જ્યાં આગળ વાગોળો ને ચાંમાચીડીયાં વસ્તાં હોય છે ત્યાં આગળ ઘુવડ જેવાં દીવસે નહી ભાળનારાં લોકો ફાવી ગયાં હોય છે. ને એમની સેહના લીધે પેલાં બિચારાં નીચે માથે ટંગાઇ રહેનારાં કંઇ પણ કરી શકતાં નથી. એના જેવું સમજવું. નહી તો નીતિ એટલે શું કે ઘણા માણસો એકઠા મળી સુખી થવા સારૂ જે જે કાયદાઓ ઠરાવે તેનું નામ નીતિ કહેવામાં આવી છે. નહી તો એનુ કંઇ ઝાડ ઉગતું નથી.

શિ૦—આપ જે જે કથા કહોછો તે ઘણી બોધદાયક ને પ્રભુના

નામવાળી હોય છે પણ તે વિનાની જે કથા કહેવામાં આવે તે કેવી સમજવી. ?

ગુ૦—સાંભળ, થોડા વખત ઉપર અમારા પાડોશમાં એક પરદેશી લૈયો રહેવા આવ્યો હતો. તે હલવાઇનો ધંધો કરતો હતો. ને તમામ જાતના ખાંડના માલ બનાવતો હતો પણ તેમાં કારીગરી તો એ હતી કે તે એક માલમાં (વિશ્નુ તેજ) ઘી મુદ્દલ નાખવામાં આવતું નહી. તેથી તેની એક મીઠાઇમાં સ્વાદ આવતો નહી. તેમ ઇશ્વર નામ વગરની જે કથા કહેવાય તે તેના જેવી સમજવી.

શિ૦—આ સંસારમાં પ્રજાપીડકની તાદ્દર્શ મુર્તિ કેવી હોય છે. તે બતાવવા કૃપા કરશો. ?

ગુ૦—હે, બાપ, એમાં તે તારે શું જોવું છે.

શિ૦—કે, ગુરૂદેવ હું સંસારીછું. તેથી તેવી વાતોમાં પણ મને ઘણું જાણવાનું ને બોધ લેવાનુ મળી આવે છે. માટે કહેવા કૃપા કરશો.

ગુ૦—સાંભળ કોઇએક ગામમાં બાજીદાસ કરી એક મતાદાર રહેતો હતો. તે પ્રજા પીડવાના કામમાં ઘણોજ હોંશીયાર હતો. એટલે તે દેશના રાજાએ રૈયતના ફાયદા માટે ઉત્તમ ફાયદો કર્યો હોય તેનો અર્થ પ્રજાને અવળો સમજાવી તેમાં લાંચ ખાતો હતો. એટલે કોઇને નવીન ઘર કરવાનુ હોય, કોઇને ખેતરનો મોબદલો કરાવવો હોય, કોઇને નીભા પકવવો હોય, તો કોઇને ખરાબામાં ઢોર ચારવાનાં હોય, કોઇને સરકારમાંથી તગાવીના પૈસા લેવાના હોય, ને કોઇને લીધેલા પૈસા પાછા ભરવાના

હોય, કોઇએ ખેતરનું ભેલાણ કર્યું હોય, કોઇને મારામારી થઇ હોય, કોઇને સરકારી જમીન વેચાણ રાખવી હોય, ને કોઇનાં ઢોર ડબામાં પુરાયાં હોય, તે વીગેરે તમામ કામોમાં કોઇમાં પાંચ તો કોઇમાં પચાસ એ પ્રમાણે એમની ખાનગી ફી લેતા હતા. તે સિવાય ન્યાયસર કોઈનું કામ થતું નહી. એ વિના ગરીબ ખેડુતોમાં ઘીના શેરીયા અને દુધની વટલોઇયો હમેશાં ઉઘરાવી લેવામાં આવતું તે તો તદ્દન જુદુંજ સમજવું. એનું કારણ એજ કે આખું ગામ એમની દબાણના લીધે ઉંચા કાન પણ કરી શકતું નહી. ને મુંગે મહોડે તેવું ભારી સંકટ સહન કરતું હતું. એથી તે સારી પેઠે ફાવી ગયા હતા. ને તે સિવાય અભણ ખેડુતોનો બીજો બોરકુટો કરતા તે જુદો સમજવો. વળી હાલમાં બે વર્ષ ઉપર તે ગામનો રહીશ કોઇ કાના કુંભારને ઘર કરાવવા સારૂ થોડીક જમીન જોઈતી હતી. તેથી એ પેલા બાજી બાપાને મળ્યો એટલે એમણે એના પાસેથી રૂપીયા સીત્તેર ખાનગી લીધા અને એક ઘોળુ નામના હજામને રૂપીયા પાંચ આપવા કરી સરકારી પડતર જમીન એની માફીની છે એમ જુઠું ઠરાવી રૂપીયા વીસમાં મત્તાદાર બાપો સરકારી અદાલત સુધી સાથે જઇ સદર જમીન સરકારી હોવા છતાં ઘોળુની છે તેવી જુઠી ખાત્રી આપી તુધણી કરાવી આપી. પાછળથી તે જમીન બીજા કોઇએ માગણી કરી તો સરકારી ઠરી ને હરરાજીમાં છેવટ પણ તેનેજ આપવામાં આવી ને કાનો કુંભાર તો બીચારો હાથ ઘસતો રહ્યો ને "ખીર ન ખાધી ને હું તો દાઝી" એવું થયું છે તેવી રીતે ગરીબોને સતાવી વર્ષ દહાડે તે પ્રજા પીડક પટેલ બાપો સેંકડો રૂપીયા કાઢી ખાય છે તો એમનેજ તારે તાદર્શ મુર્તિ સમજવા.

શિ૦—એ તો ઠીક પણ પેલા બિચારા કાના કુંભારને અપાવેલી જમીન તો બીજાના હાથમાં ગઇ પણ તેના ખર્ચના થયેલા રૂપીયા તે બાજી બાપે પાછા આપ્યા કે નહી ?

ગુ૦—હે, બાપ, પટેલ સૈંકો લીધેલું કોઇને પાછું આપેજ નહી. એતો એમનો ખાસ ધારો સમજવો. એટલા માટે તો સેંકડો રૂપીયા ખરચી તેની ડીગ્રીઓ મેળવે છે.

શિ૦—ત્યારે તેવા ધુતાઓ પાસે લોકો શું કરવા જતા હશે ?

ગુ૦—અભણ હોવાથી એ બિચારાઓ તો એમને મોટા દેવ માની બેઠેલા હોય છે.

શિ૦—જે રાજ્યમાં આવા ચેપી મચ્છરો ઘુસી ગયા છે તો તેનો રાજા કેવો હશે ?

ગુ૦—હે, શિષ્ય ત્યાંના વિરબાહુ રાજાનાં તો જે જે વખાણ કરૂં તે સર્વે ઓછાં સમજવાં. તેવો તે ધીરવીર પરાક્રમી છે પણ તે પોતે એના મોટા રાજ વિસ્તારમાં ક્યાં ક્યાં સરત રાખે એથી તેવા ઠગબજી રમનારા બાજી બાપા ફાવી ગયા છે પણ તેવો સડો હવે રહેવા પામે તેમ નથી કેમકે તે દેશની ગરીબડી પ્રજાનો ઉદ્ધાર કરવા સારૂ ત્યાંના કૃપાળુ મહારાજા વિરબાહુસિંહે તે રોગનું મુળીકું શું છે તે આપબળે સોધી કાઢ્યું છે ને તેને બાળી મુકવાની જે "યોગ્ય ચિંતામણી" નામની દવા સોધી કાઢી આખા દેશમાં લાંબા ખર્ચે છુટથી ફેલાવામાં આવી છે એથી તે રોગ થોડે થોડે નાબુદ થતો જાય છે ધન્ય છે ધન્ય છે તે મહારાજાને તથા એમની અગાધ બુદ્ધિને કે પોતાની પ્રજાને સુખ કરવા માટે પોતાની જાતે અસહ્ય દુઃખ વેઠી સ-

તત મથ્યા કરે છે. ઇશ્વર એમને સહાય થાઓ ને લાંબુ આયુ-ષ્ય બક્ષો મારી પણ એજ આશિષ છે.

શિ૦—હે મહાપ્રભુ જ્યાં જોઇએ ત્યાં શાસ્ત્રોમાં ને પુરાણોમાં વ્ય-ભિચારપર ઘણોજ આક્ષેપ કરવામાં આવ્યો છે. ને મોટામાં મોટું પાપ ગણ્યું છે ને એ કામ તો એક બીજાની સંમતિથી થાય છે તો પછી તે પાપનો બદલો શાથી ભોગવવો પડે છે ને તે કયારે ને કેવી રીતે ને કેટલો તે કહેવા કૃપા કરશો.

ગુ૦—એ કામમાં સ્ત્રીને એના પતિની ને પુરૂષને તેની સ્ત્રીની રજા હોતી નથી. એટલે એમની ચોરી કરી એમ ગણાય એથી તેના માથે પાપ વળગે છે ને ચોરીનું કામ ગમે તેવા ગુપ્તસ્થાન-કે કરવામાં આવે છતાં તેમાં બીજા લોકોનો ડર બહુ રહે છે એથી તે કામ નિવૃતિથી થતું નહી હોવાથી એક બીજાનાં ગુપ્ત અવ્યવો છોલાય છે ને અરસપરસનો ચેપ અડવાથી બન્ને પક્ષને પ્રથમ તો ચાંદી પડે છે તેનો ચેપ થોડે થોડે આખા શરીરમાં ફરી વળવાથી શરીરના તમામ ભાગોના સાંધા ઝલાઈ જાય છે. ત્યાર પછી પેડુમાં બદ નીકળે છે તે પછી પરમીયો થાય છે એમાંથી વિસફોટક લાગુ પડે છે તે વિના બીજા અ-ગણિત રોગો ઉભરાઈ આવે છે ને છેવટે પત જેવા દુષ્ટ જીવ-લેણ રોગના ભોગ થઇ આખરે યુવાન વયમાં મરવું પડે તો પણ તું એમ ન જાણીશ કે એટલેથી પણ પત્યુ પણ તેવા નાદાન માતપિતાથી ઉત્પન્ન થતી પ્રજાને પણ તે દુષ્ટ ચેપી રોગના પંઝામાં સપડાવવું પડે છે એટલે તે રોગ વારસામાં પણ ઉતરે છે ને રતવા ગરમી વીગેરે અનેક રોગોના ભોગ થઇને તે બાળક ઉછરી મોટું થવા પામતું નથી. હે, બાપ તે

દુષ્ટ વ્યભિચારના પાપનો બદલો જોયો ! તે મુવા પછી નહી પણ પોતાની હયાતીમાંજ પુરેપુરો ભોગવવો પડે છે એથીજ એને જ્ઞાની પુરૂષોએ નિષેધમાં ગણી કાઢયો છે ને વારેવારે ધિક્કારવામાં આવ્યો છે નહી તો મુવા પછી તો હું ને તું રહેતુંજ નથી તો બદલો કોણ વાળી આપે સંસારમાં જે જે કંઈ ભોગવવાનું છે તે અત્યારેજ છે, એમ સમજવું.

શિ૦—આપ કહો છો કે મુવા પાછળ તો કંઇ કરવાનું નથી. તો તમો પ્રથમ કહી ગયા છો કે બીજો જન્મ લેઇને પણ રૂણ વાળવું પડે છે. તો તે બન્નેમાં સાચું શું સમજવું ?

ગુ૦—ધન્ય છે કે ઘણા લાંબા વખત ઉપર કહેવામાં આવેલી વાત યાદ રાખી પ્રસંગ આવે તેનો ખુલાસો મેળવવો એજ બુદ્ધિશાળી શિષ્યનું કર્તવ્ય છે સાંભળ વાસનાએ કરી આ જગ્ત દેખાઈ આવ્યું છે એટલે વાસનામય છે એમ જાણ્ય ને તે વખતે તને તેવી વાસના થવાથી તેં જેમ પુછ્યું તેમ મેં કહ્યું હતું ને હાલ તારી વાસના નિર્મુળ થઇ છે, તો તેવોજ ઉત્તર આપું છું માટે સંસાત્મા થવું નહી જ્યાં આગળ તું જેવો થાય છે ત્યાં આગળ હું પણ તેવો થઇ ઉત્તર કરૂં છું એજ મારો ધર્મ છે.

શિ૦—હે, ગુરૂદેવ આવા મનને આનંદ આપનારા જવાબ આપવાની આપની અગાધ બુદ્ધિ જોઇ હું ઘણોજ ખુશી થઉં છું પણ આપના પાડોશમાં રહેતા ગૃહસ્થ મને કહેતા હતા કે તમો લાંબો પ્રયાસ કરી એમના પાસે શું કરવા જાઓ છો કારણ કે એમાં તો કંઇ માલ નથી એ તો કાલ અતરે નાનો હતો ત્યારે મારી આગળ નાગો ફરતો હતો. ને આજે તે ક્યાંથી

આવડો ડાહ્યો થઇ બેઠો છે કે એમની વાત સાંભળ્યા કરો છો. હું તો એમનો સંગ કોઇ દહાડો કરતો નથી તો એમનું શું થવાનું.

ગુ૦—હે, શિષ્ય, તે ભલા માણસને તારે પુછવું કે જ્યારે તમો નાના હતા ત્યારે નાગા ફરતા ત્યારે તે કહે છે કે હા ને હવે વસ્ત્ર પહેરો છો તો તમારી માફક એ પણ કેમ નહીં પહેરતો હોય. એટલે એની મેળે તે સમજી જશે. હવે એમનું કામ કેમ થવાનું તેનો જવાબ કહું તે સાંભળ ? કોઇ એક ગામમાં એક વૃદ્ધ વાણીયો રહેતો હતો. તે બહુજ માંદો થયો ને જીવવાની આશા રહી નહી. તેવામાં તેને સારી મીઠાઇ ખાવાની ઇચ્છા થઇ આવી એથી એના પાડોશમાં રહેતા એક મીઠાઇ વાળાને બોલાવી પુછયું કે તું સારી મીઠાઇ કરી જાણે છે. તે કહે કે હું બરાબર જાણું છું. પણ તું તેમાંથી ખાય છે કે નહી તે વાતનો મને બહુ વહેમ છે તેથી હું કોઇ દીવસ લેઇને ખાતો નથી ને હાલ પણ જા, નહીજ ખાઉં. તેવા સુંમતમાં ને સુમતમાં ભુખ્યો ને ભુખ્યો મરી ગયો ને મીઠાઇનો સ્વાદ ચાખ્યો નહી એની પેઠે એમનું પણ થવાનું.

શિ૦—આ જગતમાં ભાગ્યશાળી કોને સમજવો ?

ગુ૦—ઇશ્વરને ઓળખે તે.

શિ૦—આ જગતમાં તો લોકો પૈસાવાળાને ભાગ્યશાળી કહે છે તેનું શું કારણ ?

ગુ૦—એતો એનો સદ્ઉપયોગ કરે તો. નહીતો એનાથી બીજો કોઈ ચંડાળ સમજવો નહી. એની ખાત્રી કરવી હોય તો બારીકીથી તપાસ કરવાથી આપોઆપ થઈ આવશે.

શિ૦—આ સંસાર સાગર તરવાનો સહેલામાં સહેલો ઉપાય કયો સમજવો ?

ગુ૦—કર, કાછડી, ને જીભનો કબજો કરવો તે.

શિ૦—ત્યારે આપે તો પ્રથમ મન વશ કરવા કહ્યું છે ? તો તેમાં કંઇ બાધ નહી આવે ?

ગુ૦—તે એકલું છુંટું રહેવાથી કંઇપણ કરી શકવા સામર્થ નહી કારણુ કે તેતો પાંગળું છે.

શિ૦—આ સંસારમાં સરવે મનુષ્યો જાણે છે કે એક દીવસ આપણુ જરૂર મરી જવાના છીએ ને જગત વહેવાર તમામ જુઠોછે. ને કેટલાકોની પાસે અસંખ્ય ધન હોય છે છતાં પરમાર્થ કરી કંઇપણ લ્હાવો કેમ લેતા નથી.

ગુ૦—હે, બાપ, એનું નામજ માયા સમજવી ને તેના પાસમાં જે સપડાયો હોય તે કેમ કરી લ્હાવો લેઇ શકે.

શિ૦—એવી જે દુષ્તર માયા તેનો પાસ કેવો હોય છે ?

ગુ૦—એ ઉપર એક પુરાતન કથા કહું તે સાંભળ ? એથી તને તેનું સ્વરૂપ પુરેપુરૂં સમજાશે. કોઇએક નગરમાં લુબ્ધસેન કરી યુવાન રાજા રાજ્ય કરતો હતો. તેને ત્યાં ઘણી સ્વરૂપવાન મોહીની નામની રાણી હતી. તેના મોહમાં તે એવો તદ્દાકાર થઇ રહ્યો હતો કે તે રાણી તેને માંકડાની પેરે નચાવ્યા કરતી હતી તેથી તે પરમાર્થનાં કામ કંઇપણ કરી શકતો નહી અને રાજ-કાજનું તમામ કામ તેના પ્રધાનોને સોંપી તે રાણીની સેવામાં હાજર રહેતો હતો તેવો વૈભવ ઘણાકાળ ભોગવ્યો તેવામાં

કોઇ એક રાત્રીને સમે બન્ને સ્ત્રી પુરૂષ ભરનિંદ્રામાં ઉંઘી ગયે હોવાથી એમના પલંગપર એક ઝેરી સર્પ ચઢી આવ્યો ને રાણીના ડાબા પગે ડંસ કરી ચાલ્યો ગયો. તેથી તેજ વખતે બોલ્યા ચાલ્યા વિના તે એકદમ મરણ પામી. સહવાર થવાથી રાજા જાગ્યો ને રાણીને બોલાવતાં નહી બોલવાથી એકદમ ફાળ પડી ને અચેતન દેખી પોકપોક મુકી રડવા લાગ્યો તે બોમાટો બહાર સાંભળવાથી તેમના તમામ પ્રધાનો એકઠા થયા ને વાકેફ થયા પછી રાજાને ધીરજ આપવા લાગ્યા. પણ તે રાજા તેમાં મોહાંધ થવાથી કોઇની વાત નહી ગણકારતાં રાજ્યપાટ છોડી એક વાંસની કાવડ તૈયાર કરી પેલી બૈરીને તેમાં બેસારી પોતાનો વેષ મજુર પ્રમાણે કરી કાંધે કાવડ ભેરવી અઠ્ઠોતેર તીરથની યાત્રાએ પેલી સ્ત્રીનો ઉદ્ધાર કરવા સારૂ નીકળ્યો. ને પગે પાળો થઈ તમામ તીર્થો તેના સબને કરાવ્યાં તેમાં તેને એક સંવત્સર જેટલો વખત લાગ્યો. પછી કોઇ એક રાત્રીમાં જંગલમાં બેઠો છે તેવામાં તે સ્ત્રીનો સ્નેહ સાંભળી આવવાથી પોતાનું જીવતર તેને તુચ્છ લાગ્યું ને કાષ્ટ લાવી પેલા સબને મહી પધરાવી દીધું ને અગ્નિ સળગાવ્યો ને જેવો તે કુદી મહીં પડવા જાય છે કે આકાશ માર્ગેથી શંકર પારવતી એકાએક ઉતરી આવ્યાં ને તેને અટકાવ્યો ને કહ્યું કે તારૂં અડધું આયુષ્ય આપે તો તે જીવતી થાય એમ છે. તે એણે કબુલ કર્યું તેજ વખતે પેલી સ્ત્રી આળસ મોડી બેઠી થઇ ને શંકરપારવતી અંતરધ્યાન થયાં. રાણી પુછે છે કે આપણે અહીં ક્યાંથી ને તમારૂં સ્વરૂપ આવું કદરૂપ કેમ થયું છે એટલે રાજાએ તમામ વાર્તા સંબોધી કહી સંભળાવી ને વહાણું વાવાથી બન્ને

સ્ત્રી પુરૂષ ચાલતાં થયાં થોડોક ગયા પછી એક સરોવર આવ્યું ત્યાં આરામ લેવા બેઠાં ને પેલો રાજા કહે કે હું ઘણા વખતનો ઉજાગરો ભોગવું છું માટે થોડીવાર તારા ખોળામાં માથું મુકી સુવા દે. તુરત તેમ કર્યું ને એકદમ લસલસાટ ઉંઘવા મંડયો. તેવામાં કોઈ ભીલ જાતીનો પુરૂષ ફરતો ફરતો અનયાસે ત્યાં આવી ચડયો. તેને ભાળી પેલી રાણી લોભાઇ ગઇ ને કહે કે તમો મને તેડી જાઓ તો આ મુઆ કદરૂપને પડતો મુકી તમારી સાથે ચાલી આવું તેવી મારી ખુશી છે. તે વાત કબુલ કરવાથી તેના પાસે તે તળાવમાંથી એક મોટો ખોટ મંગાવી રાજાના માથા તળે જાળવી મુકીને એના સાથે ચાલતી થઇ. હે, શિષ તેં જોયું. કે રાજાએ એના માટે કેટલીબધી મહેનત કરી છતાં તે તેની થઇ નહી એવો તે માયાનો પાસ હોય છે તે તેં જોયો. માટે તેમાં લુબ્ધ થઇશ નહી. જુઠી એતો સદાકાળ જુઠીજ સમજવી.

શિ૦—હે, મહા પ્રભુ શાસ્ત્રોમાં કોઈ ઠેકાણે ભક્તિ ને તપતીર્થ કરવાથી ને કોઇ ઠેકાણે જ્ઞાનમાર્ગથી ઇશ્વર મળવાનું કહેલું છે તો તે બન્ને વાતોમાંથી કઇ ખરી સમજવી?

ગુ૦—હે, શિષ્ય એ બન્ને વાતો ખરી છે સાંભળ? કોઇએક આંધળો ને પાંગળો, બન્ને એક બીજાના પાડોશમાં ભેગા રહેતા હતા. એમના મકાનમાં કોઈ વખતે એકદમ લાહ્ય લાગી તેથી બહુજ ગભરાવા લાગ્યા કે આપણે કેવી રીતે નાસવું ને આપણો બચાવ કરવો એની ચિંતામાંને ચિંતામાં લાહ્યતો બહુજ વધી ગઇ પણ તત્કાળ એમને સુજી આવવાથી પેલા આંધળાના ખાંધે પાંગળો બેશી રસ્તો બતાવે તે પ્રમાણે ચાલી નીકળી

ગયા. એ પ્રમાણે આ સંસારરૂપી લાહ્યમાંથી બચવા બન્ને વાતની જરૂર છે માટે તેને ખરી સમજવી.

શિ૦—એ તો સમજ્યો. પણ તેમાં આંધળું કીયું ને પાંગળુ કીયું સમજવું ?

ગુ૦—ભક્તિ તથા ઉપાસના તે આંધળાં ને જ્ઞાનને પાંગળું સમજવું. તે બેઉની સહાયથી ભવસાગર તરાય છે તો એકને જુદું સમજવું નહી પણ સમજ્યા પછી સરવે નકામાં છે.

શિ૦—આપ એને પહેલાં કામનાં કહો છો. ને પછી નકામાં કહો છો તેનું કારણ શું ?

ગુ૦—જેમ કોઇને નદી પાર જવું હોય ત્યારે તે નાવ ખોળે છે. પણ તેમાં બેશી ઉતર્યા પછી તેના સામું પણ જોતો નથી તેમ સમજવું.

શિ૦—સાધુ પાસે જઈ સત્સંગ કરવાથી પાપ કેવી રીતે બળી જાય છે ને ત્યારપછી શું રહે છે ?

ગુ૦—જેમ કપુર બળે છે એની માફક પાપ પણ બળી જાય છે ને પછી કંઇ પણ રહેતું નથી ને સુદ્ધ ઇશ્વર સ્વરૂપ થવાય છે.

શિ૦—તેવા તે શુદ્ધ ઇશ્વરમાં આ જગત ક્યાંથી આવ્યું ?

ગુ૦—હે, બાપ કંઈ આવ્યું ગયું નથી ફક્ત સ્વપ્ના જેવું છે.

શિ૦—સ્વપ્નું તો માણસને થાય છે પણ આ જગતને કોનું સ્વપ્નું સમજવું ?

ગુ૦—એને ઇશ્વરનું સ્વપ્નું સમજવું.

શિ૦—એમ તો ઇશ્વરમાં ને મારામાં બીલકુલ ભેદ રહ્યો નહી કેમકે હું પણ એમનો કહેવાઉં ? ને તે સ્વપ્નાને જોઉં છું.

ગુ૦—હા, બાપ. એમજ છે. પણ માયાએ કરી બીજું ભાસ્યું છે.

શિ૦—તે કેવી રીતે તે કહેવા કૃપા કરશો ?

ગુ૦—તે ઉપર એક પુરાણી કથા કહું તે સાંભળ ? કોઈ એક દેશનો લવણ નામનો રાજા તેના કારભારીઓ સાથે પોતાની રાજસભામાં બીરાજ્યો હતો. તેવામાં એક જાદુગર આવ્યો ને એમની સન્મુખ પોતાની ઉત્સાદીના ખેલો બતાવવા મંડયો તેમાં એણે ઘણી તરેહના ખેલો કરી સરવેના મન હરી લેવામાં આવ્યાં. પછી પોતાના કોથળામાંથી એક પીંછો કાઢી રાજાના મોં આગળ ફેરવી કે તે રાજા શું જુએ છે કે જાણે પોતાની કચેરીમાં કોઇએક સોદાગર બહુ મુલી અરબી ઘોડો લેઇ રાજાને આપવા આવ્યો છે ને રાજા તેના ઉપર પરીક્ષાર્થે ચઢે છે ને ગામ બહાર નીકળી જેવો તેને દોડાવ્યો કે એકદમ આકાશ માર્ગે ઉપડી ગયો. ને ઘણાજ વેગથી ચાલવા લાગ્યો તેવી રીતે આઠ દિવસ રાત સામટો ચાલી એક પ્રદેશમાં નીચે ઉતર્યો ને ઘોડાને છુટો મુકી એક વૃક્ષ નીચે બેઠો પણ લાંબો વખત થવાના લીધે ક્ષુધાથી બહુ વ્યાકુળ થવા લાગ્યો તેવામાં કોઇ એક ચંડાળ જાતિની યુવાન કુમારીકા પોતાનો પિતા મશાણભોમીમાં તપ કરતો હતો તેને ખાવાનું આપવા જતી હતી તે તેના જોવામાં આવી તેને તે કહે કે તું કોણ છો તે તારી પાસે શું છે તેના ઉત્તરમાં બોલી કે હું હલકી જાતની ભંગીની કન્યાછું ને મારી પાસે ખાવાનું ભાત છે ત્યારે રાજાએ કહ્યું કે હું રાજા છું ને બહુજ ભુખ્યોછું માટે એમાંથી થોડું મને આપ ત્યારે પેલી ચંડાળણી બોલી કે તમો મારી સાથે લગ્ન કરો તો તમો

જેમ કહો તેમ કરવા હાજરછું. રાજાએ હા કહેવાથી પેલાં બાતામાંથી થોડુંક બઇડકું તથા જાંબુનો રસ તેને ખાવા આપ્યો ને પોતાના બાપ પાસે તેડી ગઇ ને તેને પુછતાં તમામ હકીકત જાહેર કરી. એથી તે ચંડાળ પણ ખુશી થઇ પોતાના ઘેર આવી પોતાની પુત્રીનું લગ્ન કરી આપી એક જુદું છાપરૂં બાંધી આપ્યું ત્યાં આગળ બાર વરસ જેટલો લાંબો કાળ ચાલી ગયો ને પાંચ સાત બાળક પણ થયાં. એક વખતે મધ રાત્રીએ ઘરનાં તમામ માણસો ઘરમાં સુતાં હતાં ને એ એકલો બહાર હતો. તેવામાં તે છાપરામાં મોટી આગ્ય થઈ ને કોઈ પણ બચવા પામ્યું નહી. તેથી એને વૈરાગ થયો ને તે પણ પેલી બળતી આગમાં એકદમ ઝંપલાવ્યો. તેવોજ તે પોતાની કચેરીમાં પેલા જાદુગર સન્મુખ ખેલ જોતો બેઠો છે તેવું દેખાયું એ તમામ કામ પેલા જાદુગરની માયાનું હતું ને એણેજ તેને તેવા ભુલાવામાં નાખ્યો હતો એજ જાદુગર તે ઇશ્વરને તુ તે પેલો લવણ નામનો રાજા અને આજે કંઈ દેખાય છે તે તમામ માયા સમજવી તેટલી જાય તો તુ ને જાદુગર જુદા નહી સમજવા.

શિ૦—એવી જે દુંઘટ માયા તે કરવાનું કારણ શું. ?

ગુ૦—જ્યારે તું નાનો બાળક હતો ત્યારે જેમ લાકડાનો ઘોડો કરી રમતો હતો એનું કારણ શું હતું ?

શિ—એ તો ફક્ત મારી ગમ્મત ખાતર બાકી તેમાં સાર તો કંઇ નહોતો.

ગુ૦—ત્યારે આમાં પણ એમ સમજવાનું છે કે ઇશ્વરરૂપી બાળક છે જ્યારે રમવાનું મન થાય છે ત્યારે માયારૂપી ઘોડો કરી

રમ્યા કરે છે. તે પણ માત્ર ગમ્મત ખાતર સમજવું.

શિ૦—ત્યારે આ સરવે ખેલ ખોટા છે એમજ કહોને?

ગુ૦—હા, બાપ એમજ છે.

શિ૦—તેવું છે છતાં તેના માટે લોકો નકામી દોડધામ શું કરવા કરતા હશે?

ગુ૦—તેવું સમજાયા વિના ને જેને સમજાય છે તે તો એનાથી સદા દુરજ રહેવા માગે છે. કારણકે એથી કંઇ અર્થ સિદ્ધી થતી નથી.

શિ૦—કેવી રીતે અર્થ સિદ્ધી થતી નથી?.

ગુ૦—જેમ કુતરૂં હાડકું મોંમાં ઘાલી પછી કરડે છે તેથી ઉલટું મોંમાં લોહી આવે છે ને દાંતને ઇજા થાય છે ને પોતાની ભુખ ભાગતી નથી એમ આમાં પણ સમજવું.

શિ૦—ત્યારે પોતાની ભુખ કેવી રીતે ભાગે?

ગુ૦—તે પોતાપણાનું જે અભિમાન થયું છે તે ખોવાઈ જવાથી.

શિ૦—તે કેમ કરીને ખોવાઇ જવાય?

ગુ૦—કપુરની માફક આપોઆપ જેમ તે અગ્નિથી સળગી ઉડે છે. ને સળગી રહ્યા પછી કંઇ પણ રહેતું નથી તેમ.

શિ૦—તો એ એમાં અગ્નિની તો જરૂર પડી તો આના માટે કેવો અગ્નિ જોઇએ ને તે ક્યાંથી મેળવવો?

ગુ૦—એના માટે જ્ઞાનાગ્નિની જરૂર છે. તે કોઈ નિર્લોભી ગુરૂ પાસેથી મેળવી લેવો.

શિ૦—તેવા ગુરૂ મળેથી પછી શું કરવાના?

ગુ૦—પેલા કપુરની માફક તારાં અજ્ઞાનરૂપી પાપ બાળી મુકવાના.

શિ૦—એથી પછી શું થવાનું ?

ગુ૦—તે પછી તું તારા સ્વરૂપને ઓળખવાનો.

શિ૦—મારૂં સ્વરૂપ કેવું હશે ?

ગુ૦—નિરાકાર, નિર્વિકાર, અભેદ, અખંડ, એકરસ, શાન્તસ્વરૂપ, કો કાળેપણ નાશ ન થાય તેવું.

શિ૦—હે, ગુરૂદેવ, આપની કથા અમૃત જેવી છે. તેવું ઘણા જનો કબુલ કરે છે. પણ કેટલાકો કહે છે કે હાલના જમાનાની ફેસન બળ પ્રમાણે સંગારી નાજુક બનાવવામાં આવી નથી. તેથી જરા અમને પુરેપુરી લહેજત પડતી નથી તેવાઓને શું કહેવું ?

ગુ૦—સાંભળ ? જે સ્ત્રી કુદ્રતી રીતે સ્વરૂપવાન હોય છે તેને તો બીજા કોઇપણ જાતના અલંકાર પહેરવાની જરૂર હોતી નથી તેને તો એકલા તેના પતિનેજ રીઝવવાની જરૂર છે ને જે સ્ત્રી કદરૂપ અને વ્યભિચારણી હોય છે તેને તેવાં તમામ નખરાં કરી પારકા પુરૂષને છળવા માટે એમ કરવું પડે છે ને અમારે તો ફક્ત અમારા હરીજનોને રીઝાવવાના છે. તો તેવી મોહક મનને બહેકાવનારી કથા શું કરવા કહેવી પડે. ને તેવી લહેજતદાર કથા સાંભળવાના સ્વાદીયા ભક્તોને કહેવું કે તમારા માટે તેવી કથાઓનો કંઈ ટોટો નથી તો તમારા મેળે તેને મેળવી લેવા માટે મહેરબાની કરશો. એમ કહેવું બીજી રીતે કહીએ તો અમારી કથારૂપી મીઠાઇમાં મુદે ઘી (પ્રભુ નામ) ઘણું નાખવામાં આવ્યું છે. પણ મશાલાનો તો તોટોજ સમ જવો. કારણ કે તે રોગને વધારનારા છે, ને અમારો હેતુ તો ભવરૂપ રોગને મટાડવાનો છે. તો તેવા પાપરૂપ બુદ્ધિને બહેકાવનાર

મશાલા વાપરવામાં આવ્યા નથી. એજ અમારો મુખ્ય ઉદ્દેશ સમજવો. વળી કોઈ કહેશે કે તેવો મશાલો બનાવતાં એમને આવડે નહી તો ક્યાંથી લાવી નાંખે તે વાત અમારે સોવાર કબુલછે. કેમકે અમારે એની જરૂર નથી. અમે તો ફક્ત સારભુત ઘી (ઇશ્વર નામ) ના ભુખ્યા છીએ ને તેતો બહુજ નાખવામાં આવ્યું છે. માટે જેને એની ભુખ હોય તેણે તો આડુંઅવળું જોયા વિના નીચું મોં કરી જમી લેવું ને પોતાની ભુખ મટાડવી ને જોવા રહેશો તો એમને એમ રહી જશો.

શિ૦--એમને એમ તે કેવી રીતે રહી જવાના?

ગુ૦—હે, બાપ સાંભળ થોડા વખત ઉપર હું રેલ્વે માર્ગે હિંદુસ્તાનમાં મુસાફરી ગયો હતો ત્યાં આગળ એક મોટું જંકસન સ્ટેશન મારા જોવામાં આવ્યું ત્યાં આગળ દશે દીશાઓમાંથી આડાને અવળી આગગાડીઓ અવારનવાર આવ્યા ગયા કરતી હતી તેથી અજાણ્યો માણુસ તો અચુક તેમાં ભુલો પડયા વગર રહે નહી કારણ કે તે એક મોટું જંગી કારખાનું હતું ને થયું પણ તેમ ત્યાં આગળ ઘણા જાત્રાળુ મુસાફરો પોતાના આત્માનો ઉદ્ધાર કરવા સારૂ સંગ કહાડી જાત્રાએ નીકળ્યા હતા. ને સૌ સૌની યોગ્યતા પ્રમાણે ટીકીટો પણ કરાવી લીધી હતી. તેવામાં એમને બેસવાની ગાડી એકદમ આવી પહોંચી ને માસ્તરના કહેવાથી તમામ લોકો ભરોંસો રાખી તેમાં બેસી ગયા ને તેમાંનો એક માણુસ ઘણો ડોઢડાહ્યો હોવાથી એના કહેવા ઉપર ભરોંસો નહી રાખતાં આડોઅવળો ફાફાં મારવા લાગ્યો. ને એકે ગાડી કે ડબ્બો પસંદ કર્યો નહી. ને હા, ના કરતાં સીશોટી વાગીને ગાડીતો ઉપડી ગઈ ને ભાઇ સાહેબતો

એમના એમ રહી ગયા. તેવી રીતે આ જગતરૂપ જંકસન સ્ટેશનમાં ભુલાવો ખવાય તેમ છે એમાં પણ ગુરૂરૂપી માસ્તરનો બરોંસો ન રાખીએ તો દેહરૂપ ગાડી ટાઇમ પ્રમાણે ઓચીંતી ઉપડી જાય ને પછી હાથ ઘસતા એમને એમ મોંવકાસી રહેવું પડે. માટે એમ ન થાય તેની તજવીજમાં રહેવું એજ ડાહ્યા પુરૂષનું કર્તવ્ય સમજવું.

શિ૦—હે, ગુરૂદેવ આ દેહરૂપ ગાડી ઉપડી જાય ને પ્રભુ સંબંધી કંઈ પણ ન કરી શકાય તે કામમાં કીયા શતરૂઓ નડે છે ? ને એને મારી હઠાવવામાં કોની સહાય લેવી ?

ગુ૦—સાંભળ ? તેમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સર નામના શતરૂઓ નડે છે ને તે સરવેને મારી હઠાવવા ફક્ત એક ધીરજ નામના મિત્રની સહાય લેવાની જરૂર છે તે સૌને પુરો પડે તેવો છે.

શિ૦—હે, ઇશ્વર આ દુનિયામાં સૌથી સાધુઓને મોટા કેમ કહેવામાં આવે છે ?

ગુ૦—એમની મોટાઇના લીધે તે ઉપર એક કથા કહું તે સાંભળ કોઇએક નગ્રનો ચક્રવ્રતી રાજા હતો. તે કોઇ દહાડો તેના મહેલમાં ફરતો હતો પણ તે પગે જરા લંગડો હોવાથી લુલો ચાલતો હતો તે જોઇ તેનો લુંડો તેના પાછળ તેના જેવી ચેષ્ટા કરતો છાનોછાનો ચાલવા મંડયો તે પેલા રાજાના જોવામાં આવવાથી પેલો લુંડો તો બહુ શરમાઇ જઇ ધ્રુજવા લાગ્યો. ત્યારે તે રાજા બોલ્યો કે તું બીહીશ નહી કારણ કે હું લુલોછું પણ રાજા છું કંઇ તારા જેવો લુંડો નથી કે તને શિક્ષા કરૂં

એમ કહી તેને સારૂં ઇનામ આપી ખુશી કર્યો તેમ સાધુઓની પાસે પણ તેવા ખળ લોકો આવી ઘણી ચેષ્ટાઓ કરે છે તેની તે દરકાર બીલકુલ નહીં કરતાં ઉલટા તેમનાપર દયા લાવી તે રાજાના કરતાં એ ઘણાં મોટાં મોક્ષ ધામનાં ઇનામ આપે છે. એટલે કે તે જ્ઞાન કહી સંભળાવે છે. એજ એમની મોટાઇ સમજવી.

શિ૦—હે, સ્વામિ એક ઠેકાણે **તુલસીદાસ** ભક્ત કહી ગયા છે કે "સામર્થ દોષ નહીં **ગુસાઈ**" તો શું મોટાઓને ગમેતેમ કરતાં પાપ નહીં લાગતું હોય ને એકલા નાનાઓ માટેજ તે ઉત્પન્ન થયું હશે?

ગુ૦—હા, સાંભળ ચંદ્રએ ગોરાણીનું હરણ કર્યું હતું પણ તેની શીતલતા કેવી મોટી છે એથી આખું જગત જીવે છે. ઇંદ્ર ગૌતમના ઘરમાં પેઠો હતો. પણ તેણે એકસો મહા યજ્ઞ કર્યા હતા પરાસર માછીની કન્યા સાથે વિહ્વળ થયા હતા. પણ તેમના તપના પ્રતાપથી **વ્યાસજી ભગવાન** તેમના પુત્રરૂપે જન્મ્યા હતા. **વિશ્વામિત્ર મેનકાના** મોહ પાસમાં લપટાયા હતા હતા પણ સાઠ સહસ્ત્ર વરસ સુધી મહા કઠિણ તપ કર્યું હતું શંકર જે **ભીલડી**માં ભોળવાયા હતા. પણ હળાહળ વિખનું પાન કરી ગયા હતા. **બ્રહ્મા**એ પોતાની પુત્રીપર કુદ્રષ્ટિ કરી હતી. પણ આખી દુનિયાં એમને સરજાવી છે ને **વિશ્નુ** જે ભગવાન વૃંદા સાથે વિહાર કર્યો હતો પણ દવાનળનું પાન કરી ગોવરધન તોળ્યો હતો તો એમનો બીજાથી વાદ લેવાયજ નહી ને તેવી શક્તિ ધરાવનારને પાપ પણ લાગે નહી (કાષ્ટ પાણીમાં જેમ તરે છે તેમ સમજવું) પણ તેવા ગજાવગરના તેમના જેવાં જે

કામ કરે તેને તો પાપ અવશ્ય લાગવાનું ને તેની ખાત્રી તેનું મનજ કરી આપવાનું બહાર પુછવાની જરૂર સમજવી નહી.

શિ૦—હે, ગુરૂદેવ, આજકાલ જ્યાં જોઇએ ત્યાં જગતમાં સત્યનારાયણની કથાઓ ઘણી બેસારવામાં આવે છે તો શું એ સાંભળવાથી મુક્તિ મળતી હશે ?

ગુ૦—હા, પણ તે કથા સાંભળવાની વીધી ઘણા જુદા પ્રકારની હોય છે. તે હું કહું તે સાંભળ ? કે કથા કહેનાર પુરાણી તથા કહેવરાવનાર યજમાન તથા તે સાંભળનારા હરીજનોએ સદાના માટે અસત્યનો ત્યાગ કરી સત્યને પોતાના હૃદય મંદીરમાં સ્થાપીત કરી દેવું જોઇએ તોજ તે કથા ફળને આપનારી સમજવી ને મુક્તિ પણ એથીજ મળે છે ને તેનું નામજ સત્યનારાયણની કથા સમજવી. ને બાકીની કથાઓતો રમુજ મેળવવાને પ્રસાદ ખાવા જેવી જાણવી.

શિ૦--મુક્તિ એટલે શું ?

ગુ૦—પોતાના સ્વરૂપમાં ભળી જવું તે.

શિ૦--પોતાના સ્વરૂપમાં કેવી રીતે ભળી જવાય. ?

ગુ૦—જેમ મીઠુ પાણીમાં મુકવાથી ઓગળી જાય છે તેમ.

શિ૦--અહોહોહો હો ? એમાં તે શો લહાવો લેવાનો છે કે તેના માટે લોકો આટલાં બધાં વળખાં માર્યા કરે છે એતો હું સમજ્યો. એવી મુકિત મારે જોઇતી નથી.

ગુ૦—એમ થવાથી આ સંસારની તમામ ઉપાધીઓ નિર્મુળ થાય છે છતાં તુ કહે છે કે મારે એની ગરજ નથી તો તે તેનું સ્વ-

રૂપ જાણ્યું છે તેથી હવે સંસારમાં રહ્યા થકી પણ મુક્તજ છે કેમકે અભિમાન રહીત થયો છે તે ઉપર **તુલસીદાસ** ભક્તે પણ કહ્યું છે કે વારેવારે જન્મ ધરવો ને ઈશ્વરનું ભજન કરવું તે માંગેલું છે તો તેમ કરવાથી તને હરકત આવશે નહી મતલબ કે તેને આ એકે જુદું નથી જુદું દેખાડનાર માત્ર ભ્રાન્તિ હતી તે તો હવે તારી દુર થઇ ગઇ છે તો જેમ વીચરે તેમ સુખરૂપ સમજવું.

શિ૦--આમ હતું તો પ્રથમજ મને કહેવું હતું કે આટલો બધો શ્રમતો ન કરવે પડત.

ગુ૦--તેમ કહેવાથી તે વખતે તું માનત નહી એ ઉપર એક બાળકની કથા કહું તે સાંભળ એક નાનો બાળક હતો. એને તેના બાપે કહ્યું કે તું મોટો થઇશ એટલે તારા કાજે હું અમદાવાદ જઇશ એટલે એક સારી લખોટી લેતો આવીશ તે વાત તેના બાપના મોહોડે સાંભળવાથી એજ વખતે એકદમ હઠ લેઇ બેઠો અને કહે કે હવે તો મને અત્યારે ને અત્યારે ત્યાં જઇ લાવી આપો એ મારે જોવી તે. એમ કહી રોવા માંડયો તે કેમે કર્યો છાનો રહે નહી તેમ ખાય પણ નહી. ને તેના બાપને તે ઘણો વહાલો હોવાથી તેને તેડી તેજ વખતે ને તેજ ઘડીએ જવું પડયું તેમાં તેને નકામો મોટો ખર્ચ થયો ત્યાં જઈ બજારમાંથી લખોટી ખરીદી તે જોઈ પેલો બાળક હસ્યો ને કહે કે આનું નામજ લખોટી કે તેવી તો આપણા પાડોશીના છોકરા પાસે મેં ઘણી વખત જોઇ છે. છતાં પહેલું મને કેમ ન કહ્યું કે તેના જેવી છે કે આટલો બધો શ્રમ તો ન કરવો પડત. તે બાળકની પેર તું પણ કહે

છે પણ પ્રથમ તેને એના બાપે ઘણોએ સમજાવ્યો હતો પણ તે વખતે તે સમજે તેવો નહોતો કારણ કે લખોટી તે શું. એનું તેને જ્ઞાન નહોતું. તે માટે એટલી મહેનત લેવી પડી હતી. તેમ તારા માટે પણ સમજવું.

શિ૦—હે, ઈશ્વર એ તો હું સમજ્યો પણ મારી ને તમારી જે વાર્તા તેમાં લખોટી તે કઈ સમજવી ?

ગુ૦—હે, બાપ સાંભળ. જે નિરંજન નિરાકાર ઈશ્વર તેમાંનો અંશ એ તું. એટલે બન્ને એકજ સ્વરૂપ હોવા છતાં હું તો જીવછું ને મારે ઇશ્વરને જાણવો છે ને જોવો છે એવી જે ભ્રાન્તિ તેને પેલી લખોટી સમજવી ?

શિ૦—હે, ગુરૂદેવ, મેં સાંભળ્યું છે કે થોડું પાપ પણ મનુષ્યને મોટી આપદામાં નાખી દેછે તે કેવી રીતે સમજવું ?

ગુ૦—જેમ કોઈ આગબોટની અંદર એક નહાનું કાંણું પડવાથી જેમ તેને ડુબાવી દેછે ને મોટી આગગાડીને પણ એક નાનો ખીલો અટકાવી હેઠી પાડે છે. એમ પાપ પણ વધવા દેવામાં આવે તો એથી પણ મોટું નુકશાન કરે છે. એમ સમજી લેવું. માટે તેને અવકાશ આપવો નહી.

શિ૦—આ દુનિયાંમાં દીવાળીનું પર્વ આવવાની ઘણા લોકો લાંબા વખતથી રાહ જોયા કરે છે. ને બહુ ઉમંગી બની ગયા હોય છે ને તે કયારે આવે એમ કહ્યા કરે છે પણ હાલમાં તેજ પર્વ ચાલે છે છતાં લોકો તો પ્રથમની માફક તેવાં ને તેવાંજ દુ:ખી જોવામાં આવે છે એનું શું કારણ ?

ગુ૦—એ તો દીવાળી જુદી સમજવી ને આ તો એની નકલ ક-

હેવાય. નકલી માલ કંઇ સોનામાં ખપે કે ?

શિ૦—ત્યારે તે કેવી છે તે કહેવા કૃપા કરશો ?

ગુ૦—હે, ભાઇ. એ દીવાળી તો આપણા આત્માને ઓળખવું એનું નામ કહેવામાં આવ્યું છે. ને જેમ નકલની દીવાળીમાં લક્ષ્મીનું પુજન કરવામાં આવે છે તેમ આમાં એનાપતિનું પુજન કરવું પડે છે. તેમાં જેમ સારદા પુજન થાય છે તેમ આમાં શાસ્ત્ર સાંભળવાની ઘણી જરૂર છે. તેવું પુજન કરવું પડે છે. તેમાં જેમ સારાં સારાં ભોજનોની વાનીઓ કરવી પડે છે. તેમ આમાં પણ વૃત, ઉપવાસ તપ, તીરથ, વીગેરે ઘણું કરવાનું હોય છે એમાં જેમ ફટાકડા ફોડવાનું ને દારૂ ઉરાડવાનો હોય છે એમ આમાં પણ પાપરૂપ ફટાકડા ફોડવાના ને અધરમ નામનો દારૂ ઉરાડવાનો હોય છે. એમાં જેમ અન્નકુટ ભરવામાં આવે છે તેમ આમાં પણ સર્વે સારા ગુણો એકઠા કરી તેવો અન્નકુટ ભરવો પડે છે એમાં જેમ દીપમાળાઓ કરી સારી રોશની કરવી પડે છે તેમ આમાં પણ જ્ઞાનરૂપ દીવો પ્રગટાવવો પડે છે. એમાં જેમ એકમેકને મળવા ભેટવાનો ચાલ જોવામાં આવે છે તેમ આમાં પણ પોતાના સ્વરૂપ સાથે ભેટવાનું મળી શકાય છે. હે શિષ્ય સમજ્યો. આનું નામજ ખરી દીવાળી સમજવી. તેથી તેની પ્રાપ્તનીજ વાટ જોઇ લોકો ઉમંગમાં આવી જાય છે તે એનાથી ઉલટી જે દીવાળી કરવામાં આવે છે તે જેમ કોઇ નાટકકારો રાજાનો ખેલ ભજવી બતાવે છે તેવું સમજવું. એથી કંઇ રાજાનું સુખ આવી જતું નથી તેવું સુખ તો તેવી યોગ્યતા મેળવેજ આવવાનું માટે તેવા થવા પ્રયત્ન કરવો એજ મનુષ્ય દેહ ધર્યો મજરે પડ્યો એમ સમજવું.

૧૨૧૦—જે પુરૂષ એમ ન કરી શકે તો એનું જીવતર કેવું સમજવું?

ગુ૦—રોઝ, ઊંટ, શ્વાન, શૃગાર, ગર્ધવ, શિયાળ, રીંછ, ભુંડ વીગેરે ચોપગાં જનાવર જેવું.

શિ૦—તે તો માણસના ઉપયોગમાં આવે છે. ને એમને તો વળી પુંછડી હોય છે. ને આમને તો એમ નથી તો એના જેવાં કેમ કહેવાય ?

ગુ૦—પુંછડી નહી એટલી એમાં ખામી સમજવી.

શિ૦—આપ આગે પેલી બાઇને ગુરૂ કરાવવા હતા. તેથી એમના મુકામે ગઇ હતી. ત્યાં મળ્યા નહી ને બીજા માણસે કહ્યું કે તે તો મધુગીરી માગવા ગયા છે. તો તે મધુગીરી કોને કહેતા હશે ? ને તે કેમ મગાય ?

ગુ૦—સાંભળ ઘેરઘેર ફરી જે ચુપટી માગી લેવામાં આવે છે તેનું નામ એ સમજવું. એ કેવી રીતે લેવી કે મધુ કહેતાં જે ભમરો તે તમામ પુષ્પોનો રસ તેનાથી અધર રહી ફરી ફરીને ચુસી લેછે. ને પોતાની ભુખ મટાડે છે પણ કોઇ પુષ્પને તે બોજા-રૂપ થતો નથી, એમ સાધુઓ પણ બોજારૂપ નહી થતાં ચાલ્યા જાય છે ને અનયાસે જે આવી મળે છે તેમાં પોતાનો નિર્વાહ કરે છે તેથી એનું નામ પેલા ભમરને ઉદ્દેશી પાડવામાં આવ્યું છે. તે સિવાય અટકીને માગી ખાનારા લોકોને સાધુ સમજવા નહી.

શિ૦—શાસ્ત્રોમાં જ્યાં જોઇએ ત્યાં માયાને ઘણીજ ધીક્કારી કાઢવામાં આવી છે ને તેજ માયા એ તો આ સંસાર સરજેલો હોવાથી સૌની માતા થાય તો એની નિંદા કેમ કરતા હશે ? ને તે માયા કોઇને ડુબાડતી હશે ?

ગુ૦—અરે બાપ. મા તે કોઇને ડુબાડે ખરી. પણ આ સંસારમાં જે છોકરાંઓ માની ઝાઝી સોબત કરે છે. તે અંતે માવડીયાં થઇ જાય છે ને પિતાનો સહવાસ છોડી બેસે છે. એથી વેપારમાં કમાણી કરી શકતો નથી એથી જેમ ડુબી જવાય છે એમ માયામાં પણ સમજવાનું છે ને તેથીજ તેની નિંદા કરવામાં આવી છે. ને ખરૂં કહેવરાવે તો તે માયા પણ ઇશ્વર સ્વરૂપજ છે. પણ અજ્ઞાનીઓને બોધ કરવા સારૂ જુદી કલ્પવામાં આવી છે. ને તે થયો તો પછી તારે પણ કોણ ને ડુબાડે પણ કોણ. કારણ કે બન્ને એકજ સ્વરૂપ છે. માટે જેમનું છે તેમનું તેમ સમજવું. કોઇ ડુબતું પણ નથી ને તરતું પણ નથી. તમામ દેખાવ ભ્રાન્તિએ કરી ભાસ્યા કરે છે. એમ સમજવું.

શિ૦—હે વિભો, આપ પ્રથમ કહી ગયા છો કે જ્યાં સુધી તને વહેવારનાં કામો આત્મસ્વરૂપ થયાં નથી ને જગતસ્વરૂપ ભાસે છે ત્યાં સુધી તારામાં કચાશ છે તો તે કામ પાકુ થવામાં કેટલો વિલંબ હશે ?

ગુ૦—હે સુભાગી, શિષ્ય, કંઇ પણ નહી તમામ ઘાટ ઘડાઇ તૈયાર થઇ ગયો છે. માત્ર માર્જન કરવનું કામ બાકી રહેલું છે.

શિ૦—તો તે કામ રાખી મુકવામાં કેમ આવ્યું છે.

ગુ૦—ફક્ત તારા કહેવાનીજ રાહ જોઇ રહ્યો છું.

શિ૦—એમ હોય તો હવે મારૂં પોતાનું આત્મસ્વરૂપ ઓળખવા કૃપા કરશો ?

ગુ૦—હે બાપ એક ચિત્તે સ્વસ્થ થઇને પુર્વે જે તારૂં મન તે મને અર્પણ કરેલું હતું તે મન સાચવવા સ૨ રૂ ફરીથી મેં તને સોંપેલું છે તે તું મારૂં જાણી મને પાછું સોંપી દે એટલે તું તારૂં આત્મ-સ્વરૂપ એના મેળેજ ઓળખી શકીશ. તેવો ઉત્તર ગુરૂના મુ-ખમાંથી નીકળતાની સાથે પોતાની પાસે વીચાર કરવાનું બીજું કંઇ પણ સાધન નહી રહેવાથી તમામ વાસનાઓ નિર્મુળ જેવી થઇ ગઇ ને એકદમ શાન્ત સ્વરૂપ સ્થંભની પેઠે હાલ્યા ચાલ્યા વગર મુંગા મ્હોડે ઉભો રહ્યો તેવી દશામાં એક મુહુર્ત જેટલો વખત ચાલી ગયો પણ તેના શરીરમાં કંઇ પણ ફેરફાર જોવામાં આવ્યો નહી. એક રોમાંચ સરખુ પણ હાલતું દેખાયું નહીં પછી તે મહાત્મા બોલ્યા કે લે અગારૂં મન તને વિચાર કરવા સારૂ ફરીથી પાછું આપું છું તે વડે તને થયેલો અનુભવ મને કહી સંભળાવ્ય ?

શિ૦—ધન્ય છે, ધન્ય છે, કૃપાળુ ગુરૂદેવ આપની અગાધ બુદ્ધિને કે મારા જેવા પામરને મોટા અલભ્યમાં અલભ્ય સુખનો લ્હાવો લેવડાવ્યો. ને મને મારૂં પોતાનું આત્મસ્વરૂપ ઓળખાવ્યું એમાં મે જે કંઇ જોયું તેમાં તો કંઇ પણ જુદુંજ નહોતું. સર્વત્ર એકજ સ્વરૂપ અમાપ ને અર્વણીય હતું તેથી તેનું વર્ણન કંઇ કરી શકતો નથી પણ તેમાં મને જે જે આનંદ થતો હતો તે દૈવીને અલૌકીકજ હતો તે હું પોતેજ જાણું છું પણ બીજું નહી તો કહેવું કોને ત્યાં તો તમો ને હું ને આખું બ્રહ્માંડ એકે નથી એટલે કહે કોણ ને સાંભળે પણ કોણ તેવું તે શાન્ત સ્વરૂપ, સર્વોત્તમ, અભેદ, સુખ છે તે સુખનો લ્હાવો મેં આપની

કૃપાથી લીધો છે તેથી મારો આનંદ કંઇ પણ સમાયો સમાતો નથી. અવધી, અવધી, અવધી.

ગુ૦—હે બાપ, એવી રીતે આ જગતમાં જે જે વસ્તુઓ છે તે તમામ તેજ સ્વરૂપ છે. તેવું સમજી કલેશ રહીત થઇ મારી બનાવેલી નીતિ પ્રમાણે શાસ્ત્રને અનુસરી વર્તજે એટલે તને દુનિયાંના તમામ વહેવાર કરતા છતાં કોઇ પણ અંતરાયરૂપ થશે નહી. એજ મારી સર્વોત્તમ આશીષ છે. બોલ્ય શ્રી સચરાચર વ્યાપિક ઈશ્વરકી જય. શાન્તિ. શાન્તિ. શાન્તિ. અખંડ શાન્તિ.

દોહરો—(રાગ પ્રિતમના મહીનાનો)

શિષ્ય તણો સંશય ટળ્યો, બુઝાણી બધી આગ્ય.
કરમ બળી ઢગલો થયાં, જોવા ન મળે જાગ્ય—શિ-૧
ભ્રાન્તિના ભુકા થયા, કલેશ થયો સૌ દુર.
અજ્ઞાન અંધારૂં ભાગીયું, હરી જોયો હજુર—શિ. ૨
સત્સંગ સુરજ ઉગીયો, ગુણ હીણી ગઇ રાત.
પ્રપંચ પડદો ફાટી ગયો, જોઇ લીધી નિજ જાત—શિ. ૩
જેમ મીઠું જળમાં મળે, પાળો પાણીની માંહ.
સાકર દુધ થયાં એકઠાં, બાકી શું રહે ત્યાંહ—શિ. ૪
થઇ જીવ શીવની ઐકયતા, ભાગી ગયો સબ ભ્રમ.
ઓળખ્યો પોતાનો આત્મા, જાણ્યો જગતનો મર્મ—શિ. ૫
પુન્ય પાપ પ્રલે થયાં, તીર્થ વ્રત થયાં ફોક.
એવો શિષ્ય આ આ વિશ્વમાં, નિપજવાનો તે કોક—શિ. ૬
જાંણ્યો પોતાનો આત્મા, જાણ્યો સંસારનો સાર.

જીવને આપ અમરાપુરી, પહોંચ્યો તે નિરધાર—શિ. ૭
સંવત ઓગણીસ છકોતરો, રૂડો કાર્તિક માસ.
અન્નકુટની એકમ દીને, પાતી ઉરની તે આસ—શિ. ૮
ભલો વાર ભ્રગુ તણો. અમૃત ચોઘડીયું સાર.
પ્રતાપ ગુરૂ પ્રેમી તણો, ઇશ્વવનો આધાર—શિ. ૯
ગામ ધીણોજનો ભાવસાર, જીવો જગમાં છે નામ;
ગુરૂ ગામ આવી હાથમાં, એથી કીધું આ કામ.—શિ. ૧૦
નથી કીધું સ્વારથ સાધવા, નથી રળવા મહી દામ;
સેતું બાંધી સૌને ચાલવા, મળવા મોક્ષ મુકામ.—શિ. ૧૧
શાણા સમજુ હરિજનો, કોઈ નવ દેશો ખોડ;
એકવાર સૌ બોલજો, જય જય શ્રી રણછોડ.—શિ. ૧૨

છપ્પો.

ગામ ધીણોજમાં રહુ, ભાવસાર જ્ઞાતિમાં વાસ;
જીવો નામ જગત કહે, છું હરીજન કેરો દાસ.
બળદેવજીનો બેટડો, બ્હેનકોર તે મુજ માત;
ગુરૂ તો ગોવિંદ સ્વરૂપ છે, ભગવાનદાસ નિજભ્રાત.
ભગવાનદાસ નિજભ્રાત, છે વિવેકી લઘુ વીરા;
સુતનુ છે લાલભાઇ નામ, પુત્રી એક નામ છે હીરા.

દોહરો.

નટવર નામે નાનડો, છે પુત્રતણો ઘેર પૂત્ર;
મણી માત એની સહી, સારૂ શોભે ઘર સૂત્ર
મન માવતને મારજ્યો, ક્ષમા ખણુ લેઈ હાથ;
જીવો કહે જમાન હું, મીલેગો દીનાનાથ.

સમાપ્ત.

શ્રી.

વૈદકના ઘરઘતુ ઉપાયો.

દોહરો.

વાંચો વિરવૈદકને, ખાસ પહેલું એ કામ;
જીંદગી જાય સુધરી, બચે અમુલ્ય તે દામ. ૧

શરીર સારૂ હોય તો, સુજે સરવે કામ;
ઘર ધંધો ખાંતે કરે, લે ઇશ્વરનું નામ. ૨

સાચુ સુખ શરીરનું, ફોગટ બીજા ઉધામ;
વીસવાસે વૈદુ કરો, કરે રક્ષા શ્રીરામ. ૩

આરોગ્ય સૌથી અધિક છે, જોડે ઝાઝા દામ;
પરમાર્થ પ્રિતે કરે, મળે મોક્ષ મુકામ. ૪

૧. **રોજનો તાવ**—ફુદીનો તથા તુળશીનો કવાથ કરીને પીવાથી ઊતરી જાય છે.

૨. **પ્રમેહ**—આવળનાં કુમળાં પાંન સવાર સાંજ એક તોલા સાકર સાથે મિશ્ર કરી સવાર સાંજ ખાવાથી પ્રમેહ, તણુખ તથા દાહ મટે છે.

૩. **માથાનો ભાર**—કળીચુનો તથા નવસાર સેરખે વજને લઈ તેનું ચુર્ણ કરી કાચની શીશીમાં ભરી હલાવી શુંઘવાથી ભાર તુરત ઉતરે છે.

૪. **દાંતના પારામાંથી લોહી નીકળતુ**—નારંગી ચુસવાથી બંધ થાય છે.

૫. **ઉલટી**—બીલીની છાલનો ઉકાળો મધ નાખી પીવાથી મટે છે.

૬. **આંખનું પડળ**—રીસામણીનો રસ તથા ઘોડાનું મુત્ર મિશ્ર કરી અંજન કરવાથી આંખનું પડળ મટે છે.

૭. **વા**—લસણુની છોલેલી કળીઓ તોલા ૪ શેકેલી હીંગ, જીરૂ, સીંધાલુણ, સંચળ, શુંઠ, મરી અને પીપળ દરેક અકેક માસો લઈ તેનું ચુર્ણ લશણુ સાથે ઘુંટવું અને પછી પાવલી પાવલી ભારની ગોળીઓ કરી અકેક ગોળી સ્હવાર સાંજ ખાઈ ઉપર દીવેલા (એરંડ મુળ) ના મુળનો ઉકાળો પીવાથી સર્વ પ્રકારના રોગ, પક્ષાઘાત, ઉરૂસ્તંભ કટીશુળ, પડખાનું શુળ, પેટના કૃમી, વાયુ તથા સર્વ શરીરનો વા મટી જાય છે.

૮. **આંખ દુઃખવી**—જેઠીમધ, લોદર, ફુલાવેલી ફટકડી તથા રસવંતી સરખે ભાગે પાણીમાં વાટી આંખનાં પોપચાં ઉપર ચોપડવાથી દુખવા આવેલી આંખ મટે છે.

૯. **કર્ણશુળ**—સરસીઆ તેલનાં ટીપાં કાનમાં નાંખવાથી કર્ણ શુળ મટે છે. અથવા ડમરાનાં પાનના રસનાં ટીપાં પાડવાં.

૧૦. **ચુંક**—શુંઠને ઘીમાં તળીને ચુર્ણ કરી તેની ફાકી કરવાથી મટે છે.

૧૧. **ચોથીઓ તાવ**—સાટોડીના મુળનું ચુર્ણ તોલો ૦ાા દુધ સાથે ખાવાથી મટે છે.

૧૨. **સળેખમ**—હળદરની ધુમાડી લેવાથી તુરત મટી જાય છે.

૧૩. **ગુમડાં**—ધોએલા ઘીમાં ગળી મિશ્ર કરી ઘારાં પર ચોપડવાથી રૂઝ લાવે છે.

૧૪. **ખરજવું**—પીતપાપડો, હડતાલ, તથા મનશીલને જીણું વાટી ધોએલા ઘીમાં મેળવી મલમ બનાવી ખરજવા પર ચોપડવાથી મટી જાય છે.

૧૫. **દાદર**—કુંવાડીઆના બીજને લીંબુના રસમાં જીણાં વાટીને ચોપડવાથી દાદર મટે છે.

૧૬. **જુ**—કારી જીરી લીંબુના રસમાં વાટી માથાના વાળમાં લગાવવાથી જુ તથા લીખો મટી જાય છે.

૧૭. **ગુમડામાં પડેલા જીવ**—કણજીનાં પાન લીંબડાના પાન અને નગોડનાં પાનને વાટી લેપ કરવાથી ગુમડામાં પડેલા જીવ મરી જાય છે,

૧૮. **બાળપુસ્ટી**—આસન, કાળાતલ, તથા ખજુરને મિશ્ર કરી તેનાં વડાં કરી ઘીમાં તળીને ખવરાવવાથી અથવા આસનનું ચુર્ણ સાકર સાથે ખવરાવવાથી નબળાં દુબળાં અને ઠીંગણાં બાળકો શરીરે પુષ્ટ થાય છે.

૧૯. **સ્ત્રીની છાતીમાંથી ધાવણ ચડી આવે તો**—ઇંદ્રવારૂણીનાં મુળ વાટીને તેનો જાડો લેપ કરવાથી થનારી પીડા મટે છે.

૨૦. **ગાલ પચોળા**—આ રોગ બાળકોને થાય છે એ રોગ ચેપી છે ગાલ સુજી જાય છે. અને ઘણીક વખતે થોડી તાડ આવી તાવ આવે છે વખતે ગાલ પરની ગાંઠોમાં દરદ થાય છે તે ચાર પાંચ રોજે મટી જાય છે તેનો ઉપાય—એક હલકો જુલાબ આપવો. ગાંઠો ઉપર શેક કરવો. ખોરાક હલકો આપવો તેના ઉપર ચોપડવાની દવા સોનાગેરૂ, રાસ્ના સુંઠ બીજોરાનાં મુળ તથા અરણીનાં મુળ પાણીમાં વાટી ચોપડવું.

૨૧. **હેડકી**—ફટકડી ફુલાવેલી રતી ૮ ખાય તો તેથી હેડકી બંધ થાય છે.

૨૨. **મસા**—પાપડીઓ ખારો ફુલાવેલો તેની બરોબર કળીચુનો મેળવી તેના ત્રીજા ભાગે ડુંગળી નાખી પછી તે બારીક વાટી—મસા ઉપર ચોપડવાથી મોંના કે માથા ઉપરના મસા ખરી પડે છે બીજો ઉપાય—નાગરવેલના પાનમાં કાથો તથા ચુનો ચોપડી મસા ઉપર જોરથી ઘસવાથી બે મીનીટમાં મસા ખરી પડે છે આ ઉપાય અનુભવેલો છે.

૨૩. **શુળ**—હરડાં, બેડાં, કડુ, ગરમાળાનો ગોળ એનો ઉકાળો કરી સાત દીવસ પીવાથી ચુંક મટે છે અથવા હીમજ, અતિવીશ, હીંગ, સંચળ, ઇંદ્રજવ એ સરખે ભાગે લઈ ૦ાા તોલો ગરમ પાણી સાથે પીવાથી મટે છે.

૨૪. **કોલેરા**—સુકાં મરચાં ને મીઠું ઉકાળીને અડધા અડધા

કલાકે પીવાથી કોલેરા બંધ થાય છે. કોલેરા વાળાને અફીણવાળી દવા આપવી નહી.

૨૫. **રતાંધળાપણું**—ડોડીની ભાજી પાણીમાં બાફી સવાર તથા સાંજે નરણે કોઠે નવટાંક પાણીમાં પીવાથી પંદર દીવસમાં આરામ થાય છે બીજુ અરીઠાના મીંજને પાણીમાં ઘસી આંખમાં આંજવાથી આરામ થાય છે.

૨૬. **દાંતનું દરદ**—કપુરને અફીણ મેળવી દાઢમાં ભરવાથી મટશે. બીજો ઉપાય—લવીંગ તથા પીપરમીંટના તેલના પુમડાં પોલી દાઢમાં ભરવાથી દાઢ દુઃખતી બંધ થાય છે. ત્રીજો ઉપાય—દાંતનું મંજન કાથો તોલા ૨ મોથ તોલો ૧ કપુર તોલો ૦ ચાક તોલા ૪ બાવળની છાલ તોલા ૨ સર્વે વાટી દાંતે ઘસવાંથી મટે છે દાંત કરતા પણ બંધ થાય છે.

૨૭. **વરાધ**—આકડાનાં મુળીયાંની છાલનો ભુકો ૨૦ ઘઉં ભાર ધોળી ખાંડ ૨૬ ઘઉં ભાર લેઈ મિશ્રણ કરી તેમાંથી ૫ ઘઉં ભાર ચાર ચાર કલાકે પાવું. છાતી ઉપર અજમાનો શેક કરવો.

૨૮. **આંચકી**—ટંકણખાર ફુલાવીને વાલ ૧ ધાવણમાં મેળવી આપવો બીજો ઉપાય—ગોરોચન ઘશીને પાવું.

૨૯. **કુતરાનો હડકવા**—કુકડવેલને પાણીમાં વાટી નવટાંક પાણી પાવાથી ઉલટી થશે ને ઝેર નીકળી આરામ થશે (ઉપાય આકરો છે. ઉલટી ઝાડા સખ્ત થશે પણ દરદ જોખમ ભરેલું છે. માટે આ ઉપાય કરતાં ડરવાની જરૂર નથી.)

૩૦ **રતવા**—જુના વાંસની ગાંઠ ઘસી ચોપડવાથી અગ્ની શાન્ત થાય છે પછી હેમકંદ, રતવેળીઓ કાળો હંશરાજ ચીનીકબાલા, વાળા સુખડ, સોનાગેરૂ, વિગેરે ચોપડવાથી આરામ થાય છે.

૩૧. **દમ**—એળીઓ મધ સાથે ચાટવાથી ફાયદો થાય છે.

૩૨. **મોંઢાના ખીલ**—મઠનો લોટ સરસીયામાં ભીંજવી મોંઢા ઉપર ચોપડવાથી ખીલ મટે છે.

૩૩. **મરડો**—અરડુસો તોલા ૧) સાકર સાથે દુધમાં પીવાથી મટે છે.

૩૪. **ગળુ પડવું**—સીંધવ, વજ, બાવચી, હળદર, મરી, પીંપળ, મધ, સાથે ચટાડવાથી આરામ થાય છે.

૩૫. **આધાશીશી**—વજ, પીંપર, મરી, સુંઠ, પાણી સાથે વાટી સુંઘવાથી મટે છે.

૩૬. **હરસ**—અફીણ તોલો ા માયાં ફળની ભુકી તોલો ૧ માખણ તોલા ૩ મેળવી ચોપડવાં અથવા મરી તોલો ૧ સુંઠ તોલા ૩, પીપળ તોલા ૨, ચીત્રો તોલા ૪, સુરણ તોલા ૧૬, એ સર્વની ગોળમાં ગોળી કરી ખાવાથી આરામ થાય છે. મીઠાનું પાણી ચોપડવાથી મુળમાંથી ખરી પડે છે.

૩૭. **જુની ખાંસી**—હળદરના આખા ગાંઠીઆ દશ બાર લઇને ગાય દોવાના ઠામમાં મુકીને તેના ઉપર ગાય દોવી, પછી તે દુધને હળદર સાથેજ ગરમ કરવું. દહી મેળવવું. છાશ કરવી અને છાશ થઈ ગયા પછી તેની અંદરના હળદરના આખા ગાંઠીઆ કાઢી લઈ તેના કમળ કાકડી જેવડા કકડા કરવા, આવા કટકા સવારથી સાંજ સુધીમાં પાંચ છ ખાઈ જવા, પાંચ દીવસ ખાવાથી જુની ખાંસી પણ મટે છે.

૩૮. **જોડા લાગવો**—જોડા પહેરવાથી ઓડણ પડે છે ને ફોલ્લા પડે છે તથા પાકી પણ જાય છે. આ ઓડણ ઉપર વાંસની લાકડીને

પથ્થર ઉપર પાણી સાથે ઘસીને લગાડવાથી ત્રણ દીવસમાંજ મટી જાય છે, મટે ત્યાં સુધી જોડા ન પહેરવો.

૩૯. **હરસના મસા**—હાથલાથોરના લાલ ડોડવાનો રસ તોલા ૨, રોજ બે વખત ત્રણ દીવસ સુધી પીવાથી મસા નરમ પડે અને સાત દીવસ સુધી પીવાથી મસા ફરીને ઉપડે નહિ.

૪૦. **ધાતુ પુષ્ટીનો પ્રયોગ**—કુંગરીનો ૧ ગાંઠીઓ ૨ થી ૩ તોલા વજનનો લઈ તેના બે ચીરા કરવા પછી તે બુડે એટલું ઘી એક કડાઈમાં મૂકીને આ બે ચીરીયાં ઘીમાં મુકુવાં. તેના ઉપર એક ચપોચપ વાસણ ઢાંકીને કોરની આસપાસ ઘઉંની કણેક લગાડવી, જેથી વરાળ બહાર જઈ શકે નહિ. તે કડાઈ ચુલા ઉપર રાખીને અરધા કલાક સુધી ધીમો ધીમો તાપ આપીને ચીરીયાં તળવાં પછી તે તળેલાં ચીરીયાં ઠરે એટલે ખાઈ જવાં અને તેનું બાકીનું ઘી રોટલીમાં ખાવું. ખોરાકમાં રોટલી, ઘી, દુધ, સાકર સિવાય બીજું કાંઈ ન ખાવું, સાત રોજ ખાવાથી ધાતુ પુષ્ટી થાય, આ ઉપાય શિયાળામાં કરવાથી સારો ફાયદો થશે.

૪૧. **પ્રદર રોગ**—વડની લીલી છાલ તોલા ૧૦ અને ગાયનું દુધ તોલા ૨૦ બન્નેને મેળવીને વાટીને રસ લુગડેથી છણી લેવો. તે તૈયાર થએલું દુધ પીવું. ત્રણ દીવસ સુધી બબે વાર પીવાથી પ્રદર મટે છે. રૂતુના સમયમાં પીવાથી અનિયમિત રૂતુ તથા ગર્ભસ્થાનને સુધારે છે.

૪૨. **પથરી**—જુની ઈટનો ભુકો ૫ વાલ અને ખાંડ ૧૫ વાલ બન્નેને મેળવી દરરોજ ખાવાથી પથરી મટી જશે.

૪૩. **રગતપીત**—લીમડાના મુળની છાલ ૦ા તોલો, સાકર ૦ા

તોલો અને ગાજરનો રસ ૨ા તોલા મિશ્ર કરી સ્હવારમાં પીવાથી રગતપીત ચાર દિવસમાં મટે છે.

